સ્વચ્છ સર્વેક્ષણ 2019

રાજકોટ મહાનગરપાલિકા, ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ.
મુખપત્ર : અંક-૧૭, જુલાઈ-૨૦૧૮

# વાઈબ્રન્ટ રાજકોટ

**સૌની યોજના | નર્મદા નીરનું આજી-૧માં ભગીરથી અવતરણ**



## આજી ડેમમાં નર્મદાના નીરને વધાવતા વડાપ્રધાન માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી



માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન-૨૦૧૭ વિશે મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની પાસેથી માહિતી મેળવી હતી.

## રાજકોટમાં માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અવિસ્મરણીય રોડ શો



## રાજકોટ આઈ-વે પ્રોજેકટનું માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈના હસ્તે લોકાર્પણ





રાજકોટ મહાનગરપાલિકાનું 'સ્માર્ટ સિટી'નું વર્ષ ૨૦૧૮-'૧૯નું
**રૂા.૧૭૯૯.૩૩ કરોડનું બજેટ**

## અટલ સરોવર ખાતે નવા નીરની પૂજનવિધિ કરતા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી



રેસકોર્ષ-૨ ખાતે ઘનિષ્ઠ વૃક્ષારોપણ

# જથા વિશ્વ યોગ દિવસની ઉજવણી



ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સંયુકત રાષ્ટ્ર સંઘની બેઠકમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવતા પ્રસ્તાવના અનુસંધાને ડીસેમ્બર-૨૦૧૪ માં સંયુકત રાષ્ટ્રસંઘની બેઠકમાં ૨૧ જુન ''આંતરરાષ્ટ્રીય યોગા દિવસ'' નકકી કરવામાં આવેલ, જેના અનુસંધાને ૨૧ જુન ૨૦૧૫થી વિશ્વ આંતરરાષ્ટ્રિય યોગા દિવસની ઉવજણી કરી રહયું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા પાંચ વિસ્તારો જેમ કે રેસકોર્ષ મેદાન, નાનામવા સર્કલ પાસેનું મેદાન, રણછોડદાસજી આશ્રમ સામેનું મેદાન, બોલબાલા માર્ગ (પારડી રોડ), તેમજ સાધુવાસાવણી રોડ, પરના મેદાનમાં યોગ યોજવામાં આવેલ હતું.

રેસકોર્ષ મેદાન ખાતે રાજયના અન્ન નાગરિક પૂરવઠાના માન. મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા, માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, જીલ્લા કલેકટર ડૉ. રાહુલ ગુપ્તા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, N.C.C.ના બ્રિગેડીયર અજીતસિંહ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઇ વાગડિયા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મનિષભાઇ રાડીયા, એકવા યોગના માર્ગદર્શકશ્રી વંદનાબેન ભારદ્વાજ, આર્ટ ઓફ લીવિંગના એપેક્ષ મેમ્બરશ્રી નિલેશભાઇ ચંદારાણા તથા સંગઠનના હોદ્દેદારશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહેલ.

સાધુ વાસવાણી રોડ પરના મેદાન ખાતે સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્યશ્રી લાખાભાઇ સાગઠીયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, સ્ટે. કમિટી પૂર્વ ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, ડે. કમિશનરશ્રી જાડેજા સાહેબ, કોર્પોરેટરશ્રી રૂપાબેન શીલુ, શ્રી અશ્વિનભાઇ ભોરણીયા, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી અંજનાબેન મોરજરીયા, શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઇ પુજારા, ભાજપ વોર્ડ પ્રમુખશ્રી જયસુખભાઇ કાથરોટીયા, રજનીભાઇ ગોલ તેમજ સંગઠનના હોદ્દેદારો વિગેરે ઉપસ્થિત રહેલ.

બોલબાલા માર્ગ (પારડી રોડ) મેદાન ખાતે ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, પૂર્વ મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઇ કોઠારી, ડે. કમિશનરશ્રી ગણાત્રા, કોર્પોરેટરશ્રી કિરણબેન સોરઠીયા, વર્ષાબેન રાણપરા, શ્રી અનીતાબેન ગોસ્વામી, શિક્ષણ સમિતિ સભ્યશ્રી મુકેશભાઇ મહેતા તેમજ સંગઠનના હોદ્દેદારો વિગેરે ઉપસ્થિત રહેલ હતાં.




રણછોડદાસજી આશ્રમના સામેના મેદાન ખાતે ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી કિશોરભાઇ રાઠોડ, શાસકપક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, કોર્પોરેટરશ્રી પરેશભાઇ પીપળીયા તેમજ સ્થાનિક સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહેલ હતું.

નાના મવા સર્કલ પાસેના મેદાન ખાતે શહેર ભાજપના ઉપપ્રમુખશ્રી પ્રફુલભાઇ કાથરોટીયા, મંત્રીશ્રી મુકેશભાઇ રાઠોડ, શ્રી રઘુભાઇ ધોળકિયા, વોર્ડ નં. ૮ના પ્રભારીશ્રી નીતિનભાઇ ભૂત, પૂર્વ કોર્પોરેટરશ્રી અશ્વિનભાઇ પાંભર, શિક્ષણ સમિતિ સદસ્યશ્રી કિરણબેન માંકડિયા, શ્રી અલ્કાબેન કામદાર, ભાજપ અગ્રણીશ્રી શૈલેષભાઇ ડાંગર, શ્રી ડી. બી. ખીમસુરીયા તેમજ સંગઠનના હોદ્દેદારો સ્થાનિક આગેવાનો વિગેરે ઉપસ્થિત રહેલ હતાં. ઉપરોકત તમામ સ્થળોએ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવેલ તેમજ માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના યોગ અંતર્ગત શુભેચ્છા સંદેશ સીડીનું નિદર્શન કરવામાં આવેલ ત્યારબાદ આર્ટ ઓફ લીવીંગ, પતંજલિ તેમજ ઓમ શાંતિના યોગ ગુરુઓ દ્વારા જુદા જુદા યોગ કરાવવામાં આવેલ હતાં.

આજરોજ યોજાયેલ યોગ દિન નિમિતે રેસકોર્ષ મેદાન ખાતે મેયરશ્રી બિનાબેન આચાર્ય, સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી નીતિનભાઇ ભૂત વિગેરે મહાનુભાવો દ્વારા યોગ દિનની શુભેચ્છાઓ પાઠવી હતી. કેબિનેટ મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા, માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, સાંસદશ્રી મોહનભાઇ કુંડારીયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઇ મોલિયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઇ જાગાણી, પૂર્વ મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, રાજકોટ શહેર ભાજપશ્રી કિશોરભાઇ રાઠોડ, શ્રી દેવાંગભાઇ માંકડ, અધિકારીઓમાં મ્યુનિ. કમિશનર, જીલ્લા કલેકટર, ડી.ડી.ઓ., ડે. કમિશનર તમામ મહાનુભાવોએ પણ યોગ કરેલ છે.

# રૂપરેખા


- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશ્વ યોગ દિનની ઉજવણી....૨
- સૌની યોજના : આજી ડેમ ખાતે નર્મદાના નીરના વધામણા કરતાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી : રાજકોટમાં વડાપ્રધાનશ્રીનો રોડ શો ..........................૪
- મોરબી રોડ ઉપર ઓવરબ્રિજનું લોકાર્પણ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વોર્ડ નં. ૪ સ્માર્ટ ઘર-૫, સ્માર્ટ ઘર-૬, વોર્ડ નં. ૧૪ સ્માર્ટ ઘર-૪ સહિતના કુલ ૨૬૫૬ આવાસોનું ખાતમુહૂર્ત કરતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી.................૧૦
- રૈયાધાર ખાતે નિર્માણ પામેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ, મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્રનું ખાતમુહૂર્ત કરતા માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ..............૧૨
- રાજકોટ આઇ-વે પ્રોજેકટનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે લોકાર્પણ.........................................૧૪
- સ્માર્ટ સિટીમાં રાજકોટનો ત્રીજા ક્રમે સમાવેશ અને વોર્ડ નં.૬માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી ...........૧૬
- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજિત ‘‘ગાર્ડન અકિઝબિશન-ફ્લાવર શો’’નું માન. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન.................૧૮
- મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર, શહેર પોલીસ, માર્ગ અને મકાન વિભાગ, સૌરા. યુનિ. તથા ‘રૂડા’ના રૂા.૨૮૬ કરોડના વિવિધ વિકાસ કામોનું માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત-લોકાર્પણ...............૨૦
- રાજકોટમાં ઐતિહાસીક રેકોર્ડસર્જક ફૂલ મેરેથોન................૨૨
- મહાનગરપાલિકા, સ્પોર્ટ્સ ઓથોરિટી, જિલ્લા વહીવટી તંત્ર, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા ‘રૂડા’ના રૂા.૨૫૬ કરોડના વિકાસ કામોનું મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત-લોકાર્પણ .........................................૨૪
- રૂા.૨.૬૭ કરોડના અદ્યતન કોમ્યુનિટી હોલનું અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગના મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત..........................................૨૭
- રાજકોટ મહાનગરપાલિકાની ‘સ્માર્ટ સિટી’ તરફની વિકાસ યાત્રાને વેગ આપતું વર્ષ ૨૦૧૮-’૧૯નું રૂા.૧૭૬૯.૩૩ કરોડનું બજેટ..................................૨૮
- હેકેથોન-૨૦૧૭ .............................................૩૯
- સુજલામ સુફલામ જળ સંચય અભિયાન-૨૦૧૮ ‘અટલ સરોવર’ પ્રોજેકટનું ખાતમુહૂર્ત તળાવ ઉંડું ઉતારવાની કામગીરીનો શુભારંભ : રેસકોર્ષ-૨માં ડેવલપમેન્ટ..૪૨
- મહાનગરપાલિકા, રૂડા, માર્ગ અને મકાન વિભાગ, શહેર પોલિસ વિભાગનું માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે જુદા જુદા કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ .......૪૪
- અટલ સરોવર ખાતે નવા નીરની પૂજનવિધિ અને રેસકોર્ષ-૨ ખાતે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ઘનિષ્ઠ વૃક્ષારોપણ ...........................................૪૬


# આ અંકના અવસરે...



રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીના સહકાર સાથે રાજકોટ શહેરની વિકાસ યાત્રાને ઝડપી ગતિ પ્રદાન થઇ છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ તેમજ અન્ય કેટકેટલાય નિર્ણયો શહેરના વિકાસમાં મહત્વપૂર્ણ પૂરવાર થઇ રહયા છે. રાજકોટ શહેર કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી મિશનમાં સમાવિષ્ટ થતા ક્રમશઃ અસંખ્ય પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. છેલ્લા એક-દોઢ વર્ષમાં રાજકોટ માટે ઐતિહાસિક કહી શકાય તેવા કેટલાક પ્રોજકટ સાકાર થયા છે અને જયારે કેટલાક પ્રોજેકટ થવા પૂર્ણ થવા ભણી આગળ ધપી રહયા છે. જેમ કે, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને દેશનાં વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીની અત્યંત મહત્વકાંક્ષી એવી ‘સૌની યોજના’ હેઠળ રાજકોટ શહેરનાં આજી-૧ જળાશયમાં નર્મદાના નીરનું અવતરણ કરાવવાનું ભગીરથ કાર્ય અસાધારણ ઝડપે પૂર્ણ કરવાનું શ્રેય રાજકોટના પનોતા પૂત્ર અને માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને જાય છે. તેઓએ આ યોજના થકી રાજકોટની જળ સમસ્યાને ભૂતકાળ બનાવી દીધી છે. માન. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટમાં એક સૈકાથી વધુ સમય પૂર્વે રાજાશાહી વખતમાં બનેલા લાલપરી-રાંદરડા તળાવ બાદનું પ્રથમ નવું તળાવ શહેરના પશ્ચિમ ઝોનમાં વિકસીત કરાવ્યું છે. આ તળાવને ‘અટલ સરોવર’ નામાભિધાન કરાયેલ છે. માત્ર એટલું જ નહિ રૈયા વિસ્તારમાં નવા રિંગ રોડ પાસે રેસકોર્સ-૨ પ્રોજેકટ પણ હાથ ધરી રાજકોટ મહાનગરપાલિકાએ શહેરને એક બેનમુન ભેટ ધરી છે. ‘સ્માર્ટ સિટી મિશન’ હેઠળના વિવિધ પ્રોજેકટ પૈકી ‘રાજકોટ આઇ-વે પ્રોજેકટ’ (સીસીટીવી સર્વેલન્સ) પણ પૂર્ણતાના આરે પહોંચી ગયો છે. રાજકોટ અને રાજય માટે ગૌરવની વાત છે કે, માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને વિશ્વ બેંકે પણ આ પ્રોજકટની ભરપૂર સરાહના કરી છે. સરકારશ્રીના સહયોગ સાથે અન્ય એક ઐતિહાસિક પ્રોજેકટ ‘મહાત્મા અનુભૂતિ કેન્દ્ર’ પ્રોજેકટ તથા ઓવરબ્રિજ અને અંડરબ્રિજના અન્ય પ્રોજેકટ પણ આગળ ધપ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાએ ઉદયમાન રાજકોટની વિકાસ પ્રક્રિયાને અપ્રતિમ ગતિ પ્રદાન કરી છે. સૌનો સાથ મેળવી સૌનો વિકાસ સાધવામાં તંત્ર સફળ થશે તેવી મને આશા છે.

**– બંછાનિધિ પાની** I.A.S.
**કમિશનર**


- **સંપાદક અને પ્રકાશક**:– **બંછાનિધિ પાની,** I.A.S., કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા
- **સંપાદન** :– **એચ. પી. રૂપારેલીઆ, ભૂપેશ ટી. રાઠોડ**
- **સંકલન**:– **કે. એચ. હિંડોચા, સી. એન. રાણપરા, આર. એન. ચુડાસમા, જે. પી. રાઠોડ, શૈલેષ મહેતા**
- **કાર્યાલય**:– સામાન્ય વહીવટ વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા, ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.
- **સંપર્ક**:– **ફોન** : ૦૨૮૧-૨૨૨૩૮૪૨/૪૩, **ફેકસ** : ૦૨૮૧-૨૨૨૪૨૫૮, **E-mail :** mc_rmc@yahoo.co.in, **Website:** www.rmc.gov.in
- **મુદ્રક** :– મારૂતિ પ્રિન્ટર્સ-રાજકોટ. મોબાઇલ : ૯૮૯૮૦ ૨૪૮૩૫


**RMCની સેવાઓ કે કામગીરી બાબતે ફરિયાદ કરવા 24 X 7 કોલ સેન્ટર નં. 2450077 નો સંપર્ક કરવા વિનંતી.**

# રાજકોટમાં માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો અવિસ્મરણીય રોડ શો



## ■ ૯ કિલોમિટરના રૂટ ઉપર ૩૦૦થી પણ વધુ સામાજિક સંગઠનો, શૈક્ષણિક તથા સેવાભાવી સંસ્થાઓ જોડાઇ

## ■ રોશનીની શણગારાયેલા રાજમાર્ગો પર લોકોની ભીડ ઉમટી

સમગ્ર રાજકોટ શહેર જેની બહુજ આતૂરતાપૂર્વક રાહ જોઇ રહી હતી તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો શાનદાર રોડ શો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

રાજકોટવાસીઓ માટે 'ન ભુતો ન ભવિષ્યતિ' જેવો સોનેરી દિવસ બની ગયો હતો. રાજકોટમાં આવેલા પોતીકા ગણી શકાય એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને વધાવવા માટે તંત્ર તો ખરૂ પરંતુ શહેરીજનો પણ ભારે આતુર હતા. આજીડેમ સર્કલથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે આરંભ થયેલા રોડ-શોમાં આજીથી એરપોર્ટ રૂટ સુધી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને નિહાળવાનો મોકો મળે તો હસ્તધૂનન કરી શકાય તેવી આશા સાથે હજારો લોકોએ સમયની પરવા કર્યા વગર તેમનો ઈન્તજાર કર્યો હતો. આખરે લોકોને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને નિહાળવાની તક મળી હતી.

રાજકોટમાં આજી ડેમ ચોકડીથી એરપોર્ટ સુધી ૯ કિલોમીટર લાંબા રાજમાર્ગ ઉપર હજારોની સંખ્યામાં ઉપસ્થિત ઉત્સાહિત નગરજનોનું વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઇએ અભિવાદન ઝીલ્યું હતું. રોશનીની શણગારાયેલા આ રાજમાર્ગ ઉપર લોકોની ભીડ ઉમટી પડી હતી અને હર્ષની ચિચિયારીઓ સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભઇ મોદી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પુષ્પવર્ષાથી વધાવી લીધા હતા. રાજકોટ શહેરના ઈતિહાસમાં આ રોડ શો અદ્ભૂત અને અવિસ્મણીય બની રહ્યો છે.

## હર્ષની ચિચિયારીઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇને પુષ્પવર્ષાથી વધાવી લીધા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે આ રોડ શોમાં મુખ્યમંત્રીશ્રી ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી સહિતના આગેવાનો જોડાયા હતા. તેનો પ્રારંભ આજી ડેમ ચોકડીથી થયો હતો. અહિં લોકોની ભારે ભીડ જામી હતી. માર્ગો ઉપર મહાનુભાવોને આવકારતા મોટા કટઆઉટસ અને






બેનર્સ લગાવવામાં આવ્યા હતા. રોડ શોના પ્રારંભે જ લોકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. મેઘરાજાની અમીવૃષ્ટિ પણ ધીમીધારે થઇ હતી, તેની સાથે જનઉત્સાહનો પણ સંચાર થયો હતો.

આ કાફલામાં આગળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી કારમાં છતનો ડોર ખોલી અને એમની પાછળ ખુલ્લી કારમાં મુખ્યમંત્રીશ્રી, ઉપ મુખ્યમંત્રીશ્રી સહિત ના મહાનુભાવો જોડાયા હતા. બાદમાં આ કાફલો અમૂલ સર્કલ પર પહોંચ્યો હતો. ત્યાં પણ મહાનુભાવોનું ભવ્ય અભિવાદન કરવામાં આવ્યું હતું. અહીથી લોકાભિવાદન ઝીલતા ઝીલતા સમગ્ર કાફલો ચુનારાવાડ ખાતે પહોંચ્યો હતો, ત્યાં સર્કલને ભવ્ય શો આપવામાં આવ્યો હતો. અહી પણ વિવિધ સામાજીક સંગઠનો દ્વારા મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

ચુનારાવાડથી પટેલવાડી ખાતે પહોંચેલા કાફલાની માટે થ્રીડી શો થકી સ્વાગત કરવામાં આવ્યું હતું. બેટી બચાઓ, બેટી પઢાઓ, સ્કીલ ઈન્ડિયા, ડિઝીટલ ઇન્ડિયા, આવાસ યોજના, જનધન યોજના, સબકા સાથ-સબકા વિકાસ, સ્માર્ટ સિટી રાજકોટ, ઔદ્યોગિક વિકાસ સહિતની થીમ ઉપર થ્રીડી શો કરવામાં આવ્યો હતો. બાદમાં રોડ શો પારેવડી ચોક થઇ સિવિલ હોસ્પિટલ ચોક પહોચ્યો હતો. જ્યાં પણ લોકો ઉમટી પડયા હતા.

ચૌધરી હાઇસ્કૂલ પાસે મહિલાઓની વિશેષ ભીડ જોવા મળી હતી. અહી ગીતસંગીતથી ભરપૂર માહોલ જામ્યો હતો અને તેની સાથે મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યાંથી બહુમાળી ભવન પાસે પહોંચેલા કાફલાને પીળુ ઉપવસ્ત્ર ધારણ કરી ઉભેલા ઋષિ કુમારો, શૈક્ષણિક સંસ્થાઓના બાળકો દ્વારા મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સસ્મિત લોકોને પ્રતિભાવ પણ આપતા જોવા મળ્યા હતા. અહીથી જિલ્લા પંચાયત ચોક, કિશાનપરા ચોકના રેસકોર્ષ રિંગ રોડ ઉપર સમગ્ર કાફલો ફર્યો હતો. રેસકોર્ષ રિંગ રોડ ઉપર અદ્દભૂત નજારા જોવા મળ્યા હતા. હાથમાં રંગબેરંગી ઝંડાઓ લઇ ઉભેલા લોકોએ ઝંડા ફરકાવી, પુષ્પવૃષ્ટિ કરી મહાનુભાવોનું અભિવાદન કર્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આ રોડ શોમાં અભિવાદન કરવામાં ૩૦૦થી પણ વધુ સામાજિક સંગઠનો, શૈક્ષણિક તથા સેવાભાવી સંસ્થાઓ જોડાઇ હતી. બાદમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને એરપોર્ટ પરથી ઉષ્માપૂર્ણ વિદાય આપવામાં આવી હતી.




## રાજકોટમાં અદ્દભૂત રોડ શોમાં હજારો નાગરિકો દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું અભિવાદન....





**સૌની યોજના** | **રૂ.૪૬૪ કરોડના કામોનું લોકાર્પણ કરતા વડાપ્રધાન**

# રાજકોટના આજી ડેમમાં નર્મદાના નીરને વધાવતા વડાપ્રધાન માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી

રાજકોટમાં આજી ડેમમાં નર્મદાના નીરને વધાવી, 'સૌની યોજના'ના બહુહેતુક પ્રકલ્પોનું લોકાર્પણ અને રાજકોટ મહાનગરપાલિકા આયોજીત હેકાથોન - ૨૦૧૭નો શુભારંભ કરાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેઘરાજાની મહેર વચ્ચે જનમેદનીને સંબોધતા કહ્યું કે, રાજકોટ સહિત સૌરાષ્ટ્ર પાણી સંકટના કપરા સમયમાંથી પસાર થયું છે. સરકારે પેટે પાટા બાંધીને, સખત પરિશ્રમ કરીને સૌરાષ્ટ્રને નર્મદાનું નીર આપ્યું છે. હવે માં નર્મદાની કૃપાથી સૌરાષ્ટ્ર લીલુંછમ થશે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રનું ભાગ્ય બદલાશે.

સૌરાષ્ટ્રની પ્રજા પાણીના મુલ્યને સમજે છે. મહાભગીરથ પ્રયાસોથી નર્મદાનું પાણી રાજકોટના આજીડેમમાં આવ્યું છે, સૌરાષ્ટ્રના ડેમો પણ ભરાશે એમ કહી વડાપ્રધાને કહ્યું હતું કે, ભુતકાળના દિવસો ભુલી જવાના નથી. પાણી તો પરમાત્માનો પ્રસાદ છે, તેને બચાવવા વાડપ્રધાનશ્રીએ સંવેદનાસભર અપીલ કરી હતી.

'માં નર્મદા આવ્યા આજી, રાજકોટવાસીઓને રાખશે રાજી' તેવો આનંદનો ઉમળકો વ્યક્ત કરતા લોકલાડીલા વડાપ્રધાનશ્રીએ જુના સંસ્મરણો વાગોળતા કહ્યું કે, વર્ષ ૨૦૦૧માં આજી ડેમ ભરાયો ત્યારે રાજકોટવાસીઓએ આ અવસરને વધાવવા આવવું જ પડશે તેવો આગ્રહ કર્યો હતો. આ બતાવે છે કે, રાજકોટ--વાસીઓ પાણીના મુલ્યને સમજે છે.

> - **પાણી પરમાત્માનો પ્રસાદ, માં નર્મદા સૌરાષ્ટ્રનું ભાગ્ય બદલશે સૌની યોજના.**
> - **રાજકોટ સહિત સૌરાષ્ટ્ર પાણીનું મુલ્ય સમજે છે.**
> - **દેશમાં કૃષિની નવી ક્રાંતિ સર્જવા રાજકોટનો એન્જી. ઉદ્યોગ નવા સાધનો બનાવે.**
> - **દેશના નવયુવાનોમાં સમસ્યાના સમાધાનની ઊંડી સમજ છે, હેકાથોન પ્રોજેક્ટથી રાજકોટની કાયાપલટ થશે.**
>
> **– શ્રી નરેન્દ્રભાઈ મોદી**
> **માન. વડાપ્રધાનશ્રી**

પ્રજા પ્રત્યેની સેવા અને સમર્પિતતાનો નેક ઈરાદો હોય તો ગમે તેવા કામોમાં સફળતા મળતી હોય છે તેમ જણાવતા વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, ૨૦૧૨માં તેઓએ 'સૌની યોજના'નું ખાતમુહૂર્ત કર્યું ત્યારે કેટલાક લોકોએ આ શક્ય જ નથી તેમ કહી યોજનાને શંકાના વાદળોમાં ઘેરી લીધી હતી. પરંતુ પ્રજા પ્રત્યેની વફાદારી, પ્રતિબધ્ધતા અને નેક ઈરાદાને લીધે આજે 'સૌની યોજના' સફળતાની સાક્ષી બની છે. તેઓએ નર્મદાના નીરના વધામણાંને પાવનકારી અવસર તરીકે મુલવ્યો હતો.

વડાપ્રધાને ગુજરાત સરકારે માત્ર સાત જ મહિનામાં નર્મદાનું પાણી આજીમાં પહોંચાડ્યું તે ભગીરથ કાર્ય બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને 'સૌની યોજના'ની ટીમને અભિનંદન આપ્યા હતા.

દેશના નવયુવાનોમાં કોઈપણ સમસ્યાના ઉકેલની ઊંડી સમજ છે તેમ કહી, વડાપ્રધાનશ્રીએ કેન્દ્ર સરકારના




અણઉકેલ પ્રશ્નોમાં યુવાનીની ભાગીદારી લઇ પ્રજાભિમુખ વહિવટની નવી શૈલી અપનાવી છે તેમ જણાવ્યું હતું. સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન-૨૦૧૭ના આયોજનના સથવારે ગુજરાતના યુવાનો રાજકોટનું ભાગ્ય બદલશે, કાયાપલટ કરશે તેવો આશાવાદ પણ તેમણે વ્યકત કર્યો હતો.

ડ્રીપ ઈરીગેશનથી ખેતી સમૃધ્ધ બની રહી છે તેમ જણાવી રાજકોટના એન્જીનીયરિંગ ઉદ્યોગને ખેતી માટેના નવા સાધનો બનાવાવ અને દેશને નવી દિશા આપવા સિમાચિહ્નરૂપ બનવા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આહ્‌વાન કર્યું હતું. કચ્છના ખેડુતોની મહેનતને પણ બિરદાવી હતી.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજી ડેમમાં નર્મદાનીરને રૂા.૩૮૫ કરોડના કામ સહિત ન્યારી-૧ જળાશયની ક્ષમતા વધારવાના રૂા.૫૪ કરોડના તથા આજી અને ન્યારી ડેમને અંડરગ્રાઉન્ડ જોડતી રૂા.૨૪.૯૨ કરોડના ખર્ચે બનેલી ૧૬.૫ કિલોમીટર લાંબી એક્સપ્રેસ ફીડર લાઇનનું ડિજીટલ લોકાર્પણ કર્યું હતું.

રાજકોટ શહેરની સમસ્યાઓનું નિરાકરણ સુચવવા માટેની સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન-૨૦૧૭ વેબસાઇટનું પણ વડાપ્રધાનશ્રી મોદીના હસ્તે લોન્ચીંગ કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિદેશ પ્રવાસના થાકની પરવા કર્યા વિના રાજકોટ આવી પહોંચેલા વડાપ્રધાનશ્રીની પ્રતિબદ્ધતાની સરાહના કરી હતી. રાજકોટ સાથેના વડાપ્રધાનશ્રીના સંસ્મરણોનું અનુસંધાન પણ શ્રી રૂપાણીએ સ્થાપિત કર્યું હતું તથા પાણી પ્રશ્ને વર્ષોથી અગવડ ભોગવતી પ્રજાની હાલાકી આયોજન બધ્ધ રીતે દુર કરવા બદલ વડાપ્રધાનશ્રીનો મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ ખરા દિલથી આભાર માન્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ‘સૌની યોજના’ની આંકડાકીય વિગતો ટાંકતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી ‘સૌની યોજના’ થકી સૌરાષ્ટ્રના ૨૨ ડેમો, ૧૫૭ તળાવો તથા ૭૦૦થી વધુ ચેકડેમો ભરાઇ ગયા છે તથા આવનારા દિવસોમાં ભાદર, ખોડિયાર, શેત્રુંજી, ઓઝત તથા હિરણ જળાશયો પણ ભરવામાં આવશે.

આજી નદીમાં આવી પહોંચેલા નર્મદાના નીર સૌરાષ્ટ્રના વિકાસનું એક અગત્યનું સીમાચિહ્ન પુરવાર થશે, એવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો, જેને ઉપસ્થિતોએ તાળીના ગડગડાટથી વધાવી લીધો હતો.

માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિથી ‘સૌની યોજના’નો પાયો નાંખાયો હતો. શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે ‘સૌની



**સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન-૨૦૧૭ના આયોજન વિષે મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની પાસેથી માહિતી મેળવી રહેલા માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

# આજીમાં વહેલા નર્મદા નીર રાજકોટના વિકાસમાં સીમાચિહ્નરૂપ પુરવાર થવાની મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને આશા

## રાજકોટવાસીઓની પાણીની તકલીફોના નિરાકરણ બદલ વડાપ્રધાનશ્રી પ્રત્યે આભારની લાગણી પણ વ્યકત કરતા મુખ્યમંત્રીશ્રી



યોજના'નો પ્રથમ સમારોહ રાજકોટમાં જ થયો હતો તેમ કહી નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ યોજના પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ બાદ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં સાકાર થઇ છે તે રાજકોટવાસીઓ માટે આનંદની વાત છે. શ્રી નીતિનભાઇએ કેન્દ્ર સરકારે રાજકોટ, ગાંધીનગર અને દાહોદનો સ્માર્ટ સિટીમાં સમાવેશ કર્યો છે તે અંગે પણ વડાપ્રધાનશ્રી નો આભાર માન્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રીશ્રી પુરૂષોતમભાઇ રૂપાલાએ જણાવ્યું કે, રાજકોટમાં નર્મદાના નીર આવતા અને આજી ડેમ ભરાતા ઐતિહાસિક અવસર સર્જાયો છે. યુ.પી.એ. સરકારે નર્મદા ડેમના દરવાજાને છ-સાત વર્ષ સુધી મંજુરી આપી ન હતી. વડાપ્રધાન બન્યા પછી શ્રી નરેન્દ્રભાઇએ દિવસોમાં જ મંજુરી આપી દીધી અને આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇના સફળ નેતૃત્વમાં નર્મદાના દરવાજાનું કામ પૂર્ણ થતાં દરવાજા બંધ કરવાનું વિરાટ કામ પૂર્ણ થયું છે. દેશમાં વિકાસનો યુગ ચાલી રહ્યો છે, તેમ કહી શ્રી રૂપાલાએ ઉમેર્યું કે, સૌરાષ્ટ્રમાં નર્મદાના નીર પહોંચી રહયા છે અને તેનાથી ખેતીના વિકાસ સાથે સમૃદ્ધિ આવશે. શ્રી રૂપાલાએ અંતમાં જણાવ્યું કે, અગાઉ રાજકોટમાં પાણી માટે ટ્રેઇન આવતી, આજે નર્મદામૈયા આવ્યા છે તે સુવર્ણ અવસર છે.

પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બનવા બદલ આનંદની લાગણી વ્યકત કરી હતી. સરદાર પટેલે જોયેલું સરદાર સરોવર યોજનાનું સ્વપ્ન વડાપ્રધાન શ્રી મોદીએ પૂર્ણ કર્યુ હતું તે માટે ગુજરાતી તરીકે ગૌરવ લેવાની આ મહત્વની ઘડી છે. એમ શ્રીમતિ પટેલે સગૌરવ જણાવ્યું હતું અને ઉપસ્થિતોને પાણી બચાવવાનો સંકલ્પ લેવા પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે જળસંપતિ વિભાગના રાજ્યમંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ વડાપ્રધાનશ્રી, મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવો અને ઉપસ્થિત જનમેદનીને આવકારી શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ સમારોહમાં કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, મંત્રીશ્રી બાબુભાઇ બોખીરિયા, શ્રી ચીમનભાઇ સાપરીયા, શ્રી જયેશભાઇ રાદડીયા, આત્મારામ--ભાઇ પરમાર, શ્રી જયંતિભાઇ કવાડીયા, શ્રી જશાભાઇ બારડ, શ્રી વલ્લભભાઇ વઘાસીયા, રાજકોટના મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી, મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, સાંસદશ્રી વિઠલભાઇ રાદડીયા, શ્રી મોહનભાઇ કુંડારીયા, શ્રી નારણભાઇ કાછડીયા, સુશ્રી પુનમબેન માડમ, શ્રી દેવજીભાઇ ફતેપરા, શ્રી રાજેશભાઇ ચુડાસમા, રાજ્યસભાના સભ્યશ્રી ચુનિભાઇ ગોહેલ, શ્રી શંકરભાઇ વેગડ, શ્રી શંભુપ્રસાદ ટુંઢીયા સહિત સમાજશ્રેષ્ઠીઓ, અગ્રણી અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




**સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન-૨૦૧૭નું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું તે પ્રસંગની તસવીરમાં ગુજરાતના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન થાય છે.**



**‘માઁ નર્મદા’નો સાક્ષાત્કાર**

- સાત મહિના પહેલા યોજના જાહેર થઇ.
- ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ડિસેમ્બરમાં કર્યું.
- લીન્ક-૩ ફેઇઝ ૪ હેઠળ યોજના ખાસ કિસ્સામાં આવરી લેવાઇ.
- ૩૧ કિ.મી. મચ્છુ-૧ થી આજી-૧ સુધીની પાઇપલાઇન બીછાવાઇ.
- ૧૬ લાખ લોકોને હવે મળશે અવિરત નીર.
- ૩.૯૩ લાખ ઘરોમાં પહોંચશે નર્મદાના નીર.
- ન્યારી ડેમ હાઇટમાં પણ થયો વધારો ૩૩ ટકા વધારો. ૯૩૦ એમસીએફટીથી વધીને ૧૨૩૫ એમસીએફટી સંગ્રહ ક્ષમતા થશે.
- ૯.૬ લાખ લિટર નર્મદાનું પાણી રોજ આવશે.











# મોરબી રોડ ઉપર રેલ્વે ક્રોસિંગ પર નવનિર્મિત ઓવરબ્રિજનું લોકાર્પણ



## પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વોર્ડ નં.૪ સ્માર્ટ ઘર-૫, સ્માર્ટ ઘર-૬

## વોર્ડ નં.૧૪ સ્માર્ટ ઘર-૪ સહિતના કુલ ૨૬૫૬ આવાસો તથા ૯૧ દુકાનોનું તેમજ ભગવતીપરા મેઈન રોડ પેવર કામનું ખાતમુહૂર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૯-૬-૨૦૧૭ના રોજ મોરબી રોડ ઉપર રેલ્વે ક્રોસિંગ પર નવનિર્મિત ઓવરબ્રિજનું લોકાર્પણ તથા 'પ્રધાનમંત્રી આવાસ યોજના' હેઠળ વોર્ડ નં. ૪ સ્માર્ટ ઘર-૫, સ્માર્ટ ઘર-૬ તથા વોર્ડ નં. ૧૪ સ્માર્ટ ઘર-૪ સહિતના કુલ ૨૬૫૬ આવાસો તથા ૯૧ દુકાનોનું તેમજ ભગવતીપરા મેઈન રોડ પેવર કામનું ખાતમુહૂર્ત કરતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.



આ પ્રસંગે પૂર્વ કૃષિ મંત્રીશ્રી મોહનભાઇ કુંડારિયા, પૂર્વ ઉર્જા મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ મેયરશ્રી ઉદયભાઇ કાનગડ, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શ્રી ભીખાભાઇ વસોયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ જીલ્લા કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઇ રાઠોડ, શ્રી જીતુભાઇ કોઠારી, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શ્રી કેતનભાઇ પટેલ, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી મધુબેન કુંગશીયા, શ્રી જ્યોત્સનાબેન હળવદિયા, સામાજીક અગ્રણીશ્રી ઘરમશીભાઇ નાથાણી, શ્રી ટીનાભાઇ બોરીચા, શ્રી ગોરધનભાઇ કાપડિયા, જાણીતા તબીબ શ્રી ડૉ. કાંતિલાલ કકકડ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયા, વોર્ડ નં.૪ના કોર્પોરેટરશ્રી અશ્વિનભાઇ મોલિયા, પ્રભારીશ્રી અશોકભાઇ લુણાગરીયા, પ્રમુખશ્રી સંજયભાઇ ગોસ્વામી, મહામંત્રીશ્રી સી. ટી. પટેલ, શ્રી કાનાભાઇ ડેડૈયા, વોર્ડ નં.૧૪ના કોર્પોરેટરશ્રી વર્ષાબેન રાણપરા, પ્રભારીશ્રી નિલેશભાઇ જલુ, પ્રમુખશ્રી, અનીશભાઇ જોષી, મહામંત્રીશ્રી નરેન્દ્રભાઇ કુબાવત, શ્રી પવનભાઇ સુતરીયા, ભાજપ અગ્રણી શ્રી દેવદાનભાઇ કુંગશીયા, શ્રી કંકુબેન ઉઘરેજા, શ્રી ધર્મિષ્ઠાબેન પરમાર તથા સ્થાનિક રહેવાસીઓ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતાં.

> "રાજકોટ-મોરબી રોડને ફોર લેન રોડ, રાજકોટ-અમદાવાદ રોડને સીક્સ લેન રોડ, કન્ટેનર ડેપો તથા હયાત જનાના હોસ્પિટલની જગ્યાએ ૮ માળની અદ્યતન હોસ્પિટલ બનાવાશે."
>
> **- શ્રી વિજયભાઇ રૂપાણી**
> માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી એ જણાવેલ કે, દિવસમાં ૬૬ વખત ફાટક ખોલ બંધ થવાથી મુશ્કેલી પરિસ્થિતિનો બ્રિજ થવાથી સુખદ ઉકેલ આવેલ છે. દર્દીઓને લઇને જતી એમ્બ્યુલન્સને નાછુટકે ઉભું રહેવું પડતું, તે સમસ્યાનો અંત આવ્યો છે, તે માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીશ્રીઓને રાજ્ય સરકાર તરફથી અભિનંદન પાઠવું છું.



ભૂતકાળમાં ભગવતીપરા રેલ્વે ફાટકમાં પણ આવી જ મુશ્કેલી રહેતી હતી, જે દુર કરવામાં આવેલ છે. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારને ૩ વર્ષ અને ગુજરાતમાં મારા મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળને ૯ માસ જેટલો સમય થયેલ છે. ત્યારે 'કાલનું કામ આજે અને આજનું કામ અત્યારે' કરવાનું નક્કી કર્યું છે, પ્રજાની વેદના અને મુશ્કેલી દુર કરવાની નેમ છે. રાજકોટનો વિકાસ સોળે કળાએ ખીલી ઉઠે એ જોવાનું અમારું સ્વપ્ન છે. રૂા.૨૭૦ કરોડના ખર્ચે રાજકોટ-મોરબી રોડ ફોર ટ્રેક બનાવવાના ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે જ રીતે રૂા.૭૦૦ કરોડના ખર્ચે રાજકોટ-અમદાવાદ હાઇવે ૬ ટ્રેક કરવાનું કામ ગતિમાં છે. આ કામ પૂર્ણ થયેથી રાજકોટ થી અમદાવાદ ફક્ત અઢી કલાકમાં પહોચી શકાશે. રાજકોટમાં વર્ષો જુનું નાના રનવે ધરાવતું એપોર્ટ છે. તેના બદલે રૂા.૩૦૦૦ કરોડના ખર્ચે અમદાવાદ રોડ પર અદ્યતન એરપોર્ટ બનાવવામાં આવશે. શહેરની મધ્યમાં આવેલ વર્ષો જુનું બસ સ્ટેન્ડ રૂા.૧૫૦ કરોડના ખર્ચે બસ પોર્ટ જેવું બનશે. ૧૯૫૬માં શરુ થયેલ રેસકોર્ષ હવે ખુબ નાનું પડે છે. તેને બદલે ૧૮૦ એકરમાં રેસકોર્ષ-૨નું કામ શરૂ કર્યું છે. શહેરની રાજાશાહી વખતની જનાના હોસ્પિટલના સ્થાને નવી ૮ માળની અદ્યતન હોસ્પિટલ બનવવામાં આવશે. સિવિલ હોસ્પિટલના સ્થાને ૫૦૦ બેડની સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ બનાવવાની કામગીરી ચાલુ થઇ ગયેલ છે. મેઘરાજા રિસાય તો પણ નવી ટેકનિકથી 'નેવાના પાણી મોભે ચડાવી' ને ૪૦૦ કિ.મી. દુરથી નર્મદાના પાણી મારફત આજી ડેમ કાયમ ભરાયેલો રહે તેવું નક્કર આયોજન કર્યું છે અને આગામી જન્માષ્ટમી સુધીમાં આજી ડેમ પાણીથી સંપૂર્ણ ભરાઇ જશે. આજી-ન્યારી ડેમ વચ્ચે પાઇપ લાઇન નાખવામાં આવી છે. જેનાથી પીવાના પાણીનો દુકાળ ભૂતકાળ બનશે. ટેન્કર પદ્ધતિને રજા આપવામાં આવશે અને તેથી આગળ વધી, નગરજનોને મીટરથી ૨૪ કલાક પાણી આપવાનું આયોજન હાથ ધરાશે. સૂચિત સોસાયટીમાં વસતા લોકો અધ્ધરતાલ જીવતા તેમના માટે હવે સુખના દિવસો આવ્યા છે. તેમના મકાનો તૂટે નહિ તે માટે કાયદેસરના દસ્તાવેજ બનાવી, તેમને મકાનના માલિક બનાવવા માટે સરકાર આગળ વધી રહી છે. મોરબીનો સિરેમિક ઉદ્યોગ અત્યારે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ચીનને પણ ટક્કર મારી રહયો છે. તેને પ્રોત્સાહિત કરવા એક્સપોર્ટ માટે રાજકોટ ખાતે કન્ટેનર ડેપો માટેની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. રાજકોટ ખરા અર્થમાં સૌરાષ્ટ્રનું પાટનગર બની રહે તેવો ચોતરફ વિકાસ શરૂ કર્યો છે. વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે કે, ૨૦૨૨ સુધીમાં દરેકને પોતાની માલિકીનું મકાન આપવું. જે અંતર્ગત રાજકોટ મહાનગર-પાલિકા તે દિશામાં આગળ વધી રહેલ.

મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવેલ કે, દિવસના ૬૬ વખત ફાટક ખોલ બંધ થવાની દુઃખદ યાતનાનો આ બ્રિજના કારણે અંત આવ્યો છે. ભગવતીપરા વિસ્તારની લગભગ ૫૦થી વધુ સોસાયટીઓને રસ્તાની વધુ સારી સુવિધા મળે તે માટે રૂા.૧૮૧ લાખના ખર્ચે પેવર રોડ બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર માને છે કે, દરેકને પોતાનું ઘર હોવું જોઇએ તે હેતુસર 'સ્માર્ટ ઘર યોજના' અંતર્ગત શહેરના વોર્ડ નં.૪ તથા ૧૪માં કુલ ૨૬૫૬ આવાસો અને ૯૧ દુકાનોનું કામ કરવાનું આજરોજ ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે. તેમજ મહાનગરપાલિકા દ્વારા આ ઓવરબ્રિજ ને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દી નિમિત્તે ઓવરબ્રિજને 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓવરબ્રિજ' તથા રેલનગર અન્ડરબ્રિજને 'રેલનગર અન્ડરબ્રિજ' નામકરણ કરવામાં આવેલ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સવારે ઉઠે ત્યારથી લઇને રાત્રે સુવે ત્યાં સુધી દેશનો ગરીબ અને મધ્યમ વર્ગ આગળ આવે તેવું સતતપણે વિચારે છે અને તે દિશામાં નક્કર ડગ માંડે છે. સાથોસાથ ભારત માતાને પરમ વૈભવના શિખરે લઇ જવાની તેમની નેમ છે. તે જ રીતે ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી પ્રજાલક્ષી નિર્ણયો ત્વરિત કરી રહયા છે.

આ કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ અને ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે તકતીઓનું ડિજીટલ અનાવરણ કરવામાં આવેલ. શાબ્દિક સ્વાગત મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કરેલ. આભાર દર્શન સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ એ કરેલ. મહાનગરપાલિકાના પદાધિ-કારીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું મોમેન્ટો તથા ફૂલહારથી સ્વાગત કરેલ. જયારે હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયા તથા બાંધકામ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયાના હસ્તે મહાનુભાવોનું પુસ્તક આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે વોર્ડ નં. ૪ તથા ૧૪ના ભાજપના તથા જુદી જુદી પંચાયતના હોદ્દેદારો, આ વિસ્તારની શ્રી રામ પાર્ક, શ્રીનાથ પાર્ક, કિંજલ પાર્ક, સોમનાથ સોસાયટી, ખોડિયાર પાર્ક, બજરંગ સોસાયટી, સીતારામ સોસાયટી, રાજલક્ષ્મી સોસાયટી, રાધિકા પાર્ક વિગેરેના હોદ્દેદારો દ્વારા તેમજ વેલનાથપરા દલિત સમાજના આગેવાનો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું મોમેન્ટો તથા ફૂલહારથી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં બ્રિજને ખુલ્લો મુકતા સમયે માન. મુખ્યમંત્રીશ્રી અને સ્કુલના બાળકો દ્વારા ત્રિરંગા બલૂન ગગનમાં છોડેલ હતાં.

રૂા.૨૬.૩૦ કરોડના ખર્ચે મોરબી રોડ રેલ્વે ક્રોસિંગ પર ઓવરબ્રિજ બનાવવામાં આવેલ, આ બ્રિજની લંબાઇ ૭૬૧ મીટર, પહોળાઇ ૧૫.૬૦ મીટર, રેલ્વે બ્રિજ લંબાઇ ૭૭ મીટર, રેલ્વે બ્રિજ પર કલીયર હાઇટ ૮.૫૦ મીટર, એપ્રોચની લંબાઇ રાજકોટ તરફ ૨૭૪ મીટર, મોરબી રોડ તરફ ૪૧૦ મીટર, રેલ્વે ક્રોસિંગ પર ૨૪ કલાક દરમ્યાન અંદાજે ૬૬ વખત ટ્રેન પસાર થતા સમયે ફાટક ખોલ બંધ કરવામાં આવતુ હતું. પરંતુ હવે ઓવરબ્રિજ બનતા ૧ થી ૧.૫૦ લાખ લોકોને ફાટક ખોલ બંધની સમસ્યામાંથી મુક્તિ મળશે.

આ ઉપરાંત રૂા.૧.૮૧ કરોડના ખર્ચે ભગવતીપરા મેઇન રોડનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. તદુપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વોર્ડ નં.૪માં રૂા.૨૯.૪૫ કરોડના ખર્ચે સ્માર્ટ ઘર-૫ હેઠળ ૫૪૪ આવાસો, તથા સ્માર્ટ ઘર-૬ હેઠળ રૂા.૮૩.૩૯ કરોડના ખર્ચે ૧૫૮૪ આવાસો તથા ૬૫ દુકાનો એજ રીતે વોર્ડ નં.૧૪માં સ્માર્ટ ઘર-૪ હેઠળ રૂા.૩૧.૨૮ કરોડના ખર્ચે ૫૨૮ આવાસો તથા ૨૬ દુકાનો બનાવવાનું આયોજન છે. દરેક આવાસ દીઠ રાજ્ય સરકારશ્રી દ્વારા રૂા.૪ લાખ તથા કેન્દ્ર સરકારશ્રી દ્વારા રૂા.૧.૫૦ લાખ મળી કુલ રૂા.૫.૫૦ લાખની સહાય મળશે.

# વોર્ડ નં.૧ રૈયાધાર ખાતે નિર્માણ પામેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ, મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્રનું ખાતમુહૂર્ત તથા મા નર્મદા મહોત્સવ રથયાત્રાનું સમાપન, કેન્સર હોસ્પિટલનું લોકાર્પણ તથા ULC રહેણાંક માટે સનદ વિતરણ કાર્યક્રમ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫-૯-૨૦૧૭ના રોજ વોર્ડ નં.૧ રૈયાધાર ખાતે રૂા.૩૫.૧૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ‘‘સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ’’નું લોકાપર્ણ તથા મોહનદાસ ગાંધી વિદ્યાલય આલ્ફ્રેડ હાઈસ્કૂલ ખાતે રૂા.૧૫ કરોડના ખર્ચે બનનાર ‘‘મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્ર’’નું ખાતમુહૂર્ત તથા ‘‘મા નર્મદા મહોત્સવ રથયાત્રાનું સમાપન’’, ‘‘કેન્સર હોસ્પિટલનું લોકાર્પણ’’ તથા ‘‘ULC રહેણાંક માટે સનદ વિતરણ કાર્યક્રમ’’ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વરદ્ હસ્તે યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે સાંસદ અને પૂર્વ કૃષિમંત્રી શ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય અને પૂર્વ ઉર્જામંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ૬૯ વિધાનસભા ઈન્ચાર્જશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ કોઠારી, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી ચારૂબેન ચૌધરી, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી મનિષભાઈ ભટ્ટ, શ્રી રાબીયાબેન સરવૈયા, રાજકોટ શહેર ભાજપ કોષાધ્યક્ષ શ્રી અનિલભાઈ પારેખ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણી, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઈ અઘેરા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી દેવરાજભાઈ મકવાણા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ રાદડિયા, વોર્ડ નં.૧ કોર્પોરેટરોશ્રી આશિષભાઈ વાગડિયા, શ્રી અંજનાબેન મોરઝરીયા, શ્રી દુર્ગાબા જાડેજા, વોર્ડ નં.૭ કોર્પોરેટરોશ્રી કશ્યપભાઈ શુકલ, શ્રી અજયભાઈ પરમાર, શ્રી હિરલબેન મહેતા, શ્રી મીનાબેન પારેખ, વોર્ડ નં.૬ કોર્પોરેટરોશ્રી દલસુખભાઈ જાગાણી, શ્રી દેવુબેન જાદવ, શ્રી સજુબેન કળોતરા, વોર્ડ પ્રભારીઓ શ્રી દિલિપભાઈ પટેલ, શ્રી સુરેન્દ્રસિંહ વાળા, શ્રી પરેશભાઈ પીપળીયા, શ્રી માવજીભાઈ ડોડીયા, વોર્ડ પ્રમુખશ્રી રસિકભાઈ બદ્રકિયા, શ્રી જીતુભાઈ સેલારા, શ્રી ઘનશ્યામભાઈ કુંગશિયા, શ્રી ભીખુભાઈ ડાભી, વોર્ડ મહામંત્રીશ્રી કાનજીભાઈ ખાણધર, શ્રી ભાવેશભાઈ પરમાર, શ્રી રમેશભાઈ પંડયા, શ્રી કિરીટભાઈ ગોહિલ, શ્રી જગાભાઈ રબારી, શ્રી દુષ્યંતભાઈ સંપટ, શ્રી રત્નાભાઈ મોરી, શ્રી મયુરભાઈ બથવાર તેમજ વિસ્તારના અગ્રણીઓ, રહેવાસીઓ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું. કે, શાસક પક્ષ અને તંત્ર દ્વારા આજરોજ જુદા જુદા કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત યોજી, લોકોની સુખાકારીમાં વધારો કરેલ છે. તે બદલ તેમણે શાસકોને તથા તંત્રને અભિનંદન પાઠવેલ. સરદાર સરોવરનું કામ પૂર્ણ થાય તેની ગુજરાતના લોકો વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા. વર્ષો સુધી આ કામગીરી પૂર્ણ થયેલ ન હતી. ૧૯૯૫માં ભાજપની સરકારે શાસનધૂરા સંભાળેલ અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ નર્મદા યોજનાનું કામ આગળ ધપાવવા કાર્યવાહી કરી પરંતુ, કેન્દ્રની કોંગ્રેસની સરકાર અને અન્ય રાજ્યો દ્વારા તેનો વિરોધ કરી, આ મહત્વપૂર્ણ



કામને ખોરંભે પાડેલ. ત્યારબાદ ૨૦૦૧માં નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા બાદ નર્મદાની ઉંચાઇ વધારવાનું અટકી ગયેલ કામ આગળ વધારવા પ્રયત્ન કરેલ. કેન્દ્રની કોંગ્રેસની સરકાર દ્વારા મંજૂરી ન મળતા ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપવાસ ઉપર ઉતરેલ, કોંગ્રેસ સરકાર હચમચી ગઇ અને નર્મદા બંધની ઉંચાઇ વધારવાની મંજૂરી આપવી પાડી. ઉંચાઇની કામગીરી બાદ ફરી દરવાજા ચડાવવા માટે કેન્દ્ર દ્વારા મંજુરી મળતી ન હતી. પરંતુ ગુજરાતના નશીબ ખુલતા કેન્દ્રમાં ભાજપની સરકાર આવી અને વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઇ મોદી સતારૂઢ થયાની સાથે માત્ર ૧૭ દિવસમાં દરવાજા મુકવાની મંજૂરી આપી, અને ત્યારબાદ ચાલુ વર્ષના ચોમાસા પહેલા આ દરવાજા બંધ થાય તે માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રજૂઆત કરતા, દરવાજા બંધ કરવા માટેની પણ તાત્કાલિક મંજૂરી મળી ગઇ અને દરવાજા તાત્કાલિક બંધ પણ કરી દેવામાં આવ્યા. સરદાર સરોવરની કામગીરી પૂર્ણ થયેલ ત્યારે ગુજરાતના શહેરીજનોને તેની જાણકારી મળે તે માટે સમગ્ર ગુજરાતમાં ‘‘મા નર્મદા મહોત્સવ’’ રથયાત્રા યોજવામાં આવેલ. સરદાર સરોવર માટે જેઓએ ખુબ જ જહેમત ઉઠાવેલ છે તેવા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના આગામી જન્મ દિવસે સરદાર સરોવર યોજના રાષ્ટ્રને અર્પણ કરવામાં આવશે. ૧૯૬૦થી નર્મદા યોજનાની વાતો



સાંભળતા, ભાજપે ગામડાઓ, શહેરોમાં આંગણવાડીઓ, આવાસ યોજના, આરોગ્ય કેન્દ્રો, રસ્તાઓ સહિતની જુદી જુદી યોજનાઓનો અમલ કરી, અનેક વિકાસ કામો કરેલ છે.

વિશેષમાં, નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે, અમદાવાદથી રાજકોટનો રસ્તો ૬ લેનનો થાય તેમજ રાજકોટથી મોરબીનો રસ્તો ૪ લેનનો બને તે માટે સરકાર દ્વારા રૂા.૨,૫૦૦ કરોડના ટેન્ડરો મંજુર થઇ ગયેલ છે. અને આગામી ટૂંક સમયમાં તેનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. અમદાવાદ હેરીટેજ સિટી જાહેર થયેલ છે. તેમ રાજકોટમાં પણ ગાંધીજીએ જયાં અભ્યાસ કર્યો છે ત્યાં ‘‘મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્ર’’ બનવાથી દેશ વિદેશના પર્યટકો રાજકોટ આવશે. અને શહેરની એક આગવી ઓળખ ઉભી થશે. આ મ્યુઝિયમ બનાવવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો ખૂબ જ આગ્રહ હતો. જેનું આજે ખાતમુહૂર્ત થયું છે.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયાએ જણાવ્યું કે, છેલ્લા ૧૦ દિવસથી રાજ્યભરમાં ‘મા નર્મદા રથયાત્રા’ ફરી રહી છે. રાજકોટ શહેર અને જિલ્લામાં દરેક સ્થળોએ આબાલ વૃદ્ધ દ્વારા તેનું અનેરુ સ્વાગત કર્યું છે. લોકોને જાણ થઇ છે કે, જેના સ્મરણ માત્રથી પાવન થવાય છે તે નર્મદાનું પાણી હવે સવારમાં ઉઠતાવેત લોકોને તૃપ્તિ કરાવે છે. ઉદગમ સ્થાનથી છેક ૧૩૦૦ કિમીની યાત્રા કરી, આ પાણી લોકોના ઘર સુધી પહોચે છે. મારા સંસદ સભ્ય તરીકેના સમગ્ર કાર્યકાળ દરમિયાન મારા મતે ‘સૌની યોજના’ એ શ્રેષ્ઠ કામ છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિનું પરિણામ છે. વૈશાખના ધોમ ધખતા તડકામાં પણ જયારે પાઇપલાઇન કે કેનાલ દ્વારા નર્મદાનું પાણી ડેમમાં પડતું જોવા મળે ત્યારે દરેક લોકોની આંખમાં હર્ષના આંસુ આવી ગયેલ. તેનો સહર્ષ સ્વીકાર કરવો જ પડે.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવ્યું કે, આજરોજ શહેરને આંગણે પંચામૃત કાર્યક્રમો થાય છે તે આનંદની વાત છે, શહેરનાં તમામ વોર્ડમાં નર્મદા રથ ધામધૂમપૂર્વક ફર્યો છે. હજારો લોકો તેને વધાવતા હતા. વડિલો પણ તેને આવકારવા ઉત્સુક હતા. મલીન માનસિકતા ધરાવતા લોકોએ આ રથયાત્રામાં રોડા નાખવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓને જનસમર્થન ન હતું. તેથી વિઘ્ન સંતોષીઓને પાણી વિશે બોલવાનો અધિકાર જ નથી કારણ કે, તેઓએ દરવાજા માટે મંજૂરી આપી ન હતી. આપણા સદનસીબે શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે નર્મદા ડેમની ઉંચાઇ વધારવાની મંજૂરી મળી અને દરવાજા ચડયા. સૌરાષ્ટ્રમાં પાણીનો દુકાળ ભૂતકાળ બન્યો. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક્ષપ્રેસ ફીડરલાઇન નાખી, એક ડેમમાંથી બીજા ડેમમાં પાણી લઇ જવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કરેલ જયારે મહાનગરપાલિકાના પદાધિકારીઓશ્રીઓ, શહેર ભાજપના હોદ્દેદારો તથા ઉપસ્થિત તમામ કોર્પોરેટર દ્વારા શ્રી નીતિનભાઇ પટેલનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવેલ હતું.

તમામ મહેમાનોનું પુસ્તક વડે સ્વાગત સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, તેમજ ડ્રેનેજ સમિતિ ચેરમેનશ્રી બાબુભાઇ આહિર દ્વારા કરવામાં આવ્યું. તેમજ માંડા ડુંગર વિસતારના કનૈયા ગ્રુપના યુવાનો દ્વારા રાસ રજુ કરવામાં આવેલ હતું. નાયબ મુખ્યમંત્રી તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા લાભાર્થીઓને ULCની રહેણાક હેતુ માટેની જમીનની સનદ આપવામાં આવેલ હતી. જયારે કાર્યક્રમના અંતે આભાર દર્શન સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલે કરેલ હતું.





### રાજકોટ સલામતીના ભાગરૂપે

# રાજકોટ આઇ-વે પ્રોજેક્ટ

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેર પોલીસના સંયુકત ઉપક્રમે શહેરની સલામતીના ભાગરૂપે પ્રથમ તબક્કાના રાજકોટ આઇ-વે પ્રોજેકટનું તા.૨૨-૯-૧૭ના રોજ લોકાર્પણ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, પોલિસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે ભારત સરકારના સાંસદ અને પૂર્વ કૃષિમંત્રીશ્રી મોહનભાઇ કુંડારિયા, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઇ મીરાણી, શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેનશ્રી નરેશભાઇ પટેલ, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રી અંજલીબેન રૂપાણી, ૬૯ વિધાનસભા ઇન્ચાર્જશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ઠાકુર, શેઠ બિલ્ડર્સના શ્રી મુકેશભાઇ શેઠ, શ્રી ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખશ્રી પરેશભાઇ ગજેરા, સરદાર બાયોકેમ ઇન્ડસ્ટ્રીઝના શ્રી ધર્મેશભાઇ વૈષ્ણવ, રોલેક્ષ રિંગ પ્રા. લિ.ના શ્રી મનિષભાઇ માદેકા, પ્રશાંત કાસ્ટીંગ પ્રા. લિ.ના શ્રી શંભુભાઇ પરસાણા, ઇન્ડિયન ઇન્સ્ટી. ઓફ આર્કિટેકટ (સૌરાષ્ટ્ર)ના ચેરમેનશ્રી મૌલિકભાઇ ત્રિવેદી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ મેયરશ્રી ઉદયભાઇ કાનગડ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શાસકપક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, ચેમ્બર ઓફ કોમર્સ શ્રી વી. પી. વૈષ્ણવ, અગ્રણીશ્રી માંધાતાસિંહ જાડેજા, આજી જી.આઇ.ડી.સી.ના પ્રમુખશ્રી જમનભાઇ પટેલ તેમજ જુદી જુદી સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિ--ઓ તેમજ શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યા પછી રાજકોટ શહેરને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા ઇચ્છા વ્યકત કરેલ. આજે આ પ્રોજેકટનું લોકાર્પણ કરવામાં આવેલ છે તે બદલ રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ વિભાગને અભિનંદન આપું છું. સીસીટીવી કેમેરાથી કાયદો વ્યવસ્થા, ટ્રાફિક, ગુનાખોરી, દબાણ, સફાઇ, પાણી વિતરણ વિગેરે જેવી રાજકોટ મહાનગરપાલિકા તેમજ પોલીસ વિભાગને લગતી મોટાભાગની સમસ્યાનું ઝડપી નિરાકરણ થઇ શકશે. ભૂતકાળની સરકારોમાં લાલુ પ્રસાદ તેમજ મમતા બેનરજીના રેલ્વે મંત્રી તરીકેના કાર્યકાળમાં તેઓના રાજયો પુરતો વધુ ફાયદો થતો હતો. તે મુજબની સરકારની કાર્યપદ્ધતિ હતી. પરંતુ ભારતના દુરંદેશી અને વિચક્ષણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના વિકાસ માટે યોગ્યતાનું ધોરણ અપનાવી, તે દિશામાં મકકમ પણે આગળ વધી રહયા છે. દેશના શહેરોમાંથી કોઇ શહેરને સ્માર્ટ સિટી, સ્વચ્છ શહેર વિગેરે માટે યોગ્યતાના ચોકકસ ધોરણે નકકી કરી, સાચા અર્થમાં ગુણવતાસભર વિકાસ કરવા પણ ભાર મુકયો છે. રાજકોટ શહેરે પણ જયારે આ ધોરણો સિધ્ધ કર્યા ત્યારબાદ બીજા તબકકામાં રાજકોટ શહેરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થતા, શહેરના વિકાસ માટે કેન્દ્ર, રાજયની સરકારો તરફથી શહેરને વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ પ્રાપ્ત થતા, શહેરના વિકાસ માટે ઉજળા સંજોગો ઉભા થશે. સાચા અર્થમાં દેશનો વિકાસ કરવા માટે યોગ્યતાના માપદંડ મુજબ જ કાર્યરત રહેવું જરૂરી રહેશે. આટલા વર્ષો સુધી સરકાર ચાલી, પણ કમનસીબે આપણો દેશ નહોતો ચાલ્યો. હવે સરકાર અને દેશ બન્ને એક સાથે કદમ મિલાવીને ચાલે છે. સરકાર બધી દિશામાં વિકાસ માટે પુરતી સહાય કરી રહી છે, ગુજરાત અને રાજકોટ પણ આ દિશામાં આગળ વધી રહયા છે. વર્તમાન સમયમાં ગુજરાતે પ્રોજેકટની પહેલ શરૂ કરી છે. ગુજરાત રાજય સમગ્ર દેશનું રોલ મોડેલ અને પાવરહાઉસ છે. જયારે રાજકોટ શહેર ગુજરાત રાજયનું



રોલ મોડેલ છે. ચાલુ વર્ષે રાજ્યના સર્વાંગી વિકાસ માટે રૂા.૧,૭૨,૦૦૦/- કરોડનું બજેટ મંજુર કરેલ છે. આ બજેટમાં મુકેલ ૧૦૦% કામો તેમજ યોજનાઓ ચાલુ કરેલ છે. ચાલુ સાલમાં રાજ્યના ૪૦ જેટલા શહેરો, ૬ યાત્રાધામો વિગેરે માટે રૂા.૨૫૦ કરોડના ખર્ચે આગામી ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં આ કામગીરી પૂર્ણ થઇ જશે. આઝાદીના ૭૧ વર્ષે પણ જાજરૂની ચિંતા કરવી પડે છે. ભૂતકાળના ૪૫ વર્ષમાં કોઇએ આ ચિંતા કરી ન હતી. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશ જાહેર શૌચક્રિયામાંથી મુક્ત બને અને 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ દેશને સ્વચ્છ બનાવવાનું એક અભિયાન બનાવી, 'સ્વચ્છ ભારત-૨૦૨૨'નો સંકલ્પ કર્યો છે અને તેના આધાર પર ભારતને વિશ્વગુરુ બનાવવામાં આવશે. અંતમાં મુખ્યમંત્રી એ રાજકોટ શહેરનો બીજા ફેઇઝનો સીસીટીવી કેમેરા પ્રોજેક્ટ આજથી જ આગળ વધારવા જણાવેલ આને આ માટે પૈસાની કોઇ ચિંતા કરવાની જરૂર નથી તેમ તેમણે જણાવેલ હતું.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવેલ કે, સ્માર્ટ રાજકોટ કેવી રીતે બને તે આજનું આ ઉત્તમ ઉદાહરણ છે. રાજકોટ આઇ-વે પ્રોજેક્ટના કારને શહેરમાં કાયદો, વ્યવસ્થા, ટ્રાફિક, ગુનાખોરી વિગેરે ઉપર તીસરી આંખ નજર રાખી માહિતી આપશે. ૬ માસ પહેલા સામાજિક સંસ્થાના આગેવાનોએ મુખ્યમંત્રીશ્રીના સ્વાગત પ્રસંગે શહેરના સીસીટીવી કેમેરા પ્રોજેક્ટ માટે સહયોગ આપવા ખાત્રી આપેલ અને તેના સહયોગને કારણે આ પ્રોજેક્ટનું આજ લોકાર્પણ થયું છે. તે માટે આ તમામ દાતાઓનો આભારી છું. વિશેષમાં મેયરશ્રીએ જણાવ્યું કે, હાલની સરકાર નિર્ણાયક, પારદર્શક, સંવેદનશીલ સરકાર છે. સંવેદનશીલ સરકાર એટલે શું? ગૌ હત્યા માટે કાયદો બનાવવો, યુવાનોને ગેરમાર્ગે જતા અટકાવવા, દારૂ હુક્કાબારનો કાયદો બનાવવો, સરકારની જુદી જુદી સેવાઓ માટે જુદી જુદી કચેરીમાં ધક્કા ખાવા ન પડે તે માટે ઘર આંગણે ત્રણ ત્રણ વખત 'સેવા સેતુ' યોજવાનો નિર્ણય કરેલ છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓ 'વિદ્યાકુંજ યોજના' અંતર્ગત વિશિષ્ટ તાલીમ મેળવી, પ્રાઇવેટ શાળા સાથેના વિદ્યાર્થીઓ સાથે કદમ મિલાવી રહ્યા છે. તેમજ આવા અનેક નિર્ણયો કરી સંવેદનશીલ સરકાર તરીકે ઉત્તમ ઉદાહરણ પુરુ પાડયું છે. આ ઉપરાંત રાજકોટની આજુબાજુના વિસ્તારોને ગ્રીન ઝોનમાંથી મુક્તિ આપી પારદર્શિતાનું ઉદાહરણ પુરું પાડેલ છે. હમણાં હમણાં વિકાસ ગાંડો થયો છે તેવા મેસેજ ફરે છે. પરંતુ મારે એટલું જ કહેવાનું છે કે, રાજકોટને નવું એરપોર્ટ, અદ્યતન બસ સ્ટેન્ડ, નવી હોસ્પિટલ, ભૂતકાળમાં શહેરની પાણીની સમસ્યા કોઇએ હલ કરી નહિ, જ્યારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ફક્ત ૭ માસમાં 'સૌની યોજના' હેઠળ કામગીરી પૂર્ણ કરી નર્મદાના નીર આજીડેમમાં ઠાલવી ખરખેર વિકાસને ચરિતાર્થ કર્યો.

કાર્યક્રમની શરૂઆતમાં મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ, જ્યારે રાજકોટ આઇ-વે પ્રોજેક્ટની માહિતી પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોતએ આપેલ હતી.

મુખ્યમંત્રીશ્રીનું ફૂલહારથી સ્વાગત મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા શહેર ભાજપના હોદ્દેદારો, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની તથા પોલિસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોતએ સ્વાગત કરેલ, જ્યારે તમામ મહાનુભાવોનું પુસ્તક દ્વારા સ્વાગત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલએ કરેલ.

આ પ્રસંગે બી.આર.ટી.એસ. અક્ષય ઉર્જા પ્રોજેક્ટનું લોન્ચિંગ તેમજ સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન બુકનું વિમોચન માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા શહેરના ગરીબ દર્દીઓને સહાયરૂપ થવાના શુભઆશયથી શહેરને જુદી જુદી હોસ્પિટલોને સહાય આપવા ચાલુ વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે જેના અનુસંધાને આજરોજ સીસીટીવી કેમેરાના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે હોસ્પિટલોને જેમાં શ્રી રણછોડદાસબાપુ ચેરીટેબલ ટ્રસ્ટને આંખના ઓપરેશન માટે રૂા.૩૦ લાખ, કેન્સર હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓને ઓપરેશન, કિમોથેરાપી તથા શેકની સારવાર માટે રૂા.૧૦ લાખ, બી ટી સવાણી કિડની હોસ્પિટલ-રાજકોટમાં શહેરના દર્દીઓને ડાયાલિસીસ તથા તેને લગત અન્ય સારવાર માટે રૂા.૧૦ લાખ, ઇન્ડિયન મેડિકલ સાયન્ટીફીક રીસર્ચ ફાઉન્ડેશન (લાઇફ)માં શહેરમાં થેલેસેમિયા અંગે લોકજાગૃતિના કાર્યક્રમો તથા થેલેસેમિયા ટેસ્ટ માટે રૂા.૫ લાખની સહાય, જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન - રાજકોટ શહેરના જુવેનાઇલ ડાયાબિટીસના દર્દીઓને ઇન્સ્યુલીન સીરિંજ તથા ગ્લુકોમીટર આપવા માટે રૂા.૫ લાખના ચેક આપેલ. શ્રી સત્યસાંઇ હોસ્પિટલને રૂા.૫૦ લાખની સહાયના ચેક અર્પણ કરવામાં આવશે.



**શહેરના ગરીબ વર્ગના દર્દીઓ સહાયરૂપ થવા શહેરની જુદી જુદી હોસ્પિટલોને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે સહાયના ચેક અર્પણ**

# રાજકોટના વોર્ડ નં.૬માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૬માં તા.૨૬ જાન્યુઆરી ૨૦૧૮ પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે રાષ્ટ્ર ધ્વજ સલામી સમારોહમાં માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ ત્રિરંગો લહેરાવી, રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી. અને સુરક્ષા વિભાગના અને ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ વિભાગના જવાનો દ્વારા પરેડ યોજવામાં આવેલ હતી.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઇ રાઠોડ, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, ડે. મ્યુનિ. કમિશનરશ્રી અરૂણ મહેશ બાબુ, જાડેજા, શ્રી સી. કે. નંદાણી, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઇ પુજારા, શ્રી રઘુભાઇ ધોળકિયા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી રાબીયાબેન સરવૈયા, કોષાધ્યક્ષશ્રી અનિલભાઇ પારેખ, મહિલા મોરચાના પ્રમુખશ્રી નયનાબેન પેઢરીયા, કોર્પોરેટરશ્રી દલસુખભાઇ જાગાણી, શ્રી મુકેશભાઇ રાદડિયા, શ્રી દેવુબેન જાદવ, શ્રી મનીષભાઇ રાડીયા, શ્રી અનિલભાઇ રાઠોડ, શ્રી અજયભાઇ પરમાર, શ્રી અશ્વિનભાઇ મોલીયા, શ્રી બાબુભાઇ આહીર, શ્રી અશ્વિનભાઇ ભોરણીયા, શ્રી બીનાબેન આચાર્ય, શ્રી જાગૃતિબેન ઘાડીયા, શ્રી જયોત્સનાબેન ટીલાળા, શ્રી વિજયાબેન વાછાણી, શ્રી અનીતાબેન ગોસ્વામી, શ્રી મીનાબેન પારેખ, શ્રી વર્ષાબેન રાણપરા, શ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી જયાબેન ડાંગર, શ્રી કિરણબેન સોરઠીયા, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી રૂપાબેન શીલુ, શ્રી પ્રીતિબેન પનારા, શ્રી દક્ષાબેન ભેસાણીયા, શિક્ષણ સમિતિ સદસ્યશ્રી કિરણબેન માંકડિયા, શ્રી મુકેશભાઇ મહેતા, વોર્ડ નં.૬ પ્રભારીશ્રી પરેશભાઇ પીપળીયા, પ્રમુખશ્રી ઘનશ્યામભાઇ કૂંગશિયા, મહામંત્રીશ્રી દુષ્યંતભાઇ સંપટ, શ્રી જગાભાઇ રબારી તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ મ્યુનિ. સેક્રેટરી હરીશ રૂપારેલીઆ, કામલીયા, શ્રી ભાવેશ જોશી, સિટી એન્જી. અલ્પનાબેન મિત્રા, કે. એસ. ગોહેલ, આસી. કમિશનરશ્રી હર્ષદ પટેલ, કગથરા, સમીર ધડુક, વાસંતીબેન પ્રજાપતિ, ચુડાસમા, ડે. સેક્રેટરીશ્રી કે. એચ. હિંડોચા, શ્રી સી. એન. રાણપરા, ચીફ ફાયર ઓફિસર ઠેબા, ડી.વાય.એસ.પી. ઝાલા, પર્યાવરણ ઇજનેર નિલેશ પરમાર, નાયબ ઇજનેર વાય. કે. ગોસ્વામી, નાયબ પર્યાવરણ ઇજનેર પ્રજેશ સોલંકી, દિગ્વિજયસિંહ તુવર, આસી. મેનેજર અમિત ચોલેરા, ઉનાવા, મારૂ, ધોણિયા, વત્સલ પટેલ, પી.એ.ટુ ડે. મેયરશ્રી હસમુખ વ્યાસ, તેમજ ભાજપ અગ્રણી મનસુખભાઇ જાદવ, વિનુભાઇ તળપદા, દેવજીભાઇ ખીમસુરીયા, ભરતભાઇ મકવાણા, વલ્લભભાઇ દુધાત્રા, બાબુભાઇ વેકરીયા, અરવિંદભાઇ દેસાણીયા, અનિલભાઇ મકવાણા, નટુભાઇ મકવાણા તેમજ આ વિસ્તારના ભાઇઓ - બહેનો, સ્કુલના બાળકો, વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ પોતાના સંદેશમાં શહેરનાં નગરજનો જોગ શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે વોર્ડ નં.૬માં યોજાયેલ શ્રેષ્ઠ સફાઇ કામદાર હરિફાઇમાં અનુક્રમે ૧ થી ૩ નંબરે વિજેતા બનેલા શ્રી હંસાબેન જેઠવા, રવજીભાઇ મકવાણા, મીનાબેન પરમાર, વિગેરેનું મેયરશ્રી, ધારાસભ્યશ્રી તથા પદાધિકારીઓના વરદ્‌હસ્તે સાલ ઓઢાડી, પ્રમાણપત્ર એનાયત કરી, સન્માન કરવામાં આવેલ હતાં. તેજ રીતે



પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે શાળા નં. ૭૮ના વિદ્યાર્થીઓ દ્વારા 'મોર બની થનગાટ કરે', શાળા નં.૧૩ના 'કંધો સે કંધે મિલકર', શાળા નં. ૯૬ દ્વારા 'અમે લહેરી લાલા', શ્રીમતી જે. જે. કુંડલીયા દ્વારા વંદે માતરમ્, દેશભક્તિના ગીત પર વિવિધ નૃત્ય કૃતિ રજુ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરેલ. દેશભક્તિની કૃતિ રજુ કરનાર તમામ શાળાઓને મેયરશ્રી, કોર્પોરેટરશ્રીઓ, ભાજપ અગ્રણીઓ દ્વારા રોકડ પુરસ્કાર એનાયત કરેલ. આ અવસરે મહાનુભાવોના હસ્તે કેસરી, સફેદ તથા લીલા રંગના ફુગ્ગાઓ ગગનમાં છોડવામાં આવેલ હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને ગુલાબનું ફૂલ અર્પણ કરી પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવેલ. તેમજ સ્કુલના સૌ બાળકોને બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવેલ હતું.

૦ થી ૩ વર્ષના બાળ તંદુરસ્તી હરીફાઇના વિજેતા બાળકો પ્રથમ ક્રમે પ્રથમ સહદેવ ચારોલીયા, અર્જુન ખેર, ધ્રષ્ટી આદોદરિયા, બિલાલ પઠાણ, વિવેકા ભલસોડ તથા ૩ થી ૫ વર્ષના બાળકોમાં અનુક્રમે કાવ્યા ધ્રુવીશા અઘેરા, મિહિર રાઠોડ, ભક્તિ સાનિયા, જેનીલ માલકીયા, દેવાંશી ડાભીને નાની સાયકલ અર્પણ કરી સન્માન કરેલ, તેમજ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝના જવાનો કિશોરસિંહ જાડેજા, પરબતભાઇ બાંભવા, વાસુદેવ વ્યાસ, અલ્તાફ રાઉમા, વિપુલ વાળા વિગેરેને શાલ ઓઢાડી મેયરશ્રી, ધારાસભ્યશ્રી, શહેર ભાજપ પ્રમુખશ્રી, ડે. મેયરશ્રી, સ્ટે. કમિટી ચેરમેનશ્રી, કમિશનરશ્રી, ડે. કમિશનરશ્રી વિગેરેના વરદ્હસ્તે સન્માન કરવામાં આવેલ.



# રાજકોટના વિકાસના દ્વાર ખુલ્યા :

## 'સ્માર્ટ સિટી મિશન'માં રાજકોટ મહાનગરપાલિકાનો સમાવેશ




મેયર ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ એક યાદીમાં જણાવે છે કે, ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી બનાવવાનું આયોજન કરેલ તે સમયે ૧૦૦ શહેરોમાં રાજકોટનો સમાવેશ હતો. શહેર સ્માર્ટ સિટી તરીકે જાહેર થતા તે માટે રાજકોટ મહાનગરપાલિકા તબક્કા--વાર જુદી-જુદી કામગીરી અને આયોજન શરૂ કરેલ. જેના ફળ રૂપે આજે તા. ૨૩-૬-૨૦૧૭ના રોજ કેન્દ્ર સરકારે જાહેર કરેલા વધુ ૩૦ શહેરોની યાદીમાં રાજકોટ નો ત્રીજા ક્રમે સમાવેશ થયેલ છે. આ બદલ મેયરશ્રી તથા ચેરમેનશ્રીએ કેન્દ્ર સરકારશ્રી, રાજ્ય સરકારશ્રીનો આભાર વ્યકત કરી રાજકોટવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રથમ બે તબક્કામાં રાજકોટ શહેરનો સ્માર્ટ સિટી માં સમાવેશ થયેલ નહિ. ત્યારબાદ વિસ્તાર આધારિત વિકાસ અને ગ્રીનફિલ્ડ (હરિયાળી વિકાસ) મુખ્ય બે પ્રોજેકટ સાથે જેમાં કૌશલ્ય સંવર્ધન કેન્દ્ર, રમત-ગમત સુવિધા, ન્યુ રેસકોર્ષ, તળાવોનું નવિનીકરણ, વૈશ્વિક કક્ષાની આધુનિક આંતર માળખાકીય સુવિધાઓ, પાણી પુરવઠો, બી.આર.ટી.એસ., સલામતી માટે સીસી ટીવી કેમેરાની સુવિધા, સોલાર પાવર પ્લાન્ટ, ગ્રીન બિલ્ડીંગ વિગેરે માટે રૂા.૨૬૨૩ કરોડના પ્રોજેકટો મુકવામાં આવેલ છે જેમાં રૂા.૨૧૭૭ કરોડ ગ્રીન--ફિલ્ડ ડેવલોપમેન્ટ માટે અને રૂા.૪૪૬ કરોડ પાનસિટી સોલ્યુશન માટે મુકવામાં આવેલ છે.

તા.૨૩-૬-૨૦૧૭ના રોજ સ્માર્ટ સિટી ત્રીજા તબકકાના સ્માર્ટ સિટી પસંદગી માટે દેશના ૪૮ શહેરોએ ભાગ લીધેલ, જેમાં રાજકટ શહેરનો ત્રીજા ક્રમે સમાવેશ થયેલ છે. સ્માર્ટ સિટીમાં પસંદગી થતા શહેરના વિકાસના દ્વારો ખુલશે.

શહેરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થતા, વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૫૦૦ કરોડ, રાજ્ય સરકાર દ્વારા રૂા.૨૫૦ કરોડ અને રૂા.૨૫૦ કરોડ મ્યુનિ. કોર્પોરેશનનો ફાળો ગણી કુલ રૂા.૧૦૦૦ કરોડના વિકાસ કામો થશે. સ્માર્ટ સિટીમાં સમાવેશ થવા બદલ ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને ગુજરાતની માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વની રાજ્ય સરકારનો આભાર માનવામાં આવેલ છે.






### રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

# “ગાર્ડન એક્ઝિબિશન-ફલાવર શો”

## રાજયના શિક્ષણ, ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર વિભાગના માન. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન...

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૧ થી તા.૦૪ ફેબ્રુઆરી સુધી બહુમાળી ભવન સામે, ક્રિકેટ સ્ટેડિયમની બાજુના બગીચામાં ૪ દિવસ યોજાયેલ “ગાર્ડન એક્ઝિબિશન - ફલાવર શો”નું ઉદ્ઘાટન તા.૦૧ના રોજ રાજયના શિક્ષણ, ઉચ્ચ ટેકનિકલ વિભાગન માન. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમેલશભાઇ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શ્રી ભીખાભાઇ વસોયા, અનુ. જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી કિશોરભાઇ રાઠોડ, જીવન કોમર્શિયલ બેંકના એમ.ડી. શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, નવરંગ નેચર કલબના પ્રમુખશ્રી વી. ડી. બાલા, માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી વિજયભાઇ ડોબરીયા, ડે. કમિશનરશ્રી અરુણ મહેશ બાબુ, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, ગાર્ડન અને બાગ બગીચા ચેરમેનશ્રી દેવુબેન જાદવ તેમજ વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ મનિષભાઇ રાડીયા, બાબુભાઇ આહિર, મુકેશભાઇ રાદડિયા, દલસુખભાઇ જાગાણી, જમીન ઠાકર, અજયભાઇ પરમાર, અશ્વિનભાઇ ભોરણીયા, પ્રીતિબેન પનારા તેમજ આ ફલાવર શોમાં રાજય-શહેરમાંથી જુદી-જુદી નર્સરીઓના સંચાલકો તેમજ પર્યાવરણ પ્રેમીઓ ઉપસ્થિત રહેલ હતા.

રાજકોટના પ્રભારી મંત્રી અને રાજયના માન. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવેલ કે, માન. મુખ્યમંત્રીએ રાજકોટના પ્રભારી મંત્રીની જવાબદારી સોપ્યા બાદ અગાઉ બે વખત ધાર્મિક પ્રસંગે આવેલ ત્યારબાદ પ્રથમ સરકારી કાર્યક્રમ અન્વયે આ સંસ્કારી નગરીમાં ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલ છે. શહેરને સ્વચ્છ, વિકસિત, શિક્ષિત નગરી બનાવવા પ્રયાસ થયેલ છે તે બદલ તંત્રવાહકોને અભિનંદન પાઠવું છું. રાજકોટ શહેર અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે પુરતા પ્રયત્નો કરવામાં આવશે. ગ્લોબલ વોર્મિંગ અને કલાઇમેટ ચેન્જ માટે વૃક્ષોનું મહત્વ જરૂરી છે. બીજા નંબરના કલાઇમેટ ચેન્જ માટેનું પુસ્તક લખનાર અને વૈશ્વિક સંમેલનમાં કલાઇમેટ ચેન્જની ચિંતા ભારતના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરેલ હતી. પેટ્રોલ અને વિજળીના ઉપયોગથી કાર્બન વધુ પેદા થાય છે. જે માનવ સ્વાસ્થ્યને નુકશાન કરે છે. ઈશ્વરે આપણને ગાય અને વૃક્ષ આપેલ છે. જેનું જતન આપણને ખૂબ જ ઉપયોગી નીવડે છે. ગાયનું ગોબર, ગૌમુત્ર, દૂધ ઉપયોગી છે તેવી જ રીતે વૃક્ષ પણ વાતાવરણમાં ઉપયોગી એવો પ્રાણવાયુ છોડી, આપણા સ્વાસ્થ્યને સુધારે છે. આજે વિકસિત દેશોમાં ગ્લોબલ વોર્મિંગનો મોટો પડકાર છે. આજે ઋતુ ચક્રમાં પણ મોટા ફેરફારો જોવા મળે છે. તેના ઉપાય તરીકે વૃક્ષોનું જતન અને લોકોની જાગૃતતા ખૂબ જ મહત્વની છે. વધુમાં શ્રી ભુપેન્દ્રસિંહે જણાવેલ કે, ‘છોડમાં રણછોડ’ તે રીતે ભગવાનને



## ગાર્ડન એક્ઝિબિશન-ફ્લાવર શોના મુખ્ય આકર્ષણો :

- અંદાજે ૫૦ હજાર ચો.મી. જગ્યામાં દ્વિતીય ફ્લાવર-શોનું આયોજન.
- કુલ ૮૦ થી વધુ જાતોના અંદાજે ૨.૧૫ લાખથી વધુ ફુલછોડના રોપા વિગેરેની પ્રદર્શની.
- ઓર્કિડ, કાર્નેશન, સેવંતી, ગલગોટા, ઈંગ્લીશ ગુલાબ જેવા વિવિધ જાતોના ફુલોમાંથી બનાવેલ જીરાફ, બટર ફ્લાય, હરણ, મોર, ઢીંગલી, સ્પોર્ટસમેન, રહાયનો, બળદ ગાડુ, સોમનાથ મંદિરની પ્રતિકૃતિ તેમજ ફ્લાવર બાસ્કેટ સ્ટેન્ડ વિગેરે મળી ૫૦ થી વધુ જાતના સ્કલ્પચર.
- બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વધે તે હેતુથી ફ્લાવર-શો થીમ આધારિત લાઇવ ચિત્ર સ્પર્ધા.
- ફુલોથી રંગોળીની સ્પર્ધા.
- વન્યજીવો-સમુદ્રિજીવો અને વનસ્પતિના સ્કલ્પચર સાથે વન્ય સંસ્કૃતિની ઝાંખી કરાવતો ડોમ.
- રાજકોટ મહાનગરપાલિકાના ઝૂ વિભાગના એન્ટરપ્રિટેશન સેન્ટરનો ડોમ.
- આર્ટ અને ક્રાફટનો વર્કશોપ.
- ઉત્તર પૂર્વ ભારતના રાજયોના લોકો દ્વારા બનાવવામાં આવતી ચીજ વસ્તુના આકર્ષણો.
- ખાતર, દવા બિયારણ તેમજ ગાર્ડનના ઓજારો વિગેરેના વેંચાણ સાથે સંકળાવેલ ખાનગી સંસ્થા, વેપારીઓ વિગેરેના ૩૦ થી વધુ સ્ટોલ્સ, ફુલછોડના રોપાઓના વેંચાણ માટેના નર્સરીઓના ૧૦ સ્ટોલ્સ.
- ખાણી પીણીના ૨૫થી વધુ સ્ટોલ્સ.

ફૂલ ચડાવો તો ભગવાન પણ રાજી થાય છે. આપણે પણ હાથમાં ફૂલ લઇ, પ્રફુલ્લિત થઇએ છે. માન. મંત્રીશ્રીએ પાણીની કરકસર કરવા પર પણ ભારપૂર્વક જણાવેલ. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજી-૧ ડેમ બેડીથી આજી-૨ ડેમ સુધી ૧૧ કિ.મી.ની રિવરફ્રન્ટની રાજકોટ શહેરને અમૂલ્ય ભેટ આપેલ હતી. શહેરીજનોને ફ્લાવર શોનો લાભ લેવા તેમણે અપીલ કરી હતી. આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષે પ્રથમ વખત યોજેલ ફ્લાવર શોને ખૂબ જ સફળતા મળી હતી. અને ૫ લાખથી વધુ લોકોએ તેનો લાભ લીધેલ હતો. આ ફ્લાવર શોમાંથી પ્રેરણા લઇ, ચાલુ વર્ષે પણ ઘણા સુધારાઓ સાથે ફ્લાવર શો યોજવામાં આવેલ છે. આજે આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગથી ચિંતીત છે. પર્યાવરણની જાળવણી માટે લોકો જાગૃત થાય, પર્યાવરણનું જતન કરે તે ખૂબ જ જરૂરી છે. વિશ્વમાં કાર્બન ઉત્પાદનમાં ચીન ૩૦%, અમેરિકા ૧૫%, ભારત ૭% જયારે રાજકોટ ૧.૪૦% ઉત્પન્ન કરે છે. રાજકોટ શહેરમાં કાર્બનનું ઓછામાં ઓછુ ઉત્સર્જન થાય તે માટે એલ.ઇ.ડી. લાઇટો, જુદા જુદા બગીચાઓ, માસ ટ્રાન્સપોર્ટ વિગેરે પર્યાવરણ રક્ષણાત્મક પગલાઓ લેવામાં આવી રહ્યા છે. ભગવાન રામ પણ ફૂલ-છોડ, ઝાડને પ્રેમ કરતા, તેમ આપણે પણ તેને પ્રેમ કરીએ. પર્યાવરણ બચાવવા આપણે પણ ઘર આંગણે વૃક્ષો વાવીએ, ઘરમાં તુલસી કયારો રાખીએ. કહેવાય છે કે, ‘જેને આંગણે તુલસીનો કયારો, તેનો વૈકૂંઠમાં વાસ’ થાય છે. તુલસી આરોગ્યની દ્રષ્ટિએ ખૂબ જ ઉપયોગી છે અને વાઇરસને પણ રોકે છે. અને તુલસી કયારો ધરાવતા ઘરમાં માંદગી આવતી નથી. વધુમાં, તેમણે વધુ શહેરીજનોને અદ્‌ભૂત ફ્લાવર શો નિહાળવા આહવાન કરેલ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ અને માન. મંત્રીશ્રીનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરેલ, જ્યારે મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને શહેર ભાજપ હોદ્દેદારો દ્વારા ખાદી વસ્ત્ર અર્પણ કરી સ્વાગત કરેલ. આ ઉપરાંત બાગ-બગીચાના ચેરમેનશ્રી દેવુબેન જાદવ અને શ્રી પ્રીતિબેન પનારાએ સૌ મહેમાનોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના કર્મચારીશ્રી પ્રફૂલ્લાબેન સ્વચ્છતા અને પર્યાવરણ પર ગીત બનાવેલ જેનું માન. મંત્રીશ્રીના વરદ્‌હસ્તે વિમોચન કરેલ હતું. કાર્યક્રમના અંતે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલે આભારવિધિ કરેલ હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાજયના શિક્ષણ, ઉચ્ચ ટેકનિકલ વિભાગના માન. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજકોટની રંગીલી પ્રજા માટે ફ્લાવર શો ખુલ્લો મુકેલ હતો.









### રાજકોટ મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ શહેર પોલીસ, માર્ગ અને મકાન વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા રાજકોટ શહેરી વિકાસ સતામંડળના સંયુકત ઉપક્રમે



# માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે રૂા.૨૮૬ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત-લોકાર્પણ

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, જિલ્લા કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, રાજકોટ પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત, રાજકોટ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (ઇ.ચા.) રજીસ્ટ્રાર ડૉ. ધિરેન પંડયા, માર્ગ અને મકાન વિભાગ વર્તુળ-૧ના કાર્યપાલક ઇજનેરશ્રી એમ. પી. ત્રિવેદી, રાજકોટ મહાનગરપાલિકા બાંધકામ કમિટી ચેરમેન શ્રી મુકેશભાઇ રાદડિયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણી, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયાએ એક સયુંકત યાદીમાં જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર, રાજકોટ શહેર પોલીસ, માર્ગ અને મકાન વિકાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા રાજકોટ શહેરની સત્તામંડળ સયુંકત ઉપક્રમે તા.૧૭-૨-૨૦૧૮ના રોજ રૂા.૧૭૫ કરોડના ખર્ચે જુદા જુદા વિકાસ કામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા. તેમજ આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, શહેર પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, શહેર ભાજપ પ્રવકતાશ્રી રાજુભાઇ ધ્રુવ, ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શ્રી ભીખાભાઇ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઇ કોઠારી, શ્રી વિક્રમભાઇ પુજારા, માર્કેટ સમિતિ ચેરમેનશ્રી અશ્વિનભાઇ ભોરણીયા, સમાજકલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, શ્રી શિલ્પાબેન જાવીયા, શ્રી બિનાબેન આચાર્ય, શ્રી જયોત્સનાબેન ટીલાળા, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી વિજયભાઇ ચૌહાણ, શ્રી પુનિતાબેન પારેખ, ડે. કમિશનરશ્રી અરુણ મહેશ બાબુ, શ્રી ડી. જે. જાડેજા, શ્રી સી. કે. નંદાણી, રૂડાના સી.ઇ.ઓ. શ્રી પંડયા, ડે. કલેકટરશ્રી જાની, સિટી એન્જિ.શ્રી અલ્પનાબેન મિત્રા ઉપસ્થિત રહયાં હતા. આ પ્રસંગે કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વાઇસ ચાન્સલરશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ હતું. તેમજ બાદમાં રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તેમજ શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કરવામાં આવેલ હતું. બાંધકામ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણી, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયા દ્વારા મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવેલ હતું. સ્વાગત પ્રવચન જિલ્લા કલેકટર ડૉ. વિક્રાંત પાંડેએ કરેલ હતું.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રી





વિજયભાઇ રૂપાણીએ વહીવટીતંત્ર અને રાજકોટ મહાનગરપાલિકાને અભિનંદન આપતા જણાવેલ કે, રૂા.૨૮૬ કરોડના વિકાસ કામોના લોકાર્પણ શિલાન્યાસ કરીને રાજકોટના ઇતિહાસમાં આટલા મોટા કામો સૌ-પ્રથમ વખત થયા છે. વિકાસ એ દેશના લોકલાડીયા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજનીતિમાં વણી લીધેલ છે. વિકાસને તેમણે એરણ પર ચડાવ્યો છે. સમયની સાથોસાથ શહેરોની સંખ્યા વધતી જાય છે ત્યારે સરકાર વિકાસના કામો કરવા માટે પ્રતિબદ્ધ છે. લોકો માટે આવાસો બને છે, પોલીસ સ્ટેશનો બને છે, વોકળાના સ્થાને ગ્રીન રોડ બને છે, સાઇકલિસ્ટ માટે સાયકલ ટ્રેક બને છે, વોકળા પર ગ્રીન બેલ્ટનો એક નુતન અભિગમ શરૂ થયો છે. આટલા બધા રૂપિયાના કામો થતા હોય ત્યારે પૈસાની આવશ્યકતા વધે છે. પરંતુ સરકારે છેલ્લા ઘણા વર્ષોમાં નવો એક પણ ટેક્ષ નાખ્યા વગર લોકોના પૈસા બચાવી, વિકાસ કામો કર્યા છે. રૂા.૭,૦૦૦ કરોડનું બજેટ રૂા.૧૭૦ લાખ કરોડનું બનેલ છે. તેમાંથી ૯૦% વિકાસના કામો થાય છે. રાજીવ ગાંધી કહેતા ૧ રૂપિયો મોકલું છું અને ૧૫ પૈસા પહોંચે છે. જયારે નરેન્દ્રભાઇ મોદી કહે છે ૧ રૂપિયો મોકલું છું અને ૧ રૂપિયો ૨૫ પૈસાનું કામ થાય છે. અગાઉ લોકો પોલીસ સ્ટેશનમાં જતા ડરતા પરંતુ હવે આધુનિક પોલીસ સ્ટેશનો થતા લોકોનો ડર દુર થયો છે. લોકોને રહેવું ગમે તેવા આવાસો બનાવવામાં આવે છે. આવતી કાલે રાજકોટ ખાતે લોકો દોડશે પરંતુ તે આમ-તેમ નહિ નિશ્ચિત દિશામાં દોડશે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' તેનો અર્થ જ મેરેથોન છે. રોટી, કપડા, મકાન સામાન્ય માનવીનું સ્વપ્ન છે પરંતુ તે ખાલી ઘર નહિ પરંતુ તમામ સુવિધાપૂર્ણ ઘર પુરું પાડવામાં આવે છે. સૌને માથે છત આપવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની નેમ છે. જુદી જુદી યોજનાઓ દ્વારા તેમણે આવાસો બનાવવાના કાર્યક્રમો આપ્યા છે. લોકોને નળ, ગટર, આવાસ, આરોગ્ય તથા શિક્ષણની સુવિધાઓ આપવામાં આવે છે. સારું ઘર, સારું શિક્ષણ આપવાથી લોકોનું જીવન ધોરણ ઉંચુ જાય છે અને આ માટે સરકાર કાર્યરત છે. છેવાડાનો માણસ પણ વિકાસથી વંચિત ન રહે તેનું ઘ્યાન રાખવામાં આવે છે. ચાલુ સાલે મઘ્યપ્રદેશમાં ઓછો વરસાદ પડતા નર્મદામાં ઓછું પાણી આવ્યું છે. ચારેય રાજયોમાં ૫૦% કાપ છે. પરંતુ રાજય સરકારની રજૂઆતને ઘ્યાને લઇ, ઉનાળામાં પાણીની તંગી ન થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. આગામી જુલાઇ સુધી પૂરતું પાણી મળી રહે, રાજકોટની પ્રજાને પાણી કાપનો સામનો કરવો ન પડે તે માટે સરકાર કટીબદ્ધ છે. અગાઉ ટૂંકા સમયના કારણે ૨૦-૨૦ રમવું પડેલ હતું. હવે ગુજરાતની પ્રજાએ લાગલગાટ છઠ્ઠી વખત ભાજપને પુરા પાંચ વર્ષનો સમય આપ્યો છે ત્યારે રાજયનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકાર કૃતનિશ્ચયી છે. ગુજરાત દેશનું શ્રેષ્ઠ રાજય બને તે માટે સરકાર પ્રયત્નશીલ છે. આવનારા દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકા, રૂડા, પોલીસ વિભાગ તથા કલેકટર વિભાગ દ્વારા વધુ વિકાસ કાર્યો થાય તેવી મેરેથોનની પૂર્વ સંધ્યાએ શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાઘ્યાયએ ઉદબોધન કરતા જણાવ્યું કે, રાજકોટ માટે સોનાનો સુરજ ઉગ્યો છે. માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ તેઓ સૌ-પ્રથમ વખત આટલા મોટા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ખૂબ વ્યસ્ત હોવા છતાં તેઓ પ્રજાનો પ્રેમ જોઇ અત્રે ઉપસ્થિત રહયા છે. આ કાર્યક્રમ રાજકોટ મહાનગર--પાલિકા, કલેકટર કચેરી, માર્ગ અને મકાન વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિતના સરકારી વિભાગોનો કાર્યક્રમ છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની વાત કહું કે કુલ રૂા.૧૩ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૭-૧૮માં ડી.આઇ. પાઇપ--લાઇન નેટવર્કનો પ્રારંભ થયો છે. પાણીવાળા રૂપાણી છે. આજીડેમ ખાલીખમ હતો ત્યારે માં નર્મદા નીરથી ડેમ ભરી દીધેલ છે. તે માટે તેઓ ધન્યવાદના અધિકારી છે. આગામી દિવસોમાં ડી.આઇ. પાઇપલાઇન નેટવર્કથી ૨૪×૭ પાણી પુરવઠા આયોજન શરૂ કરાશે. આવતી કાલે રાજકોટ મેરેથોન-૨૦૧૮ છે. વર્ષ ૨૦૧૬માં મેરેથોનમાં ૪૫૦૦૦ રજીસ્ટ્રેશન થયા હતા. બાદમાં વર્ષ ૨૦૧૭માં ૬૩૦૦૦ રજીસ્ટ્રેશન થયા હતા જયારે આ વર્ષે ૬૪૦૦૦થી વધુ રજીસ્ટ્રેશન થયા છે જે આ મેરેથોન માટે સિદ્ધિ છે. લોકો રાજકોટ માટે દોડી રહયા છે. તે માટે લોકોનો આભાર માનું છું. આવતીકાલે રાજકોટનો કોઇ વ્યકિત ઘરે સુતો ન હોવો જોઇએ. બધા મેરથોનમાં જોડાય પછી ભલે રજીસ્ટ્રેશન કરેલ હોય કે ન હોય રાજકોટના વિકાસ માટે તેઓ દોડે તેમ અંતમાં તેમણે જણાવેલ હતું.

આ કાર્યક્રમ દરમ્યાન માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે જુદા જુદા વિભાગોના ખાતમુહૂર્ત અને લોકાર્પણની તકતીઓનું અનાવરણ કરવામાં આવેલ હતું. તેમજ શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળ રેગ્યુલરાઇઝ થયેલ યુ.એલ.સી. લાભાર્થીને સનદ વિતરણ કરવામાં આવેલ હતા. તથા રૂડા દ્વારા રૂા.૬૬ કરોડના ખર્ચે તૈયાર થનાર આવાસોનો ડ્રો કરવામાં આવેલ હતો. કાર્યક્રમના અંતમાં આભારવિધિ સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ શ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણએ કરેલ હતી.

જુદા જુદા પ્રોજેકટના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ થકી રહેવાસીઓની સુવિધામાં વધારો થશે.

**"લોકો માટે આવાસો બને છે, પોલીસ સ્ટેશનો બને છે, વોકળાના સ્થાને ગ્રીન રોડ બને છે, સાઇકલિસ્ટ માટે સાયકલ ટ્રેક બને છે, વોકળા પર ગ્રીન બેલ્ટનો એક નુતન અભિગમ શરૂ થયો છે."**

**- શ્રી વિજયભાઇ રૂપાણી**
**માન. મુખ્યમંત્રીશ્રી**




રાજકોટ શહેરે એક નવો ઈતિહાસ સર્જ્યો હતો. ગત સાલ યોજાયેલી ફૂલ મેરેથોન વખતે ત્યારના દ્રશ્યો નજરોનજર નિહાળવાનું અને તેના માહોલ વચ્ચે પુલકિત થઇ જવાનો મોકો પ્રાપ્ત નહી કરી શકેલા હજારો લોકોએ પણ આ વર્ષે પ્રથમવાર આ લ્હાવો મેળવ્યો હતો.

ભારતની સૌથી મોટી અને નંબર વન મેરેથોન બનવાનું ગૌરવ પ્રાપ્ત કરનાર રાજકોટ ફૂલ મેરેથોનને ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી મેરેથોનને વહેલી સવારે ફ્લેટ ઓફ કરી તેને પ્રસ્થાન કરાવતા જ આ આંતરરાષ્ટ્રીય મેરેથોન એક નવું સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસ દ્વારા સતત ત્રીજા વર્ષે યોજાયેલી મેરેથોન દોડનો રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી રૂપાણી અને મેરેથોનના બ્રાન્ડ એમ્બેસેડર ઈન્ટરનેશનલ ક્રિકેટરશ્રી ચેતેશ્વર પુજારાની ઉપસ્થિતિએ સ્પર્ધકોનો ઉત્સાહ અનેક ગણો વધારી દીધો હતો. સ્માર્ટ સિટી બનવા ભણી આગળ ધપી રહેલ રાજકોટના લોકો પીવાના પાણીના કરકસરયુકત ઉપયોગ, સ્વચ્છતા મિશન અને ટ્રાફિક બાબતે વધુને વધુ વાચૃત થાય તેવા આશય અને થીમ સાથે યોજાયેલી ફૂલ મેરેથોન દોડમાં ૬૪,૦૦૦થી વધુ દોડવીરો જોડાતા તે ભારતની પ્રથમ ક્રમાંક તથા એશિયામાં બીજા ક્રમાંકની દોડ બની રહી હતી.

રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેર પોલીસ દ્વારા આયોજિત રાજકોટ મેરેથોન-૨૦૧૮માં અંદાજે ૬૪ હજારથી વધુ દોડવીરોએ ભાગ લઇ એક ઈતિહાસ રચ્યો છે. આ મેરેથોનનું ફ્લેગ ઑફ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે તા.૧૮-૨-૨૦૧૮ ના રોજ વહેલી સવારે ૦૫:૩૦ કલાકે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, રાજકોટ શહેર ભાજપ પ્રવકતાશ્રી રાજુભાઇ ધ્રુવ, ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, શ્રી ભીખાભાઇ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, વિરોધ પક્ષ નેતાશ્રી વશરામભાઇ સાગઠિયા, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત, ઈન્કમટેક્ષ પ્રિન્સિપાલ ચીફ કમિશનરશ્રી વિનોદકુમાર પાંડે, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઇ કોઠારી, શ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી વિક્રમભાઇ પુજારા, માર્કેટ સમિતિ ચેરમેનશ્રી અશ્વિનભાઇ ભોરણીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી મનિષભાઇ રાડીયા, વોટરવર્કસ કમિટી ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણી, શ્રી બીનાબેન આચાર્ય, સહિતના કોર્પોરેટરો તથા મહાનગરપાલિકાના અધિકારીઓ ડે. કમિશનર અરૂણ મહેશ બાબુ, ડી. જે. જાડેજા, સી. કે. નંદાણી, ચીફ ઓડિટરશ્રી કમલેશ ઠાકોર, સિટી એન્જિનિયરશ્રી અલ્પનાબેન મિત્રા, મહેન્દ્ર કામલીયા, ચિરાગ પંડયા, પર્યાવરણ અધિકારી નિલેશ પરમાર, તથા મેરેથોનને સ્પોન્સર કરનાર જુદી જુદી સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ






વિરોધ પક્ષના કાર્યાલય મંત્રીશ્રી વિરલ ભટ્ટ સહિતના ઉપસ્થિત રહયા હતા.

આ મેરેથોનના બ્રાન્ડ એમ્બેસેડર તથા ક્રિકેટરશ્રી ચેતેશ્વર પૂજારા પણ દોડમાં જોડાયા હતા.

૪૨ કિ.મી., ૨૧ કિ.મી., ૧૦ અને ૫ કિ.મી. ઉપરાંત દિવ્યાંગ તથા સિનિયર સિટીઝન કેટેગરીની મેરેથોન યોજાઇ હતી. મેરેથોનપૂર્ણ થયા બાદ ઉપરોકત મહાનુભાવોના વરદ્ હસ્તે વિજેતા દોડવીર ભાઇઓ અને બહેનોને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજકોટવાસીઓ ગત ફૂલ મેરેથોનની જેમ જ વહેલી સવારે ૪ વાગ્યાથી જ રેસકોર્ષ મેદાન અને મેરેથોનના વિવિધ કેટેગરીના છ રૂટ પર ઉમટી પડયા હતા.

આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, સતત ત્રીજા વર્ષે મેરેથોન-૨૦૧૮નું સફળ આયોજન કરવા બદલ સ્થાનિક વહીવટી તંત્રી અને તેમાં પુરતો સહયોગ આપનાર પ્રજાજનોને ખુબ ખુબ અભિનંદન. રાજકોટની એક અલગ છાપ છે કે, મોડી રાત સુધી રેસકોર્ષની પાળીએ બેસવું અને આઇસ્ક્રીમ ખાવો અને બપોરે જમીને સુઇ જવું. પરંતુ આજે સવાર ચાર વાગ્યાથી આખું શહેર દોડવા માટે રેસકોર્ષમાં આવી ગયું હોય તેમ લાગે છે. ૫ કી.મી. દોડવું એ પણ સારી વાત છે ત્યારે આ મેરેથોનમાં તો ૧૦,૨૧ અને ૪૨ કિ.મી. સુધી દોડવાના છે, આજની આ દોડ રાજકોટની એકતાનું પ્રતીક છે. અંદાજે ૭૫ હજારથી વધુ લોકો એક દિશામાં દોડી રહયા છે તે આજની મેરેથોન પરથી સાબિત થાય છે. અંદાજે રૂા.૨૦ કરોડના ખર્ચે રાજકોટ સ્પોર્ટસ પ્રમોશન ફાઉન્ડેશન શરૂ કરાયું છે ત્યારે હવે આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજકોટનું નામ રોશન થશે એ નિર્વિવાદ છે. રાજકોટને આપણે સંસ્કારી નગરી, સાંસ્કૃતિક નગરી બનાવવી છે. વિશ્વના અગ્રીમ હરોળના શહેરની જેમ રાજકોટનો સર્વાંગી વિકાસ કરવો છે અને તે નગરજનોના સહયોગથી જ શકય બનશે. આ માટે આવો આપને બધા સાથે મળી પુરુષાર્થ કરીએ.

આ પ્રસંગે ઇન્કમટેક્ષ પ્રિન્સિપાલ ચીફ કમિશનરશ્રી વિનોદ કુમાર પાંડેએ પોતાના ટુંકા વકતવ્યમાં જણાવેલ કે, આજની આ મેરેથોન ભારતની સૌથી મોટી મેરેથોન છે. રાજકોટ મહાનગરપાલિકા જેમ સ્વચ્છ રાજકોટ અભિયાન ચલાવે છે તે, ઇન્કમટેક્ષ વિભાગ સ્વચ્છ ધન અભિયાન ચલાવે છે. લોકો સમયસર ટેક્ષ ભરી દેશના વિકાસમાં સહયોગ આપે તેવી હું અપીલ કરું છું.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવેલ કે, પ્રથમ વખત આશરે ૪૫ હજાર, બીજી વખત ૬૩ હજાર અને આ વખતે ૬૪ હજારથી પણ વધુ લોકો આ મેરેથોનમાં જોડાયા છે તે રાજકોટની મોટી સિદ્ધિ છે. આપણું રાજકોટ સ્વચ્છ રાજકોટ, ટ્રાફિક સમસ્યાથી મુકત રાજકોટ બને તેવા સુંદર હેતુસર મેરેથોનનું આયોજન કરાયું છે. વિશ્વ આખું ભેગું થાય ત્યારે કલાઇમેટ ચેન્જ અને આતંકવાદ નાબુદીનો મુદ્દો ચર્ચે છે. આપણા માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આતંકવાદ સામે લડવા કાફી છે. તેથી જ આપણે કલાઇમેટ ચેન્જનું અભિયાન શરૂ કર્યું છે. જીવનમાં સુખી થવાની એક ચાવી છે. ‘પાંવ કો રાખો ગરમ, પેટ કો રાખો નરમ ઔર સર કો રાખો ઠંડા તો ફિર ડોકટર કો દિખાઓ ડંડા’ જરૂર પુરતું ખાઓ અને મગજને ઠંડુ રાખો, મૌનમાં જે તાકાત છે તે શેમાંય નથી. આપણે આપણા રાજકોટ માટે દોડતા રહી ભૂતકાળમાં જે સહયોગ આપ્યો છે. તેવો સહયોગ ભવિષ્યમાં મળતો રહેશે તેવી હું અપેક્ષા રાખું છું.

રાજકોટ મેરેથોન-૨૦૧૮નું સમાપન થતા વિજેતાઓને મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત અને કલેકટરશ્રી વિક્રાંત પાંડે, ઇન્કમટેક્ષ પ્રિન્સિપાલ ચીફ કમિશનર શ્રી વિનોદકુમાર પાંડે, ડે. કમિશનરશ્રી અરુણ બાબુ તથા શ્રી સી. કે. નંદાણી, વિગેરેના વરદ્ હસ્તે ઇનામો અપાયેલ હતા.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત અને કલેકટર શ્રી વિક્રાંત પાંડેએ કર્યું હતું તેમજ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલએ કરેલ હતું. આ પ્રસંગે રાજકોટ સ્પોર્ટસ પ્રમોશન ફાઉન્ડેશનનું મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવેલ હતું.

આ મહાઆયોજનમાં તમામ ખાનગી સંસ્થાઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, શાળાઓ - કોલેજો, રાજકોટવાસીઓ, તમામ એથ્લેટો, વિવિધ હોસ્પિટલો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્પોન્સર્સ, પાર્ટનર્સ, વિવિધ ક્ષેત્રો અને વ્યક્તિરૂપે પણ મળી રહેલા સહયોગ બદલ રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસ તમામ મહાનુભાવો પ્રત્યે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકરે આભાર વ્યકત કરેલ હતો.





## રાજકોટ મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા વહીવટી તંત્ર, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના સંયુકત ઉપક્રમે



## રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે

# રૂા.૨૫૬ કરોડના સ્પોર્ટસ સંકુલ સહિતના જુદા જુદા વિકાસ કામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા વહિવટી તંત્ર, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા રાજકોટ શહેરી વિકાસ સતામંડળના સંયુકત ઉપક્રમે તા.૧૫-૪-૨૦૧૮ના રોજ રૂા.૨૫૬ કરોડના ખર્ચે જુદા જુદા વિકાસ કામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી--ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતાં. આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, અનુસુચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત સચિવ ડી. ડી. કાપડિયા, રાજકોટ જિલ્લા કલેકટરશ્રી ડૉ. રાહુલ ગુપ્તા, રાજકોટ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી સચિવશ્રી ધનંજય દ્વિવેદી, રાજકોટ મહાનગર--પાલિકાની શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ કમિટી ચેરમેનશ્રી જાગૃતિબેન ઘાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, ડ્રેનેજ કમિટીના ચેરમેનશ્રી દેવરાજભાઇ મકવાણા, હાઉસિંગ કમિટીના ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયા, બાંધકામ કમિટીના ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, વોટર વર્કસ કમિટીના ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, શ્રી કિશોરભાઇ રાઠોડ, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઇ અઘેરા, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, માર્કેટ સમિતિના ચેરમેન શ્રી અશ્વિનભાઇ ભોરણીયા, વોર્ડ નં.૧૦ કોર્પોરેટરશ્રી બીનાબેન આચાર્ય, શ્રી જયોત્સનાબેન ટીલાળા, પૂર્વ કોર્પોરેટરશ્રી પરેશભાઇ હુંબલ, શ્રી




અનિલભાઇ લિંબડ, વોર્ડ નં.૧૦ પ્રભારીશ્રી ડૉ. માધવભાઇ દવે, પ્રમુખશ્રી રજનીભાઇ ગોલ, મહામંત્રીશ્રી હરેશભાઇ કાનાણી, શ્રી પરેશભાઇ તન્ના, રઘુવંશી અગ્રણી શ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી હસુભાઇ ભગદેવ, શહેર ભાજપ ઉપપ્રમુખશ્રી સંગીતાબેન છાયા, કોર્પોરેટરશ્રીઓ શ્રી કશ્યપભાઇ શુકલ, શ્રી મનિષભાઇ રાડીયા, શ્રી અશ્વિનભાઇ મોલીયા, શ્રી અજયભાઇ પરમાર, શ્રી બાબુભાઇ આહિર, શ્રી પરેશભાઇ પીપળીયા, શ્રી રૂપાબેન શીલુ, શ્રી વિજયાબેન વાછાણી, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી અનિતાબેન ગોસ્વામી, શ્રી અંજનાબેન મોરઝરીયા, શિક્ષણ સમિતિ સભ્યશ્રીઓ શ્રી મુકેશભાઇ મહેતા, શ્રી કિરણબેન માંકડિયા, પૂર્વ ડે. મેયરશ્રી માવજીભાઇ ડોડીયા, પૂર્વ કોર્પોરેટર શ્રી વિજયભાઇ ચૌહાણ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રી જાડેજા, નંદાણી તથા રાજકોટ મહાનગરપાલિકા ની જુદી જુદી શાખાના અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

રાજ્ય સરકારના તમામ સંબંધિત વિભાગોને તેમજ રાજકોટ મહાનગર-પાલિકા તંત્રને અભિનંદન આપતા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, 'જ્યાં માનવી, ત્યાં સુવિધા' એ સુત્રને અનુસરીને સરકાર લોકોને રસ્તા, ગટર, લાઇટ, પાણી જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને બાળકોમાં પડેલી સુષુપ્ત શકિતને બહાર લાવવાના પ્રયાસો કરી રહી છે. 'જે ખેલે, તે ખીલે' તે ઉક્તિનો ઉલ્લેખ કરીને તથા સુરતના ટેબલ ટેનિસ ખેલાડી હરમીત દેસાઇએ તાજેતરમાં કોમનવેલ્થ ગેમ્સમાં સૂવર્ણ ચંદ્રક મેળવી, ગુજરાતનું નામ દેશમાં તેમજ વિદેશમાં રોશન કરેલ છે તે કિસ્સાનો ઉલ્લેખ કરીને, માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવેલ કે, ગુજરાતનું બાળક મોટું થઇને વૈજ્ઞાનિક, ખગોળશાસ્ત્રી કે રમતવીર બને તેમજ દેશ-વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરે, તે દિશામાં રાજ્ય સરકાર સુવિધાઓ આપી રહી છે.

વિશેષમાં, રાજકોટ શહેર રહેવા અને માણવા લાયક બને તે દિશામાં




રાજકોટમાં નવું એરપોર્ટ, નવું બસ સ્ટેન્ડ, નવું રેસકોર્ષ તથા નવી જી.આઇ.ડી.સી. આકાર લઇ રહી છે તેની સાથોસાથ નવા રેસકોર્ષમાં ૧૦ એકર જગ્યામાં તળાવ નિર્માણ કરવાની માન. મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી જે જાહેરાતને ઉપસ્થિત સહુએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

વધુમાં માન. મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે, ગુજરાતમાં પાણીની તકલીફ ન પડે તે માટે સરકાર સતત કાર્યશીલ છે. ચોમાસા પહેલાની તૈયારીના ભાગરૂપે આગામી ૧ મે થી ૩૧ મે દરમ્યાન ''જળ અભિયાન'' નો પ્રારંભ થશે. જેમાં, તળાવો ઉંડા કરવા, ચેકડેમો રિપેર કરવા, નદીઓને સ્વચ્છ બનાવવી, ખેત તલાવડીઓ બનાવવી, જેવી જળસંગ્રહની એક કામગીરીઓ સરકાર દ્વારા સંસ્થાઓ, જનતા નગરપાલિકા અને મહાનગર-પાલિકાના સહયોગથી રાજ્યભરમાં કરવામાં આવનાર છે. ''જળ અભિયાન'' ને લીધે રાજ્યભરના હજારો તળાવ ચેકડેમો રિપેર થશે, ડેમોની પાણીની સંગ્રહ ક્ષમતામાં વધારો થશે, જમીનમાં પાણીના તળ ઉંચા આવશે, ખેતરો સમૃદ્ધ બનશે. માન. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સહુને જળ અભિયાનમાં જોડાવા આહવાન કરેલ હતું.

રાજકોટ શહેરની આજી નદીનો ઉલ્લેખ કરતા માન. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આજી નદીમાં આવતા ગંદા પાણીને બંધ કરવામાં આવશે સાથોસાથ આજી નદીને સ્વચ્છ બનાવવામાં આવશે. શહેરના પ્રાચીન એવા રામનાથ મહાદેવ મંદિરમાં આજી નદીનું ગંદુ પાણી ન જાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે.

'સૌની યોજના'ની કામગીરી પણ રાજ્યભરમાં વ્યાપક પ્રમાણમાં ચાલી રહી છે. આગામી દિવસોમાં સૌરાષ્ટ્રના તમામ ડેમ નર્મદાના નીર સાથે જોડીને સૌરાષ્ટ્રમાં દુષ્કાળને ભૂતકાળ બનાવવાની નેમ સાથે સરકાર કાર્યરત છે. દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવાનો રૂા.૮૦૦ કરોડનો ડીસેલીનેશન પ્રોજેકટ જોડિયા જામનગર પાસે કાર્યરત થનાર છે.

માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવેલ કે, રાજકોટ

મહાનગરપાલિકા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે રાજકોટ શહેરને રૂા.૨૫૬ કરોડના ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ થયા છે. તે ઐતિહાસિક ઘટના છે. રાજકોટના આજી ડેમમાં પાણી ન હતું ત્યારે ગુજરાત સરકારે યુદ્દધના ધોરણે નર્મદાનીરથી આજીડેમ ભરી દીધો છે તે માટે અમો રાજય સરકારના આભારી છીએ. સરકારશ્રી તરફથી રાજકોટ શહેરના અનેક વિકાસ કામો જેવા કે અન્ડરબ્રિજ, ઓવરબ્રિજ સહિતના જુદા જુદા પ્રોજેકટ માટે ચાલુ વર્ષના બજેટમાં પુરતી સુવિધા કરવામાં આવેલ છે તે માટે અમો સરકારશ્રીના આભારી છીએ. માન. મુખ્યમંત્રીશ્રી આજ વિસ્તારના ધારાસભ્ય છે ત્યારે તે આ વિસ્તારનું વિશેષ ધ્યાન રાખે તે સ્વાભાવિક છે. અદ્યતન સુવિધાસભર સ્પોર્ટસ સંકુલ આપવા માટે ગુજરાત સરકારના સંવેદનશીલ માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનો ખુબ ખુબ આભાર માનેલ હતો.

આ પ્રસંગે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત સચિવશ્રી ડી. ડી. કાપડિયા, રાજકોટ જિલ્લા કલેકટરશ્રી ડૉ. રાહુલ ગુપ્તા, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી સચિવશ્રી ધનંજય દ્રિવેદી, દ્વારા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ. તેમજ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શહેર ભાજપના હોદ્દેદારો તેમજ વોર્ડના હોદ્દેદારો દ્વારા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કરવામાં આવેલ. વોર્ડના કોર્પોરેટરો દ્વારા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનું બિસ્કીટ બાસ્કેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. શિશુકલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ કમિટી ચેરમેનશ્રી જાગૃતિબેન ઘાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી દેવરાજભાઇ



મકવાણા, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયા, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણીએ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત કરેલ.

કાર્યક્રમના અંતે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલે આભાર વિધિ કરેલ. અંતમાં માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ફ્લેગ ઑફ દ્વારા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ડ્રેનેજ તેમજ ફાયર બ્રિગેડના વાહનોની અર્પણ વિધિ કરેલ હતી.

રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે અંદાજીત રૂા.૨૫૬ કરોડના ખર્ચે જુદા જુદા કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવેલ. જેમાં રાજય સરકાર દ્વારા રાજકોટમાં રૂા.૫.૧૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અદ્યતન મલ્ટીપર્પઝ સંકુલનું તથા એકલવ્ય સ્કુલ ખાતે રૂા.૧૨ કરોડના ખર્ચે સ્પોર્ટસ હોસ્ટેલનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવેલ.

આ ઉપરાંત, રાજકોટ મહાનગરપાલિકાના મચ્છુનગરમાં રૂા.૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આવાસોનું લોકાર્પણ (લેન્ડ પ્રીમિયમ રૂા.૩૦.૧૨ કરોડ), પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મવડી વિસ્તારમાં રૂા.૩૩.૮૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ઘર-૨નું ખાતમુહૂર્ત, ચંદ્રેશનગર ખાતે ૨૪/૭ માટે રૂા.૫.૯૪ કરોડના ખર્ચે વોટર સપ્લાય સવલતનું ખાતમુહૂર્ત, વોર્ડ નં.૭ અને ૧૪માં રૂા.૩૧.૭૦ કરોડના ખર્ચે ડી.આઇ. પાઇપલાઇનનો શુભારંભ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ફાયર બ્રિગેડ તથા ડ્રેનેજ વિભાગના ઉપયોગ માટેના અંદાજીત રૂા.૫ કરોડના વાહનોની અર્પણ વિધિ, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના સહયોગથી રૂા.૫ કરોડના ખર્ચે ઇલેકિટ્રક બસ માટે MOU, શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રૂા.૫૪.૨૫ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભઘક એકટના ૭૮૪ આવાસોનું ખાતમુહૂર્ત, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રૂા.૫.૫૦ કરોડના ખર્ચે મામલતદાર કચેરી (પશ્ચિમ)નું ખાતમુહૂર્ત, આ ઉપરાંત ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા રૂા.૬૭ કરોડના ખર્ચે રીજીયોનલ સાયન્સ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ હતું. રાજકોટ શહેરમાં નિર્માણ પામનાર અદ્યતન મલ્ટીપર્પઝ સ્પોર્ટસ સંકુલમાં ગ્રાઉન્ડ ફલોર ૨૦૦૦.૧૫ ચો.મી.માં ૪ બેડમિન્ટન, ૮ ટેબલ ટેનિસ, જીમ હોલ, કોચ ઓફિસ, ચેઇન્જ રૂમ, ટોઇલેટ બ્લોક, સ્ટોર રૂમ, પ્રેક્ષક ગેલેરી-૫, પ્લેયર ગેલેરી-૩, આ ઉપરાંત મેઝનીન ફ્લોર ૯૧૮.૧૬ ચો.મી.માં જીમ્નાસ્ટીક હોલ, જુડો હોલ, ચેઇન્જ રૂમ, પ્રેક્ષક ગેલેરી-૧, પ્લેયર ગેલેરી વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે. આ સંકુલ નિર્માણ પામવાથી રાજકોટ શહેરના તથા સૌરાષ્ટ્રભરના ખેલાડીઓને તેમજ રમતવીરોને પોતાની ખેલકૂદની કારકિર્દી ઘડવામાં ખુબ જ ઉપયોગી થશે. આ રમતવીરોને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખેલકૂદ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે સુવિધાસભર પ્લેટફોર્મ તરીકે ઉપયોગી થશે.




# વોર્ડ નં.૪માં રૂા.૨.૬૭ કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર અદ્યતન કોમ્યુનિટી હોલનું રાજ્ય અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગના માન. મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને શુભ પ્રસંગો માટે નજીવા દરે કોમ્યુનિટી હોલની સુવિધા મળે તેવા શુભ આશયથી જુદા જુદા વિસ્તારોમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં વોર્ડ નં.૪માં કોમ્યુનિટી હોલ સુવિધા મળે તે માટે બજેટ જોગવાઇ કરવામાં આવેલ. જેના અનુસંધાને તા.૭-૧-૨૦૧૮ના રોજ વોર્ડ નં.૪માં જુના જકાતનાકા પાસે મોરબી રોડ ખાતે રૂા.૨.૬૬ કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર અદ્યતન કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત રાજ્યના અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગ માન. મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાના વરદ્હસ્તે કરેલ હતું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને મેયર શ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, પૂર્વ ધારાસભ્ય શ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઇ રાઠોડ, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, ઉપપ્રમુખશ્રી મધુબેન કુંગશીયા, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, કોર્પો.શ્રી દલસુખભાઇ જાગાણી, શ્રી મનિષભાઇ રાડીયા, શ્રી અશ્વિનભાઇ મોલીયા, શ્રી રેખાબેન ગજેરા, શ્રી સીમ્મીબેન જાદવ, શ્રી પ્રીતિબેન પનારા, શ્રી દેવુબેન જાદવ, શ્રી અશ્વિનભાઇ ભોરણીયા, શ્રી બીનાબેન આચાર્ય, શ્રી અનિલભાઇ રાઠોડ, પૂર્વ કોર્પો.શ્રી રસિકભાઇ પટેલ, શ્રી સુરેશભાઇ રૈયાણી, પૂર્વ ડે. મેયરશ્રી ભરતભાઇ મકવાણા, મહિલા મોરચા પ્રમુખશ્રી નયનાબેન પેઢડીયા, ભાજપ અગ્રણીશ્રી દેવદાનભાઇ કુંગશીયા, શ્રી કંકુબેન ઉઘરેજા, શ્રી ધર્મિષ્ઠાબેન પરમાર, શ્રી દિલીપભાઇ લુણાગરીયા, શ્રી ગેલાભાઇ રબારી, શ્રી મનસુખભાઇ જાદવ, શ્રી મુકેશભાઇ મહેતા, શ્રી અરવિંદભાઇ ભેસાણીયા, શ્રી રમેશભાઇ શિંગાળા, શ્રી દિપકભાઇ પનારા, વોર્ડ નં.૪ના પ્રભારીશ્રી અશોકભાઇ લુણાગરિયા, પ્રમુખશ્રી સંજયભાઇ ગોસ્વામી, મહામંત્રી શ્રી સી. ટી. પટેલ, શ્રી કાનાભાઇ ડંડૈયા ઉપરાંત વોર્ડ નં.૪ના નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતાં.

આ પ્રસંગે દિપ પ્રાગટ્ય અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગ માન. મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. રાજકોટ મહાનગર--પાલિકાના મેયરશ્રી તથા તમામ પદાધિકારીઓ દ્વારા માન. મંત્રીશ્રીનું પૂષ્પ હારથી સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગના મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાએ જણાવેલ હતું કે, જુના જકાતનાકા વિસ્તારમાં રહેતા લોકોને પાયાની સુવિધાઓ મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા સતત પ્રયત્ન--શીલ છે. મોરબી રોડ ઓવરબ્રિજને લીધે આ વિસ્તારના લોકોની ટ્રાફિકની સમસ્યા હલ થઇ ગયેલ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી રાજકોટના વતની હોઇ, શહેરને વધુને વધુ સુવિધા મળી રહેશે. વિકાસ ગાથામાં રાજકોટ શહેર બીજા શહેરોથી પાછળ ન રહે તેવા સહિયારા પ્રયાસો આપણે સૌએ કરવાના છે.

આ પ્રસંગે મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે જણાવેલ કે, 'જ્યાં માનવી, ત્યાં સુવિધા' એ સુત્ર ચરિતાર્થ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાના શાસકો કાર્યરત છે. શહેરમાં વોર્ડ દીઠ એક કોમ્યુનિટી હોલની સુવિધા આપવાનો રાજકોટ મહાનગરપાલિકાનો લક્ષ્યાંક છે. શહેરમાં હાલમાં બે નવા કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ ગતિમાં છે.

આ પ્રસંગે મહેમાનોનું શાબ્દિક સ્વાગત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલે કરેલ તેમજ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તકથી સ્વાગત વોર્ડ નં.૪ના કોર્પોરેટરશ્રી અશ્વિનભાઇ મોલિયાના વરદ્ હસ્તે કરેલ. અંતમાં આભારવિધિ બાંધકામ સમિતિ ચેરમેન શ્રી મુકેશભાઇ રાદડિયાએ થયેલ. વોર્ડ નં.૪માં રૂા.૨.૬૬ કરોડના ખર્ચે બનનારા અદ્યતન કોમ્યુનિટી હોલમાં ૨૩૧૩૪ ચો. ફૂટ બાંધકામ કરવામાં આવનાર છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર સ્ટોર રૂમ, બે સ્ટેર કેસ, લિફ્ટ, લેડિઝ તથા જેન્ટસ ટોઇલેટ બ્લોક, ફર્સ્ટ તથા સેકન્ડ ફ્લોર પર કોમ્યુનિટી હોલ, ચાર રૂમ વિથ ટોઇલેટ, કિચન, બે સ્ટેર કેસ, લિફ્ટ, લેડિઝ તથા જેન્ટસ ટોઇલેટ બ્લોક સુવિધા આપવામાં આવનાર છે.

# રાજકોટ મહાનગરપાલિકાની 'સ્માર્ટ સિટી' તરફની વિકાસ યાત્રાને વેગ આપતું

# વર્ષ ૨૦૧૮-'૧૯નું રૂા.૧૭૬૯.૩૩ કરોડનું બજેટ













આપણું રંગીલું રાજકોટ હવે કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી મિશનમાં સમાવિષ્ટ થઇ ચૂકયું છે. ત્યારે શહેરની સાંસ્કૃતિક અને સામાજીક ઓળખની વિરાસતને બરકરાર રાખી રાજકોટને અગ્રીમ હરોળનું સ્માર્ટ સિટી બનાવવા રાજકોટ મહાનગરપાલિકા પ્રતિબદ્ધ છે. શહેરને સ્માર્ટ સિટી મિશનમાં સ્થાન આપવામાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાત રાજ્યની પ્રગતિશીલ, સંવેદનશીલ, નિર્ણાયક અને પારદર્શક સરકારના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો સિંહફાળો રહયો છે, જે બદલ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પ્રત્યે રાજકોટ મહાનગરપાલિકા આભારની લાગણી વ્યકત કરે છે.

રાજકોટ મહાનગરપાલિકાએ ગત સાલ ''ઉદયમાન શહેર'' એટલે કે RESURGENT CITY ની કલ્પનાને મૂર્તિમંત કરવાની અભિલાષા સાથે શહેરમાં વિકાસલક્ષી પરિવર્તન થાય એ દિશામાં કૂચનો પ્રારંભ કર્યો હતો. હવે આ કૂચ નિર્ણાયક વળાંક ભણી આગળ ધપી રહી છે. કેન્દ્ર સરકારશ્રીના ''સ્માર્ટ સિટી મિશન''માં રાજકોટની ત્રીજા તબકકામાં પસંદગી થતા મહાનગરપાલિકાને નવા બળ અને ઉત્સાહ પ્રાપ્ત થયા છે. સ્વાભાવિક રીતે જ સ્માર્ટ સિટી મિશન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી પાસેથી પણ વધારાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થતો હોઇ રાજકોટની પ્રગતિને હવે પૂરક ગતિ પ્રદાન થશે. ''સ્માર્ટ સિટી મિશન''માં રાજકોટનો સમાવેશ થતા જ કેન્દ્ર તરફથી તાત્કાલિક ધોરણે રૂા.૧૯૪ કરોડની ગ્રાન્ટ ફાળવવાની મંજુરી આપી હતી. સ્માર્ટ સિટી મિશન હેઠળના પ્રોજેકટના અમલીકરણ માટે મહાનગરપાલિકાએ રચેલી ''રાજકોટ સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લિમિટેડ''ને પણ કેન્દ્રના કોર્પોરેટ અફેર્સ મંત્રાલયે તા.૨૧-૮-૨૦૧૭ ના રોજ રજિસ્ટર્ડ કરી આપેલ છે. હવે આ કંપનીના નેતૃત્વ હેઠળ વિકાસલક્ષી પ્રોજેકટ્સનો સિલસિલો ક્રમશઃ આગળ ધપતો રહેશે.

"BE THE CHANGE YOU WANT TO SEE IN THE WORLD" રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધી બાપુના આ શબ્દો ઇન્ફોમેશન ટેકનોલોજીના વર્તમાન મોડર્ન યુગમાં પણ અસરકારક અને પ્રસ્તુત પૂરવાર થઇ રહયા છે. એકલા હાથે કયારેય તાળી પડતી નથી. કોઇપણ નવા પરિવર્તન માટે સરકારશ્રીના સહયોગની સાથોસાથ શહેરના નાગરિકોની સક્રિય ભાગીદારી પણ એટલી જ આવશ્યક છે. માત્ર એટલું જ નહી દરેક નાગરિકે પોતાનાથી જ નવા પરિવર્તનનો પ્રારંભ કરવો પડશે. રાજકોટ શહેર વિકાસની નવી નવી ઉંચાઇઓ ત્યારે જ સર કરી શકશે જયારે સરકારશ્રી અને વહીવટી તંત્રને ''સૌનો સાથ'' પ્રાપ્ત થાય.

મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯'ના અંદાજપત્રમાં દરેક શહેરીજનને પ્રગતિની પ્રતીતિ અને અનુભૂતિ થાય તેવું વિકાસલક્ષી આયોજન કરવા રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯' નું રૂા.૧૭૨૭.૫૭ કરોડનું બજેટ પ્રસ્તુત કર્યુ હતું ત્યારબાદ સ્ટે. કમિટીએ કેટલાક ફેરફારો સાથે રૂા.૧૭૬૯.૩૩ કરોડનું બજેટ મંજુર કર્યું હતું.

સૌરાષ્ટ્રના પાટનગર જેવી ભૂમિકા ભજવી રહેલ રાજકોટ આજે આ વર્તુળના સીમાડા વટાવી કયાંય દુર પહોંચી ગયું છે. આપ સૌ વાકેફ છો કે, રાજકોટ મહાનગરપાલિકાએ શહેરને પ્રગતિશીલ બનાવવા જે પ્રકારે પ્રયાસો કર્યા છે તેના પરિણામે રાજકોટ માત્ર સૌરાષ્ટ્ર, ગુજરાત કે ભારતમાં જ નહી પરંતુ આંતરરાષ્ટ્રીય નકશા ઉપર પણ પોતાની એક નવી ઓળખ અને પ્રતિષ્ઠા ઉભી કરી શકયું છે. રાજકોટની ભૂમિકાનું ફલક વિસ્તર્યું છે, અને તેની જવાબદારીઓ પણ વધી છે તો બીજી તરફ લોકોની અપેક્ષાઓમાં પણ ઉત્તરોત્તર વધારો થઇ રહયો છે. રાજકોટ શહેરે સેવેલી RESURGENT CITY (ઉદ્‌યમાન શહેર) તરીકેની કલ્પના ક્રમશઃ સાકાર થતી જોઇ શકીએ છીએ.

રાજકોટ મહાનગરપાલિકા SMART CITY પ્રોજેકટના માધ્યમથી રાજકોટને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરવાની સાથોસાથ શહેરની આધુનિક સુવિધાઓનું માળખું પણ વધુ ને વધુ મજબુત બનાવી શકાશે.

- **<u>આર્થિક સુધારણા :</u>**

રાજકોટ મહાનગરપાલિકાનું કાર્યક્ષેત્ર જેમ જેમ વિસ્તરતું જઇ રહયું છે તેમ તેમ વહીવટી તંત્રની આર્થિક સુસજજતા પણ

## THE WAY TO SMART CITY



જળવાઇ રહે તેવા હેતુથી વખતોવખત આવશ્યક એવા આર્થિક સુધારાઓ કરવામાં આવતા રહે છે. હાલ રાજકોટ 'સ્માર્ટ સિટી' બનવા ભણી આગળ ધપી રહયું છે ત્યારે મહાનગરપાલિકાએ નીચે દર્શાવેલ કેટલાક મહત્વપૂર્ણ પગલાંઓ લેવાનું ઉચિત સમજેલ છે.

  - **મ્યુનિસિપલ બોન્ડ**
  - **એ.ડી.બી. લોન**
  - **ક્રેડિટ રેટિંગની પ્રક્રિયા**

- **<u>વહીવટી સુધારણા :</u>**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને સરળતાથી વિવિધ સેવાઓ પ્રાપ્ત થાય તેવા આશયથી સમયાનુસાર ઉચિત વહીવટી સુધારાઓ અમલમાં મુકવામાં આવતા હોય છે. આગામી વર્ષમાં શહેરની તમામ મિલકતોનું પ્રોપર્ટી ટેકસ સાથે સંકલન સાધવા તેમજ અન્ય સુવિધાઓનું સંકલન કરવા G.I.S./E.R.P. સંબંધી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

  - G.I.S./E.R.P.
  - **વોર્ડ ઓફિસે જન્મ નોંધણી પ્રમાણપત્ર.**

## સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલનું નિવેદન



**રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષે શહેરની અને મહાનગરપાલિકાની વર્તમાન સ્થિતિને નજર સમક્ષ રાખી, વાસ્તવિક બજેટ આપવાનો પ્રયાસ કર્યો છે. શહેરીજનોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા સ્ટેન્ડિંગ કમિટીએ ગહન વિચાર વિમર્શ કરી, જરૂરી અને લોકભોગ્ય નિર્ણયો કર્યા છે. આગામી વર્ષ માટેની વિકાસની રૂપરેખા રજુ કરતા આ બજેટને સૌ કોઇ આવકારશે એવી મને આશા છે.**

**દેશના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ કંડારવામાં આવેલ વિકાસની કેડી પર રાજકોટને શહેરને કદમ માંડવા માટે ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તરફથી હંમેશા માર્ગદર્શન મળેલ છે. વધુમાં, કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી રાજકોટ મહાનગરપાલિકાને કાયમી સહયોગ મળી રહ્યો છે, જેને લીધે રાજકોટ શહેર વિકાસની નવી ક્ષિતિજ સર કરી રહ્યું છે. જે બદલ રાજકોટ મહાનગરપાલિકા કેન્દ્ર સરકાર અને રાજય સરકારની આભારી છે.**

**આજે જયારે રાજકોટ સ્માર્ટ સિટી બનવા આગળ ધપી રહ્યું છે ત્યારે આપણે આપણા શહેરના દીર્ઘદ્રષ્ટા મહાનુભાવોને પણ ન ભૂલીએ. ભૂતપૂર્વ મેયર સ્વ. શ્રી અરવિંદભાઇ મણીઆરે મોડર્ન રાજકોટનો શિલાન્યાસ કર્યો હતો એ બાબત આપણે સૌ જાણીએ છીએ. ત્યારબાદ ઉતરોત્તર ભાજપના શાસનકાળ દરમ્યાન તમામ ભૂતપૂર્વ મેયરશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રીઓ અને અન્ય તમામ પદાધિકારીશ્રીઓએ આ પાયા પર વિકાસની ઈમારતનું નિર્માણ કરવાની પ્રક્રિયાને ક્રમબદ્ધ રીતે આગળ ધપાવી હતી એ દ્રષ્ટિએ તેઓ પણ આધુનિક રાજકોટના શિલ્પીઓ પૈકી એક ગણાય. તેઓની દૂરંદેશીને અનુરૂપ રાજકોટ શહેરને આધુનિક વિકાસથી સુસજ્જ કરી, શહેરીજનોના જીવન ધોરણમાં ગુણવત્તાયુકત પ્રગતિ લાવવા શાસક પક્ષ હરહંમેશ કટીબદ્ધ છે.**

**આ તકે હું માન. મેયરશ્રી, ડે. મેયરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, સ્ટેન્ડિંગ કમિટીના તમામ માન. સદસ્યશ્રીઓ, તમામ કોર્પોરેટરશ્રીઓ, પક્ષના હોદ્દેદારશ્રીઓ, તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ, ઈલેકટ્રોનિક તેમજ પ્રિન્ટ મિડીયાના તમામ પ્રતિનિધિશ્રીઓ ઉપરાંત શહેરના વિકાસમાં ખભેખભો મિલાવી સાથે રહેલ નગરજનોના સાથ સહકાર બદલ તેઓ પ્રત્યે આભાર પ્રગટ કરું છું અને તેઓનો સાથ-સહકાર ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી અપેક્ષા અને વિશ્વાસ રાખુ છું.**

- **NEW INITIATIVES-ડસ્ટ ફ્રી રોડ / સ્માર્ટ રોડ :**

આગામી નાણાંકીય વર્ષમાં મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અને સ્માર્ટ સિટી મિશન હેઠળ શહેરમાં ડસ્ટ ફ્રી રોડ/સ્માર્ટ રોડનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

- **ટ્રાફિક :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને સરળ વાહનવ્યવહારનો અવકાશ પ્રદાન કરવા જરૂરિયાત મુજબ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. આગામી નાણાંકીય વર્ષમાં જે કેટલાક પગલાં લેવામાં આવનાર છે તેની એક ઝલક અત્રે પ્રસ્તુત છે.

- **વોંકળા રિ-ડેવલપમેન્ટ**
- **અન્ડરબ્રિજ/ઓવરબ્રિજ**
- **મોટા મવા સુધી લાઇન ઓફ પબ્લિક સ્ટ્રીટ**
- **નવા ટી.પી. રોડ**

રાજકોટ શહેરના નાગરિકો પાસેથી એકત્ર થયેલ કરની આવક અને સરકારશ્રી પાસેથી પ્રાપ્ત થતી આર્થિક સહાયનો શહેરના સર્વાંગી વિકાસમાં સદ્ઉપયોગ કરવામાં મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર વિશ્વાસ ધરાવે છે.

મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ વર્ષ : ૨૦૧૮-૧૯'નું રૂા.૧૭૨૭.૫૮ કરોડનું કદ ધરાવતું અંદાજપત્ર સ્ટેન્ડિંગ કમિટીમાં અનુમતિ અર્થે રજુ કરેલ છે. કમિશનરશ્રી દ્વારા મહાનગરપાલિકાએ વહન કરવામાં આવી રહેલા સબસીડાઇઝ્ડ સેવાઓના જંગી ખર્ચને નજર સમક્ષ રાખી, નવા કર પ્રસ્તાવ, તેમજ પરંપરાગત મિલકત વેરા આકારણી પદ્ધતિના સ્થાને કાર્પેટ એરિયા બેઇઝ્ડ નવી મિલકત વેરા આકારણી પદ્ધતિ, ઉપરાંત અન્ય વિકાસલક્ષી યોજનાઓ બજેટમાં સુચવેલ હતા. સરકારશ્રી પાસેથી મળી રહેલી ગ્રાન્ટ અને મહાનગરપાલિકાની પોતાની આવકમાંથી વિકાસ પ્રક્રિયાને આગળ ધપાવવા સ્ટેન્ડિંગ કમિટીએ ઘનિષ્ઠ વિચારણા બાદ રૂા.૧૭૬૯.૩૩ કરોડના બજેટને આખરી ઓપ આપ્યો છે તેમ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલે જણાવ્યું હતું.

- **વોટર ચાર્જ :**

આપણે સૌ વિદિત છીએ કે, રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડવા આજી, ન્યારી, ભાદર ડેમ અને લાલપરી - રાંદરડા તળાવ ઉપરાંત નર્મદાના નીર પણ મેળવવામાં આવે છે. રાજકોટ શહેરને અવારનવાર પાણીની કટોકટીનો સામનો કરવો પડયો છે. પરંતુ, ગત વર્ષે ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અંગત રસ લઇ, ''સૌની યોજના'' અંતર્ગત શહેરના આજી ડેમને નર્મદાનીરથી છલકાવી, રાજકોટવાસીઓને રાજી કરી, રાજ્ય સરકારની કટિબદ્ધતાની પ્રતીતિ કરાવી હતી. જે બદલ રાજકોટ મહાનગરપાલિકા રાજ્ય સરકારનો તથા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો આભાર માને છે.

શહેરને પાણી વિતરણની કામગીરી પાછળ મહાનગરપાલિકાએ દર વર્ષે આશરે રૂા.૧૦૦ કરોડથી વધુનો ખર્ચ વહન કરવો પડે છે. જેની સામે પાણી દરની વસુલાતથી થતી આવકનું પ્રમાણ માત્ર ૨૭% જેટલું છે. એટલે કે, લોકોને પાણીની સુવિધામાં ૭૩% જેવી સબસિડી મળે છે. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ શહેરની પાણી વિતરણ વ્યવસ્થા પાછળ થઇ રહેલા જંગી ખર્ચને નજર સમક્ષ રાખી, વોટર ચાર્જમાં રહેણાંક નળ જોડાણના રૂા.૮૪૦માં વધારો કરી, રૂા.૧૬૮૦ અને બિન-રહેણાંક નળ જોડાણના રૂા.૧૬૮૦ને બદલે રૂા.૩૩૬૦ કરવા સૂચવ્યું હતું. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવે તો પણ સબસિડીનું પ્રમાણ ૪૭.૫% જેટલું રહે છે. આગામી નાણાંકીય વર્ષમાં પાણી વિતરણ વ્યવસ્થા જાળવી રાખવા માટે આશરે રૂા.૧૧૮ કરોડ જેટલા ખર્ચનો અંદાજ છે. રાજકોટવાસીઓ એ હકીકતથી સુપેરે પરિચિત છે કે, પાણી વિતરણ સેવા સબસીડાઇઝ્ડ હોવા છતાં, ખર્ચની ચિંતા કર્યા વગર નર્મદાનું પાણી મેળવવામાં આવી રહ્યું છે. અલબત, સરકારશ્રીની ગ્રાન્ટ અને મહાનગરપાલિકાના આવકના અન્ય સ્ત્રોતના સહારે મહાનગરપાલિકાની આર્થિક સમતુલા જળવાઇ રહે તે માટે શાસક પક્ષે સતત ચિંતા કરી છે. આ બાબત નજર સમક્ષ રાખી, શાસક પક્ષે શહેરીજનોના વિશાળ હિતને લક્ષમાં રાખેલ છે અને આવકના અન્ય સ્ત્રોતનું સર્જન કરી, સ્ટેન્ડિંગ કમિટીમાં વોટર ચાર્જનો સૂચિત વધારાનો પ્રસ્તાવ ''નામંજુર'' કરેલ છે.

- **વાહન કર :**

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ શહેરમાં દર વર્ષે ઉમેરાઇ રહેલા નવા આશરે પચાસેક હજાર જેટલા વાહનો પરના કરમાં વૃદ્ધિ સુચવી, વધારાની રૂા.૧૩ કરોડની આવક થવાનો અંદાજ રજુ કરેલ છે. આ પ્રસ્તાવ પર સ્ટેન્ડિંગ કમિટીએ ગંભીરતાથી વિચારણા કરી હતી. રાજકોટમાં વિદ્યાર્થી ભાઇ-બહેનો તેમજ મહિલા સમુદાયમાં પણ વાહન ડ્રાઇવિંગનું પ્રમાણ ખૂબ વધ્યું છે ત્યારે વાહન કરના પ્રસ્તાવ પર ચર્ચા કરતી વખતે છાત્રો, મહિલાઓ અને નાના વાહન ખરીદનારા મધ્યમવર્ગીય લોકોને નજર સમક્ષ રાખી, રૂા.૧ લાખ સુધીની કિંમતના વાહનો માટે માત્ર ૧% ફ્લેટ રેઇટથી અને રૂા.૧ લાખથી વધુ કિંમતના વાહનો માટે ૨% ફ્લેટ રેઇટથી વાહન કર વસુલવાનો નિર્ણય લીધો છે. શહેરમાં સતત વાહનોની સંખ્યા વધી રહી છે ત્યારે, સરળ પરિવહન માટેની સુવિધાઓ વિકસાવવી પણ એટલી જ આવશ્યક છે. આ તબક્કે સ્ટેન્ડિંગ કમિટીના આ નિર્ણયથી વહીવટીતંત્રને થોડી આર્થિક રાહત પણ મળી રહેશે. વાહન કરમાં કરાયેલી ઉપરોક્ત વૃદ્ધિથી મહાનગરપાલિકાને આગામી નાણાંકીય વર્ષમાં કુલ રૂા.૧૯ કરોડની આવક થવાનો અંદાજ છે.

- **કાર્પેટ એરિયા બેઇઝ્ડ મિલકત વેરા આકારણી પદ્ધતિ :**

રાજકોટ મહાનગરપાલિકાની દાયકાઓ જૂની પરંપરાગત ઢબની મિલકત વેરા આકારણી પદ્ધતિના સ્થાને વર્ષ : ૨૦૧૮-૧૯થી નવી કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરા આકારણી પદ્ધતિ અમલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે તે મિલકતના ખરેખર ઉપયોગ મુજબની આ નવી કર પદ્ધતિ શહેરની મિલકત વેરા પ્રણાલીને વધુ પારદર્શી બનાવશે. સ્ટે. કમિટીએ કમિશનરશ્રીના આ પ્રસ્તાવને મંજુર રાખી, નવું પરિવર્તન અપનાવેલ છે.

- **દિવ્યાંગ મિલકતધારકોને મિલકત વેરામાં વધુ વળતર :**

રાજ્ય સરકારશ્રીના ધોરણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવ્યાંગો માટે નોકરીમાં અનામત જગ્યાઓ રાખવામાં આવે છે. તેમજ રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી કચેરીઓમાં દિવ્યાંગોને પ્રવેશમાં સુગમતા રહે તે માટે રેમ્પ બનાવવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવ્યાંગોની સુવિધામાં ઉમેરો કરી, દિવ્યાંગ મિલકત ધારકોને મિલકત વેરામાં ૫% વિશેષ વળતર આપવામાં આવશે.

- **કોલ સેન્ટરમાં ટોલ ફ્રી નંબર :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને શક્ય તેટલી વધુ સરળતાથી જુદી જુદી સેવાઓ પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. જે વહીવટી સુધારણાના ભાગરૂપે સ્ટેન્ડિંગ કમિટીએ વધુ એક કદમ આગળ ધપાવતા, મહાનગરપાલિકાના કોલ સેન્ટરમાં ટોલ ફ્રી ટેલિફોન નંબર શરુ કરવાનું નિર્ણય કર્યો છે. મહાનગરપાલિકાની સેવાઓ તથા અન્ય કામગીરી વિશે લોકો નિઃશુલ્ક રીતે ફોન કોલ કરી શકે અને વહીવટી તંત્રને પણ સેવાઓની ક્ષતિપૂર્તિમાં નગરજનો નો સહયોગ પ્રાપ્ત થાય તેવા હેતુથી આર.એમ.સી.ના કોલ સેન્ટરમાં લેન્ડ-લાઇન ટેલિફોનમાં ટોલ ફ્રી નંબરની સુવિધા આપવામાં આવશે.

- **સ્ટોર્મ વોટર ડ્રેનેજ :**

ગત વર્ષે રાજકોટ શહેરમાં સરેરાશની વધુ વરસાદ પડતા, શહેરના કેટલાયે વિસ્તારોમાં પાણી ભરાવાના પ્રશ્નો થયા હતા. વરસાદી પાણીનો નિકાલ કરવા માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજનું આયોજન કરવામાં આવેલ છે. જે યોજના અંતર્ગત રૂા.૧૦૮૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

- **સ્માર્ટ સિટી મિશન :**

ભારત સરકારશ્રીના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી મિશન અન્વયે તા.૨૩-૬-૨૦૧૭ના રોજ જાહેર કરાયેલા વધુ ૩૦ શહેરોની યાદીમાં રાજકોટ શહેરનો સમાવેશ થયેલ છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટને વિના વિલંબે ત્વરિત અમલમાં મુકી શકાય તે માટે Special Purpose Vehicle (SPV) ની તાત્કાલિક રચના કરવામાં આવી હતી.

- **રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. (રાજકોટ મહાનગરપાલિકાની પેટા કંપની)**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરતા ભારત સરકારશ્રી દ્વારા તા.૨૧-૮-૧૭ના રોજ પ્રસ્તાવ મંજુર કરીને, 'રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. (RSCDL)'ને લિ. કંપની તરીકે રજીસ્ટર્ડ/ઈન્કોર્પોરેટેડ જાહેર કરવામાં આવેલ. સ્માર્ટ સિટી અંતર્ગતના તમામ પ્રોજેકટનું અમલીકરણ રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. (RSCDL) દ્વારા કરવામાં આવનાર છે.

સ્માર્ટ સિટી પ્રોજેકટમાં મુખ્ય બે કમ્પોનેન્ટ છે. (૧) એરિયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ (ABD) અને (૨) પાન સિટી સ્માર્ટ સોલ્યુશનનો સમાવેશ કરવામાં આવેલ છે. એરીયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ અંતર્ગત થનાર કુલ ખર્ચ રૂા.૨૧૭૭.૪૬ કરોડ જ્યારે પાન સિટી સોલ્યુશન અંતર્ગત થનાર કુલ ખર્ચ રૂા.૪૪૫.૫૫ કરોડ અંદાજવામાં આવેલ છે. ABD તથા Pan City બન્નેનો કુલ ખર્ચ રૂા.૨૬૨૩.૦૧ કરોડ અંદાજવામાં આવેલ છે.

- **<u>એરિયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ (ABD) હેઠળ સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર અને સ્માર્ટ કમ્પોનેન્ટ :</u>**

એરિયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ (ABD) માં ગ્રીન ફીલ્ડ ડેવલપમેન્ટનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં વૈશ્વિક સ્તરની આધુનિક ટેકનોલોજીથી સજ્જ વિશિષ્ટ પ્રકારની સુવિધાઓ વિકસાવવાનું આયોજન હાથ ધરેલ છે. અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT) નો સમાવેશ કરવામાં આવનાર છે. જેમાં નીચે મુજબનાં સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર અને સ્માર્ટ કમ્પોનન્ટને આવરી લીધેલ છે.

- **<u>આંતરરાષ્ટ્રીય ધોરણના કન્વેશન કમ એકઝીબીશન સેન્ટર; જેની ક્ષમતા ૩૦૦૦ થી ૫૦૦૦ લોકોની હશે :</u>**

- સ્માર્ટ મીટર તથા આધુનિક સ્કાડા સિસ્ટમ દ્વારા ૨૪×૭ વોટર સપ્લાય.
- અંડરગ્રાઉન્ડ કેબલીંગ તથા સર્વિસીઝ માટે યુટીલીટી ડકટ.
- સ્માર્ટ મલ્ટીલેવલ કાર પાર્કિંગ.
- એન્વાયરમેન્ટ મોનીટરિંગ સ્ટેશન.
- જાહેર સલામતીના હેતુસર સર્વેલન્સ માટે સી.સી.ટી.વી અને પી.ટી.ઝેડ. કેમેરા.
- લિફ્ટ તથા એસ્કેલેટર સાથેના ફુટ ઓવરબ્રિજ.
- એમ્યુઝમેન્ટ પાર્ક સાથે ૩ તળાવોનું નવિનીકરણ.
- ગ્રામ હાટ અને કલ્ચરલ સેન્ટર.
- વર્લ્ડ કલાસ સ્પોર્ટ્સ એરેના સાથેનું ઈન્ડોર/આઉટડોર સ્ટેડિયમ.
- ન્યુ રેસકોર્ષ.
- ૨ (બે) મેગાવોટ કેપેસીટીના સોલાર પ્રોજેકટ.
- નોન-મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટ તથા ગ્રીન-વે તથા જુદા જુદા જાહેર સાર્વજનિક સ્થળોએ વાઈફાઈ ની સુવિધા.
- એરીયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ અંતર્ગત ગ્રીન ફીલ્ડ ડેવલપમેન્ટની માર્ગદર્શિકા મુજબ ૧૫% વિસ્તારમાં એફોર્ડેબલ હાઉસિંગ.

સ્માર્ટ સિટી મિશન અંતર્ગતના ઉકત (ગ્રીન ફીલ્ડ ડેવલપમેન્ટ-ન્યુ રેસકોર્ષ) પ્રોજેકટનું ચોકકસ અને પધ્ધતિસરનું તબકકાવાર ડીટેઈલ્ડ પ્લાનિંગ તથા સમયસર અમલીકરણ થાય તે ખૂબ જ જરૂરી હોઈ, ગ્રીન ફીલ્ડ ડેવલપમેન્ટ-ન્યુ રેસકોર્ષ માટે અલગથી ખાસ પ્રકારની ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી (ICT) નો સમાવેશ કરવાના હેતુસર માસ્ટર પ્લાન તૈયાર કરવાના માટે એજન્સીઓ પાસેથી ધોરણસર ટેન્ડર પ્રક્રિયા કરીને ઓફરો મંગાવવામાં આવેલ છે.

- **<u>પાન સિટી સ્માર્ટ સોલ્યુશન :</u>**

- પબ્લિક એડ્રેસ સિસ્ટમ રૂા.૨૪ લાખ, ઓટોમેટીક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ રૂા.૧૭.૧ કરોડના ખર્ચે ૪૫ જંકશન ઉપર કરવામાં આવશે.
- ઈન્ટીગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, સોલાર લાઈટીંગ, સીસીટીવી કેમેરા વગેરેનું આયોજન પણ કરવામાં આવેલ છે.
- પાન સિટી સ્માર્ટ સોલ્યુશન હેઠળ રાજકોટ EYE WAY પ્રોજેકટનું અમલીકરણ ચાલુ છે જેમાં પ્રથમ તબકકો પૂર્ણ થયેલ છે. જેમાં રાજકોટ શહેરના જુદા જુદા મુખ્ય રસ્તાઓ તથા ટ્રાફિક આઈલેન્ડ પર ૫૧૮ કેમેરા, જુદી જુદી જગ્યાઓએ કુલ ૧૧૦ Wifi ફેસિલીટી, ૧૦ જગ્યાઓએ Digital Displays Board, શહેરના મુખ્ય વિસ્તારોમાં ૧૦ IOT Environmental Sensors લગાવવામાં આવેલ છે.

**PHASE-II**

જયારે રાજકોટ EYE WAY પ્રોજેકટ અંતર્ગત બીજા તબકકાની કામગીરી ચાલુ છે. જયારે આગામી વર્ષમાં એન્ટરપ્રાઈઝ રીસોર્સ પ્લાનિંગ (ERP), જીયોગ્રાફીકલ ઈન્ફોર્મેશન સીસ્ટમ (GIS), ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) તથા ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી આધારિત અર્બન મોબિલીટીના પ્રોજેકટો અમલમાં મુકવામાં આવશે. જેના માટે આશરે રૂા.૫૬.૯૨ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

- **<u>GIS-ERP INTEGRATION :</u>**

જી.આઈ.એસ. પ્રોજેકટ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા આધારિત મિલકતો તથા માળખાકિય સુવિધાઓના વ્યવ-સ્થાપનના માધ્યમથી શહેરમાં કુલ કેટલી મિલકતો આવેલ છે અને કેટલી નોંધાયેલ છે તેની માહિતી મેળવી શકાશે તથા તે પ્રમાણે વેરા વસુલાત કરી શકાશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી માળખાકિય સુવિધાઓનું સંકલન તથા મોનીટરિંગ કરી શકાશે.

- એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) પ્રોજેકટ દ્વારા નાણાંકિય અને હિસાબી વ્યવહાર, ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, માનવ સંશાધન અને પેરોલ, પ્રોજેકટ મેનેજમેન્ટ,મિલકતોનું વ્યવસ્થાપન, નાગરિક સેવાઓને ઈન્ટરનેટના માધ્યમથી ઓન લાઈન કરી શકાશે તથા રાજકોટ મહાનગરપાલિકાના જુદાજુદા વિભાગોના રેકર્ડ સ્કેન કરી, સોફ્ટ કોપી જાળવણી કરી શકાશે.
- ગ્રીન ફીલ્ડ એરિયા પ્રોજેકટ અંતર્ગત વૈશ્વિક સ્તરનું ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) બનાવવામાં આવશે. સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પાન સિટી સ્માર્ટ સોલ્યુશન હેઠળ શહેરમાં શહેરીજનોની માળખાકીય સુવિધાઓમાં ગુણવત્તાસભર સુરક્ષા તથા સલામતીને અસરકારક પૂરી પાડવાના હેતુસર ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) નાના મવા ચોક મલ્ટી એકટીવીટી સેન્ટર ખાતે કાર્યરત કરવામાં આવેલ છે. જે અંતર્ગત ડીજીટલ એપ્લીકેશન સાથે મજબુત માળખાકીય સુવિધાઓ જેવી કે સતત વાહનવ્યવહારની વ્યવસ્થા, સતત દેખરેખ, તત્કાલ કટોકટી સમયે પધ્ધતિસરનું આયોજન, વાસ્તવિક સમય સાથે જુદી જુદી સેવાઓની દેખરેખ વગેરે તેમજ શહેરમાં આવેલ અન્ય સરકારી વિભાગો સાથે સંકલન કરી, જુદી જુદી માહિતી સાથેનું ICT ઈન્ફ્રાસ્ટ્રકચર શહેરીજનોને ઉપલબ્ધ થયેલ છે. ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ રાજકોટ મહાનગરપાલિકાના તથા અન્ય નાગરિક સમુહો, વાહન વ્યવહાર, પાણી, આગ, પોલીસ, હવામાન, ઈ-ગવર્નન્સને લગત આનુષાંગિક સેવાઓની માહિતી મળતી રહે તથા એક જ પ્લેટફોર્મ પર વિશ્લેષણ થઈ શકે અને શહેર સ્તરની માહિતી સંકલિત કરી શકાશે.
- સિટી સર્વેલન્સ સિસ્ટમ શહેરીજનોની સુરક્ષા અને સલામતી માટે સિટી સર્વેલન્સ સિસ્ટમ દ્વારા મોનિટરિંગ.
- ઈન્ટેલીજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ ઓટોમેટીક નંબર પ્લેટ રીકોગનીશન સિસ્ટમ RLVD રેડલાઈટ વાયોલેશન ડિવાઈઝ દ્વારા ટ્રાફિક નિયમનો ભંગ કરનાર સામે તાત્કાલિક E-challan દ્વારા પગલા.
- પબ્લીક એડ્રેસ સિસ્ટમ કટોકટી / આકસ્મિક સંજોગોમાં જુદી જુદી



જગ્યાએ મુકવામાં આવેલ LED સ્ક્રીન દ્વારા પબ્લીક એડ્રેસની સુવિધાઓ કરવામાં આવેલ છે.

- **ઈન્વાયરમેન્ટલ સેન્સર્સ :-** શહેરમાં જુદી જુદી જગ્યાએ ઈન્વાયરમેન્ટલ સેન્સર્સ લગાવી, પ્રદુષણની માહિતી મળી રહેલ છે. ભવિષ્યમાં પ્રદુષણના સ્તરને ધ્યાને લઈ વાતાવરણના સુધારા માટે આગોતરૂ આયોજન કરવામાં આવશે.
- સ્માર્ટ લાઈટીંગ અંતર્ગત શહેરની તમામ સ્ટ્રીટ લાઈટોનું મોનીટરીંગ કરવામાં આવશે.
- સિટી વાઇફાઇ શહેરમાં જુદી જુદી ૧૨ જગ્યાએ વાઇફાઇની સુવિધાથી શહેરીજનો ઈન્ટરનેટનાં માધ્યમથી વિશ્વ સાથેનું જોડાણ પ્રસ્થાપિત કરેલ

- **ઈ-ગવર્નન્સ :**

ઈ-ગવર્નન્સના વ્યાપના વધારા સાથે નાગરિકોને વધુ સારી સેવા મળી રહે તે માટે તેમજ વધતા જતા શહેરીકરણથી ઉદભવતા પડકારો અને વહીવટી જરૂરિયાતોનું મહાનગરપાલિકા દ્વારા નિરાકરણ કરવા, વહીવટમાં સરળતા, ઝડપ અને પારદર્શિતા આવે તે માટે આઇ.ટી. ઇનેબલ્ડ રાજકોટ બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૮ના બજેટમાં રાજકોટ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેરને આઇ.ટી. ઈનેબલ્ડ બનાવવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.

- **સેઈફ એન્ડ સિક્યોર કનેક્ટેડ રાજકોટ :**

રાજકોટ આઇવે પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ તબક્કામાં શહેરના જુદા જુદા ૧૦ લોકેશન પર કુલ ૫૦૦ જેટલા સીસીટીવી કેમેરા મુકવામાં આવેલ છે જેના મોનિટરિંગ માટે શહેરમાં ૨ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર બનાવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના બીજા તબક્કા અંતર્ગત પણ કુલ ૫૦૦ જેટલા કેમેરા શહેરના જુદા જુદા લોકેશન પર મુકવાની કામગીરીની શરૂઆત કરી દેવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ રાજકોટ શહેર પોલીસ તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સાથે મળીને કામગીરી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા સમગ્ર રાજકોટમાં અંદાજીત ૨૫૦ કી.મી. ફાઈબર ઓપ્ટીક લે ડાઉન કરવામાં આવશે તેમજ રાજકોટ મહાનગરપાલિકાની તમામ ઓફિસો, વોર્ડ ઓફિસો તેમજ અન્ય ઓફિસોને હાઇ સ્પીડ નેટવર્ક વડે જોડવામાં આવશે.

- **પબ્લીક એડ્રેસ સિસ્ટમ :**

સમગ્ર શહેરનાં જુદા જુદા સ્થળોએ પબ્લીક એડ્રેસ સિસ્ટમ લાગવવામાં આવશે જેનું મોનિટરિંગ તેમજ કન્ટ્રોલિંગ સેન્ટ્રલાઇઝ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે.

- **એલ.ઈ.ડી. ડીસ્પ્લે બોર્ડ :**

સમગ્ર શહેરનાં જુદા જુદા ૧૦ લોકેશન પર એલ.ઈ.ડી. ડીસ્પ્લે લગાવવામાં આવેલ છે. જેના બીજા તબક્કામાં ૧૦ વધારાના એલ.ઈ.ડી. ડીસ્પ્લે બોર્ડ લગાવવામાં આવશે. જેમનું મોનિટરિંગ તેમજ કંટ્રોલિંગ સેન્ટ્રલાઈઝડ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે.

- **જીઆઈએસ :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની તમામ મિલકતનું જીઆઇએસ મેપિંગ કરવામાં આવશે, તેમજ તેમાં તમામ યુટિલીટીને પણ આવરી લેવામાં આવશે તથા તેને કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર સાથે ઈન્ટીગ્રેટ કરાશે. તમામ મિલકતોનું જીઆઇએસ મેપિંગ થતા મહાનગરપાલિકાની પ્રોપર્ટી ટેક્સ વસૂલાતની કામગીરી વધુ અસરકારક બનશે.

- **ઈન્ટીગ્રેટેડ ટ્રાફીક મેનેજમેન્ટ સિસ્ટમ :**

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ઈન્ટીગ્રેટેડ ટ્રાફીક મેનેજમેન્ટ સિસ્ટમ વડે સ્માર્ટ ટ્રાફીક મેનેજમેન્ટ કરી રાજકોટની ટ્રાફીકની સમસ્યા ઉકેલવામાં આવશે.

- **ઈ.આર.પી. :**

ઈ.આર.પી. સોલ્યુશન વડે રાજકોટ મહાનગરપાલિકા ની તમામ સિટીઝન સેન્ટ્રીક સેવાઓને તેમજ બેક ઓફિસ મેનેજમેન્ટને ઈન્ટીગ્રેટ કરી, એક છત્ર નીચે આવરી લેવામાં આવશે. આ પ્રોજેક્ટ વડે લોકોને

## બજેટ ઉડતી નજરે

(રકમ ₹ લાખમાં)

| વિગત | ૨૦૧૪-૧૫ ખરેખર | ૨૦૧૫-૧૬ ખરેખર | ૨૦૧૬-૧૭ ખરેખર | ૨૦૧૭-૧૮ રીવાઈઝ | ૨૦૧૮-૧૯ અંદાજ |
|---|---|---|---|---|---|
| રેવન્યુ બજેટ | ૩૬૯૧૪.૬૯ | ૪૪૮૬૪.૩૯ | ૪૮૦૩૬.૦૫ | ૬૦૯૯૭.૧૪ | ૬૪૭૯૮.૮૬ |
| કેપીટલ બજેટ | ૪૭૭૪૯.૦૯ | ૫૩૫૪૧.૪૫ | ૪૭૩૮૬.૩૮ | ૫૪૫૯૪.૭૩ | ૧૦૮૬૫૭.૬૬ |
| અનામત બજેટ | ૫૨૯૯.૮૫ | ૨૦૯૫.૭૯ | ૧૯૯૫૫.૭૭ | ૩૮૨૦.૦૭ | ૩૪૭૬.૧૦ |
| કુલ | ૮૯૯૬૩.૬૩ | ૧૦૦૫૦૧.૬૩ | ૯૭૩૭૮.૨૦ | ૧૧૯૪૧૧.૯૪ | ૧૭૬૯૩૨.૬૨ |

સ્ટે. કમિટીમાં રજુ કરાયેલ ચિત્ર

## રૂપિયો કયાં ખર્ચાશે ?

(રકમ ₹ લાખમાં)




**કુલ - ₹૧૭૬૯૩૨.૬૨ લાખ**

સ્ટે. કમિટીમાં રજુ કરાયેલ ચિત્ર

## રૂપિયો કયાંથી આવશે ?

(રકમ ₹ લાખમાં)




**કુલ - ₹૧૬૨૬૫૮.૨૮ લાખ**

સ્ટે. કમિટીમાં રજુ કરાયેલ ચિત્ર

સેવાઓ સરળતાથી મળી શકશે તેમજ જુદા જુદા ડીપાર્ટમેન્ટ વચ્ચે માહિતીની આપલે સરળ બનશે અને વહીવટી આધુનિકરણ થશે.

- **સ્માર્ટ આંગણવાડી :**
  રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્માર્ટ સિટીના પાન સિટી ઈનિશિયેટિવ હેઠળ ૩૦ સ્માર્ટ આંગણવાડી તરીકે વિકસાવવાનું આયોજન છે, જેને મોબાઈલ એપ., ટી.વી., સોફ્ટવેર સપોર્ટ પ્રાપ્ત થશે.
- **SCADA અને સ્માર્ટ મીટર્સ સાથે પાણી પુરવઠો :**
  રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરા પાડવામાં આવતા પાણી વિતરણ વ્યવસ્થા અંતર્ગત તમામ હેડ વર્કસ તથા સ્થાનિક એરિયા લેવલ અને હાઉસહોલ્ડ લેવલ સ્કાડા તેમજ સ્માર્ટ મીટર ઈન્સ્ટોલ કરવામાં આવશે, જેનાથી પાણીના વ્યયમાં ઘટાડો કરી, પાણીની બચત કરી શકાશે તેમજ શહેરમાં કેટલું પાણી વિતરણ થાય છે તેની માહિતી મેળવી શકાશે. આ પ્રોજેક્ટ માટે વર્ષ ૧૮-૧૯માં આશરે રૂા.૧૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.
- **રાજકોટ મિત્ર કાર્ડ :**
  આ પોર્ટલ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ જેવી કે, સ્વિમિંગ પૂલ, લાઈબ્રેરી, ઝૂ વગેરેનો ઉપયોગ કરવા માટે રાજકોટ મિત્ર કાર્ડ કાઢાવવા માટે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) ભવિષ્યમાં મદદગાર થશે. PPP ધોરણે શરૂ થનાર આ સેવાથી તમામ યુઝર ચાર્જેબલ સેવાઓના ચુકવણા માટે રાજકોટ મિત્ર કાર્ડનો ઉપયોગ કરી શકાશે.
- **નાણાંકીય આયોજન :**
  વર્ષ ૨૦૧૭-૧૮માં ભારત સરકાર દ્વારા રૂા.૧૦૦ કરોડ તથા રાજય સરકાર દ્વારા રૂા.૫૦ કરોડ નાણાકીય સહાય રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ.ને મળનાર છે. જયારે રાજકોટ મહાનગરપાલિકા તરફથી આપવાનો થતો ફાળો રૂા.૫૧.૫૦ કરોડ રાજકોટ સ્માર્ટ સિટી ડેવલેપમેન્ટ લિ.ને મળવામાં આવનાર છે અને આગામી વર્ષઃ ૨૦૧૮-૧૯માં ભારત સરકાર દ્વારા રૂા.૧૦૦ કરોડ તથા રાજય સરકાર દ્વારા રૂા.૫૦ કરોડ નાણાકીય સહાય રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ.ને મળનાર છે. જયારે રાજકોટ મહાનગર--પાલિકા તરફથી આપવાનો થતો ફાળો રૂા.૫૦ કરોડ રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ.ને મળનાર થશે.

**૩. સ્વર્ણિમ યોજના :**

- **સામાજિક આંતરમાળખાકીય કામો :**

(૧) **ગ્રામ હાટ :**
રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન વેસ્ટ ઝોનના વોર્ડ નં.૮માં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાના મવા ચોકમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૩(નાના મવા)ના 'શોપિંગ સેન્ટર' હેતુ માટેના અનામત પ્લોટ નં.૯માં એક ગ્રામ હાટ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૦૦ લાખની બજેટ જોગવાઈ રાખવામાં આવેલ છે.

(૨) **વોર્ડ નં. ૯માં રૂા.૪.૫૦ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ**

(૩) **રૈયા ગામ ખાતે રૂા.૪૦૦ લાખના ખર્ચે ક્રિમેટોરીયમ**

(૪) **રાજકોટ શહેર પશ્ચિમ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧૦માં યુનિવર્સિટી રોડ લાગુ ટી.પી. સ્કીમ નં.૨ (નાના મવા), એફ.પી. નં.૫૧૧માં રૂા.૯.૫૬ કરોડનાં ખર્ચે મોડલ કોમ્યુનિટી હોલ.**

(૫) **સાધુ વાસવાણી રોડ પર મહિલા સ્વીમિંગ પૂલ.**

- **અર્બન મોબીલીટી :**

(૧) **રૂા.૧૦૦ લાખ ખર્ચે લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રિજ.**

(૨) રૂા.૧૮ કરોડના ખર્ચે કાલાવડ રોડ / ૧૫૦ ફૂટ રિંગ રોડ અન્ડરબ્રિજનો પ્રોજેક્ટ.

(૩) પશ્ચિમ ઝોન હેઠળનાં વિસ્તારમાં રૂા.૩૪૬ લાખના ખર્ચે મુખ્ય માર્ગો પર કુલ-૩ સ્થળોએ સ્લેબનું કામ.

- **ભૌતિક આંતરમાળખાકીય સુવિધા :**

વોર્ડ નં.૧૧માં રૂા.૭૦૦ લાખના ખર્ચે નવી ટી.પી. યુનિટની ઓફિસનું બાંધકામ કરવાનું કામ : નાનામવા ખાતે સ્પોર્ટ્સ સેન્ટર માટેની ટેન્ડર પ્રક્રિયા આ વર્ષમાં જ શરૂ થઇ જશે.

- **સ્ટોર્મ વોટર પ્રોજેક્ટ :**

(૧) વોર્ડ નં.૯માં રૂા.૨ કરોડના ખર્ચે નાગરિક બેંકથી રાવલનગર રૈયા ગામ સુધી ૨.૫ કિ.મી.ની સ્ટોર્મ વોટર લાઇન.

(૨) વોર્ડ નં.૧૧માં રૂા.૫૦૦ લાખના ખર્ચે ટી.પી. સ્કીમ નં.૨૬,૨૭, અને ૨૮માં નવી સ્ટોર્મ વોટર ડ્રેનેજનું કામ.

(૩) વોર્ડ નં.૧૨માં રૂા.૧.૪૦ કરોડના ખર્ચે નંદનવન-૨ ચોકથી સંસ્કાર હાઇટસને લાગુ વિસ્તારોના વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન.

- **સિમેન્ટ કોંક્રિટ રોડ :**

(૧) વોર્ડ નં.૧૧માં રૂા.૩૩૨ લાખના ખર્ચે મવડી સ્વામિનારાયણ ગુરૂકુળ પાસેનો રોડ સી.સી. રસ્તો બનાવવાનું કામ.

(૨) વોર્ડ નં.૧૨માં રૂા.૫.૧૫ કરોડના ખર્ચે મવડી વિસ્તારમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ ઉમિયા ચોકથી બાપા સીતારામ ચોક સુધી સિમેન્ટ કોંક્રિટ રોડ.

- **ડ્રેનેજ :**

(૧) **ટી.પી. સ્કીમ નં.૨૬,૨૭ અને ૨૮માં નવું ડ્રેનેજ નેટવર્ક તથા નવું સપ્લાય નેટવર્ક તૈયાર કરવાનું કામ :**

વોર્ડ નં.૧૧માં અંબિકા ટાઉનશીપ તથા તેની આસપાસની વિકાસશીલ ટી.પી. સ્કીમ નં. ૨૬,૨૭ અને ૨૮માં આગોતરૂં આયોજન થાય તે મુજબ આ સમગ્ર વિસ્તારમાં નવું ડી.આઇ. પાઇપલાન નેટવર્ક તૈયાર કરવા માટે તેમજ બાકી રહેતા વિસ્તારોમાં ઘટતું ડ્રેનેજ નેટવર્ક પૂર્ણ કરવા આયોજન હાથ ધરવામાં આવેલ છે. વોટર સપ્લાય માટે સરકારશ્રીની 'અમૃત મિશન ' યોજના અંતર્ગત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા માન્ય કરવામાં આવેલ કન્સલટન્ટશ્રી ટાટા કન્સલ્ટીંગ એન્જીનીયર્સ પાસે ડી.પી.આર. તૈયાર કરાવી, સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરાયેલ છે. ડ્રેનેજ નેટવર્ક માટે શ્રી મલ્ટી મીડીયા કન્સલ્ટન્ટ પાસે ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. આ કામે વોટર સપ્લાય માટે અંદાજીત ખર્ચ રૂા.૧૫૧૦ લાખ તથા ડ્રેનેજ માટે રૂા.૩૦૦ લાખ મળી, કુલ રૂા.૧૮૧૦ લાખનો ખર્ચ થનાર છે.

(૨) **વોર્ડ નં.૧૨માં નવા ભળેલ વાવડી વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું કામ :**

વોર્ડ નં.૧૨ના નવા ભળેલ વાવડી તથા અન્ય વિસ્તારો માટે 'અમૃત મિશન યોજના' હેઠળ ડ્રેનેજ નેટવર્કની સુવિધા પૂરી પાડવા માટેનું આયોજન હાલ ડી.પી.આર. બનાવવાના અંતિમ તબક્કામાં છે. આ કામે અંદાજીત રૂા.૫ કરોડનો ખર્ચ થવા સંભવ છે. જે કામગીરી વર્ષ

| ક્રમ | યોજનાનું નામ | અંદાજીત ખર્ચ (રકમ રૂા.લાખમાં) |
|---|---|---|
| ૧ | નવું ઓડિટોરીયમ | ૧૦૦૦.૦૦ |
| ૨ | ત્રણેય ઝોનમાં પાર્ટી પ્લોટ | ૩૦૦.૦૦ |
| ૩ | નવા છ કોમ્યુનિટી હોલ | ૬૦૦.૦૦ |
| ૪ | બે નવી હાઇસ્કૂલ | ૩૦૦.૦૦ |
| ૫ | છાત્રો માટે રીડિંગ રૂમ વિથ રેફરન્સ બૂક કોર્નર | ૨૦૦.૦૦ |
| ૬ | બે નવા મહિલા એકટીવીટી સેન્ટરો | ૩૦૦.૦૦ |
| ૭ | મોન્યુમેન્ટલ ફ્લેગ | ૫૦.૦૦ |
| ૮ | વિમેન્સ યુરિનલ | ૧૫૦.૦૦ |
| ૯ | નવો સ્વિમિંગ પૂલ | ૨૦૦.૦૦ |
| ૧૦ | પ્રતિમાઓ પર સ્પોટલાઇટ | ૨૫.૦૦ |
| ૧૧ | મુખ્ય ૪૮ રાજમાર્ગોનો યુનિફોર્મ પેટર્નથી વિકાસ | ૫૦૦.૦૦ |
| ૧૨ | શહેરના એન્ટ્રી પોઇન્ટનું બ્યુટીફિકેશન | ૫૦૦.૦૦ |
| ૧૩ | વોંકળા પર એલિવેટેડ રોડ | ૧૦૦૦.૦૦ |
| ૧૪ | રેસકોર્ષમાં ચિલ્ડ્રન પાર્ક ડેવલપમેન્ટ | ૨૫.૦૦ |
| ૧૫ | શહેરમાં મોડર્ન રાત્રિ બજાર (ફૂડ કોર્ટ) | - |
| ૧૬ | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે મહિલાઓ માટે સિટી બસ તથા બી.આર.ટી.એસ. સેવા | નિઃશુલ્ક |

## રાજકોટ સ્માર્ટ સિટી

### સ્માર્ટ સિટી પ્રોજેક્ટ ખર્ચની વિગત સાથે

**પાન સિટી પ્રોજેક્ટસ**

| ક્રમ નં. | વિગત | કુલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1 | પબ્લિક એડ્રેસ સિસ્ટમ | 0.૫૬ |
| 2 | ATCS | 14.99 |
| 3 | ITMS – PIS , સ્માર્ટ બસ સ્ટોપસ | 13.55 |
| 4 | ડેટા સેન્ટર | 19.97 |
| 5 | કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર | 3.09 |
| 6 | કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરનું જુદા જુદા વિભાગ સાથે જોડાણ | 1.73 |
| 7 | સ્માર્ટ પાર્કિંગ | 2.52 |
| 8 | જી.આઇ.એસ. | 12.80 |
| 9 | ERP સોફટવેર | 20.05 |
| 10 | રાજકોટ મિત્ર કાર્ડ | જન ભાગીદારીથી |
| 11 | પ્રોજેક્ટ ઉડાન (રાજકોટ આજીવિકા અને વ્યવસાય પોર્ટલ) | 1.5 |

**વિસ્તાર આધારિત વિકાસના પ્રોજેક્ટસ**

| ક્રમ | વિગત | કુલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| 1 | વિશ્વ કક્ષાનું રમત-ગમત કોમ્પ્લેક્ષ ઇન્ડોર તથા આઉટડોર સ્ટેડીયમ સાથે | 240 |
| 2 | મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટર | 140 |
| 3 | નવું ઇન્ટીગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર | 24 |
| 4 | ત્રણ તળાવોનું એકબીજા સાથે જોડાણ મનોરંજન ઉદ્યાન સાથે કાયાકલ્પ. | 97 |
| 5 | ૩૯ કી.મી. સાયકલ ટ્રેક અને બી.આર.ટી.એસ. | 24 |
| 6 | ૨ મેગા વોટ ક્ષમતાનો પાવર પ્લાન્ટ | 31 |
| 7 | સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર | 10 |
| 8 | સ્માર્ટ રોડ ઇન્ફ્રાસ્ટ્રકચર | 192 |
| 9 | પ્રોજેક્ટ સક્ષમ રાજકોટ: નવું રેન બસેરા શાળા નં.૧૦, હોસ્પિટલ ચોક ખાતે સ્માર્ટ સિટી વિસ્તારમાં | 16 |
| 10 | ઉદ્યાનો અને બગીચાઓ | 60 |

રાજકોટ મહાનગરપાલિકા બજેટ ૨૦૧૮/૧૯

## ખૂબ જ અગત્યાના પ્રોજેક્ટ્સ

| ક્રમ નં. | પ્રોજેક્ટનું નામ | ખર્ચની વિગત |
|---|---|---|
| | ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ | |
| 1 | આજી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ | 4 CR |
| 2 | ગ્રામ હાટ | 15 LAKHS |
| 3 | કોમ્યુનિટી હોલ | 25 LAKHS |
| 4 | કોમ્યુનિટી હોલ (હયાત પ્રોજેક્ટ) | 9.56 CR |
| 5 | લક્ષ્મીનગર રેલ્વે અંડરબ્રિજ | 25 LAKHS |
| 6 | કાલાવડ રોડ અંડરબ્રિજ | 25 LAKHS |
| 7 | સર્વેશ્વર ચોક ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ | 35 LAKHS |
| 8 | વોંકળા રિડેવલપમેન્ટ | 9 CR |
| 9 | જયુબિલિ માર્કેટ પાર્કિંગની સુવિધા સાથે | જનભાગીદારીથી |

રાજકોટ મહાનગરપાલિકા બજેટ ૨૦૧૮/૧૯

## ખૂબ જ અગત્યાના પ્રોજેક્ટ્સ

| ક્રમ નં. | પ્રોજેક્ટની વિગત | ખર્ચની વિગત |
|---|---|---|
| | **રસ્તા ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામ/ટ્રાફિક સરળીકરણ** | |
| 10 | વોર્ડ નં.૧૧, વેસ્ટ ઝોન ખાતે રસ્તાના કામો. | 5.91 CRORE |
| 11 | નવી ટી.પી. સ્કીમ પ્રમાણે બાંધકામના કામો | 4 CRORE |
| 12 | મવડી ગુરૂકુળ પાસે રસ્તો બનાવવાનું કામ | 3.32 CRORE |
| 13 | ગોકુલધામથી ઉમિયા ચોક સુધી રસ્તો બનાવવાનું કામ | 5.15 CRORE |
| 14 | ધૂળ(ડસ્ટ) રહિત રસ્તાઓ | 1.14 CRORE |
| 15 | નવો સાયકલ ટ્રેક કાલાવડ રોડ અને બી.આર.ટી.એસ. | TBD |
| 16 | કે.કે.વી. સર્કલ ખાતે અંડરબ્રિજ, ૩૦ મી. કાલાવડ રોડ | 22 CRORE |
| 17 | સાંઢિયા પુલ, જામનગર રોડ | 35 CRORE |
| 18 | હોસ્પિટલ ચોક ખાતે ફલાય ઓવર બ્રિજ | 40 CRORE |
| 19 | વોંકળા પર સાયકલ ટ્રેકનું નિર્માણ | 30 CRORE |

રાજકોટ મહાનગરપાલિકા બજેટ ૨૦૧૮/૧૯

## ખૂબ જ અગત્યાના પ્રોજેક્ટ્સ

| ક્રમ નં. | પ્રોજેક્ટની વિગત | ખર્ચની વિગત |
|---|---|---|
| | **ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રકચર** | |
| 20 | ટી.પી. સ્કીમ નં.૨૬,૨૭ અને ૨૮ હેઠળ ડ્રેનેજ અને વોટર સપ્લાય નેટવર્ક કામ. | 18.10 CRORE |
| 21 | ડ્રેનેજ પાઈપ નેટવર્ક | 5 CRORE |
| 22 | નાણાવટી ચોકથી કિડની હોસ્પિટલ સુધી ફીડર લાઈન વધારવાનું કામ. | 2.5 CRORE |
| 23 | વાવડી ખાતે પાઈપલાઈન નાંખવાનું કામ | 1.3 CRORE |
| 24 | વોર્ડ નં.૯માં સ્ટોર્મ વોટરનું કામ. | 2 CRORE |
| 25 | સ્ટોર્મ વોટર ડ્રેનેજનું કામ. | 5 CRORE |
| 26 | વરસાદી પાણી માટે વોર્ડ નં.૧૨માં ડ્રેનેજનું કામ. | 1.4 CRORE |

રાજકોટ મહાનગરપાલિકા બજેટ ૨૦૧૮/૧૯

## ખૂબ જ અગત્યાના પ્રોજેક્ટ્સ

| ક્રમ નં. | પ્રોજેક્ટની વિગત | ખર્ચની વિગત |
|---|---|---|
| | **પાણી** | |
| 27 | ન્યારી ઝોન વોટર સપ્લાય પ્રોજેક્ટ | 300 CRORE |
| | **રમત-ગમત અને સંસ્કૃતિ** | |
| 28 | સ્પોર્ટસ SPV | 10 CR |
| 29 | પુસ્તક મેળો અને ફૂડ ઉત્સવ | 40 LAKHS |
| 30 | જયુબીલી શાક માર્કેટ પાર્કિંગની સુવિધા સાથે. | જનભાગીદારીથી |
| | **અન્ય શરૂઆતો** | |
| 31 | રૈયા ગામ સ્મશાન | 1 CRORE |
| 32 | મહિલા સ્નાનાગાર | 1.9 CRORE |
| 33 | રેલ્વે જંકશન બ્યુટીફિકેશન | TBD |
| | **રેલ્વે ફાટક મુક્ત શહેર** | |
| 34 | લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રિજ | 25 CRORE |
| 35 | રૈયા રોડ રેલ્વે ક્રોસિંગ ખાતે ઓવરબ્રિજ | 32 CRORE |

રાજકોટ મહાનગરપાલિકા બજેટ ૨૦૧૮/૧૯

## નવા સાયકલ શેરિંગ સ્ટેશનો

| ક્રમ નં. | સ્થળની વિગત | સાયકલની સંખ્યા |
|---|---|---|
| 1 | કાલાવડ રોડ સ્નાનાગાર | 10 |
| 2 | પેડક રોડ સ્નાનાગાર | 10 |
| 3 | રેસકોર્ષ સ્નાનાગાર | 10 |
| 4 | શ્રોફરોડ લાયબ્રેરી | 10 |
| 5 | અમીન માર્ગ લાયબ્રેરી | 10 |
| 6 | પારૂલ ગાર્ડન | 10 |
| 7 | સ્માર્ટ સોસાયટી વોર્ડ નં.૪ | 10 |
| 8 | પ્રદ્યુમનપાર્ક ઝૂ | 10 |
| | કુલ | 80 |

## નવા બગીચાં બનાવવાના વિસ્તારો

| ક્રમ નં. | વિસ્તારનું નામ | ખર્ચ |
|---|---|---|
| 1 | ગોલ્ડન પાર્ક, રૈયા રોડ | 22 Cr |
| 2 | રૈયા રોડની પશ્ચિમ બાજુ, રામેશ્વર પાર્ક ટી.પી. પ્લોટની બાજુમાં | 32 Lakhs |
| 3 | ફાઈનલ પ્લોટ નં.૧૩/'એ', અમ્બિકા ટાઉનશીપ, મવડી ટી.પી. ૨૬ | 32 Lakhs |
| 4 | ફાઈનલ પ્લોટ નં.૧૩/'એ', અમ્બિકા ટાઉનશીપ, મવડી ટી.પી. ૨૮ | 22 Lakhs |
| 5 | હિલ ડેવલપમેન્ટ, જુના માછલીઘર પાસે, આજી ડેમ. | 35 Lakhs |
| 6 | કોઠારીયા ગામ ખાતે સરકારી જમીનમાં | 90 Lakhs |
| 7 | મોરબી રોડ ટી.પી. સ્કીમ | 24 Lakhs |
| 8 | આજી ડેમ ખાતે જુના હરણ પાર્ક પાસે | 24 Lakhs |
| 9 | બજરંગ વાડી પાસે, જામનગર રોડ | 75 Lakhs |

૨૦૧૮-૧૯માં હાથ ધરવામાં આવશે.

- **<u>ડી.આઇ. પાઇપલાઇન :</u>**

(૧) **ડી.આઇ. પાઇપલાઇન નેટવર્ક :**

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૨માં વાવડી વિસ્તાર નવો ભળેલ હોઇ, હાલ આ વિસ્તારમાં પાણી વિતરણ સ્ટેન્ડ પોસ્ટ, ટેન્કર / ટ્રેકટર મારફત કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા તરફથી પાણી વિતરણના આયોજનના ભાગરૂપે નવા ભળેલા વાવડી તથા અન્ય વિસ્તારોમાં 'અમૃત મિશન યોજના' હેઠળ પીવાના પાણી માટે ડી.આઇ. પાઇપલાઇન નેટવર્ક નાંખવાના કામે રૂા.૨૬.૬૪ કરોડ મંજુર થયેલ છે. જે અન્વયે રૂા.૧૩ કરોડનું વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં આયોજન કરવામાં આવેલ છે.

(૨) **વોર્ડ નં.૯માં મુખ્ય ડી.આઇ. પાઇપલાઇન નેટવર્કનું આયોજન :**

વોર્ડ નં.૯માં કિડની હોસ્પીટલની સામેના ૨૪ મી. ટી.પી. રોડ ગંગોત્રી પાર્ક મેઇન રોડથી ઓળખાય છે. આ રોડ પર નવા હાઇરાઇઝ બિલ્ડીંગોનું બાંધકામનું કામ ઝડપભેર ચાલે છે અને ભવિષ્યમાં ડેવલપ થવામાં આવે છે અને હાઇરાઇઝ બિલ્ડીંગોને પાણીના સમ્પ કનેકશન આપવાના થશે. જેથી આ ૨૪.૦૦ મી. ટી.પી. રોડ પર અત્યારે ૨૦૦ મી.મી. ડાયાની એ.સી. પ્રેસર પાણીની પાઇપ લાઇન આવેલી છે. અને તેનાંથી આજુબાજુનાં વિસ્તારમાં પાણીનું નેટવર્ક છે. જેથી હવે નવા ડેવલપિંગ બિલ્ડીંગો માટે અહી કિડની હોસ્પીટલ પાસેથી ૨૪ મી. ટી.પી. રોડ પર નાણાંવટી ચોક પાસેથી ૫૦૦ એમ.એમ. ડાયાની એમ.એસ. પાઇપલાઇન સાથે જોડાણ કરવાનાં પ્રોજેકટનું વર્ષ ૨૦૧૮-૧૯માં આયોજન કરેલ છે. જે ડી.પી.આર. સ્ટેજની કામગીરી પર છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિસ્તારોમાં આવતા વર્ષે નવા બજેટ હેડ હેઠળ નવું. ડી.આઇ. પાઇપ લાઇન નેટવર્ક નાંખવામાં આવનાર છે. શહેરના કોમર્શિયલ વિસ્તારોમાં તથા બલ્ક વોટર સપ્લાય માટે નવા બજેટ હેડમાં સ્કાડા સિસ્ટમ તથા મીટરથી બિલિંગ સિસ્ટમ ફરજીયાતપણે દાખલ કરવામાં આવશે.

| D I Pipeline Network under AMRUT Yojna | |
|---|---|
| Vavdi | 118 kms |
| Kotharia | 143 kms |
| CZ Ward No.4 | 20 kms |
| CZ Ward No.13 | 43 kms |
| CZ Ward No.7 & 14 | 40 kms |
| Total | 364 kms |

- **<u>ડસ્ટ ફ્રી રોડ :</u>**
  રાજકોટ મહાનગરપાલિકા તરફથી ''સ્માર્ટ સિટી''ના ભાગરૂપે વેસ્ટ ઝોન હેઠળ ત્રણ નવા રસ્તાઓ ડસ્ટ ફ્રી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય કેરેઝ-વે, સાયકલ ટ્રેક, ડસ્ટબીન, પાર્કિંગ, સર્વિસ રોડ તેમજ અન્ય સુવિધાઓ અર્બન ડિઝાઇનના કન્સેપ્ટને ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવનાર છે. આ કામે આગામી બજેટ ''S.J.M.M.S.V.Y.'' અંતર્ગત રૂા.૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- **<u>ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ : રૂા.૭૬.૬૬ કરોડ</u>**
  - **રસ્તા તથા ટ્રાફિક સુવિધાઓના કામો.**
  - **શોપિંગ કોમ્પ્લેક્ષ.**
  - **જાહેર ઉદ્યાનોનું નિર્માણ તથા જાળવણી વિગેરે.**

જયારે રાજકોટ મહાનગરપાલિકા ભૌતિક આંતરમાળખાકીય સુવિધા ઘટક અંતર્ગત સેન્ટ્રલ ઝોન, વેસ્ટ ઝોન તથા ઇસ્ટ ઝોનનાં જુદા-જુદા વિસ્તારોમાં રસ્તા કાર્પેટ, રીકાર્પેટ તેમજ પેચ વર્કનાં કામો થયેલ છે. રાજકોટ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં થયેલ વોટર વર્કસ પ્રોજેક્ટ, ડ્રેનેજના, કામો, એક્સપ્રેસ ફીડર કામો, ન્યારી-૧ ડેમની સંગ્રહ શકિત વાપરવાનું પ્રોજેક્ટ તથા પોપટપરા ફાયર બ્રિગેડ સ્ટેશનનાં કામો પૂર્ણ થયેલ છે જયારે આગામી વર્ષમાં રૈયા રોડ ક્રિમેટોરિયમ મવડી વિસ્તારમાં અમુક મુખ્ય રસ્તાઓને સી.સી. રસ્તા બનાવવાના કામ, ભગવતીપરા મેઇન રોડ પર ડી.આઇ. પાઇપલાઇન નાખવાનું કામ, પાણી પુરવઠાના મોનિટરિંગ માટે સ્કાડા પ્રોજેક્ટના ફેઇઝ-II અમલમાં મુકવામાં આવનાર છે.

- **<u>જનભાગીદારી હેઠળના કામો : રૂા.૧૨.૧૬ કરોડ.</u>**
  ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની માર્ગદર્શિકા જનભાગીદારી ઘટક અંતર્ગત ખાનગી સોસાયટીમાં આંતરિક રસ્તા, પીવાના પાણીની પાઇપલાઇન, ડ્રેનેજ તથા સ્ટ્રીટલાઇટના કામો કરી શકાય જેના હેઠળ રાજકોટ શહેરના તમામ વોર્ડમાં જુદી જુદી ખાનગી સોસાયટીઓમાં આવેલ રસ્તાઓની સાઇડમાં પેવિંગ બ્લોક બેસાડવાની કામગીરી થયેલ છે, અને આગામી નાણાકીય વર્ષમાં રાજકોટ શહેરના તમામ વોર્ડમાં જુદી જુદી ખાનગી સોસાયટીમાં આંતરિક રસ્તા, પીવાના પાણીની પાઇપ લાઇન, ડ્રેનેજ તથા સ્ટ્રીટલાઇટના કામો જનભાગીદારીથી કરવા માટે આયોજન હાથ ધરેલ છે.
- **<u>આગવી ઓળખ:રૂા.૩.૯૬ કરોડ</u>**
  - ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની માર્ગદર્શિકા મુજબ રાજકોટ શહેરની ઓળખ ઉભી થાય તેવા કામો આ ઘટક અંતર્ગત કરવાના થાય છે. જે અંતર્ગત આજી રિવર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, રેસકોર્ષ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, લાલપરી રાંદરડા લેઇક ડેવલપમેન્ટમાં કામગીરી પ્રગતિ હેઠળ છે તથા આગામી વર્ષમાં પણ ઉક્ત પ્રોજેક્ટની કામગીરી ચાલુ રહેશે.
  - **''સત્ય પીઠ''**
  રાજકોટ શહેરમાં આવેલ મહાત્મા ગાંધી (આલ્ફ્રેડ હાઇસ્કૂલ) સ્કૂલને ગાંધીજીનું જીવન ચરિત્ર વર્ણવતું 'મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્ર' - મ્યુઝિયમ બનાવવાના કામગીરી પણ હાથ ધરેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉપરોક્ત મિશનના કમ્પોનન્ટ પૈકી હાલમાં અમૃત મિશન અંતર્ગત સીવેજ સેકટરમાં માધાપર ખાતે ૮૦ MLD ક્ષમતાનો સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કામગીરી પ્રગતિ હેઠળ છે જયારે જુદા જુદા ડ્રેનેજ સિસ્ટમ વિહોણા વિસ્તારોમાં કલેકટીવ સિસ્ટમ નાખવા માટે તથા ૨૮ MLD ક્ષમતાનો ટર્સરી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં કામોના DPR GUDMમાં મંજુરી અર્થે રજુ કરેલ છે.

- **<u>વિવિધ માળખાકીય સુવિધાઓ</u>**
  - પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગમાં 'અમૃત મિશન' અંતર્ગત શહેરમાં જુદા જુદા સ્થળે નવા બગીચા બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેમાં રૂા.૩૦૦ લાખના ખર્ચે ન્યારી ડેમ બંધ પાળાના નિચાણવાળા ભાગે ૨,૦૦,૦૦૦ ચો.મી. ક્ષેત્રફળમાં મલ્ટી પર્પઝ ગાર્ડન ડેવલપમેન્ટ કરવામાં આવશે.
  - ન્યારી ડેમ ઇન્સ્પેકશન બંગલોને લાગુ સિવિલ વર્ક વાળી જગ્યા તેમજ લગત ભાગે રૂા.૫૫ લાખના ખર્ચે ૧૫,૦૦૦ ચો.મી. એરિયામાં ગાર્ડન વિકસિત કરવામાં આવશે.
  - આજી ડેમ વિસ્તારમાં હિલ ગાર્ડનને લાગુ ડેમના પાળા નજીક નિચાણવાળા ભાગે ૫૦,૦૦૦ ચો.મી. એરિયામાં રૂા.૧૭૫ લાખના ખર્ચે ગાર્ડન ડેવલપ કરવામાં આવશે.
  - વાવડી વિસ્તારમાં રૂા.૨૫ લાખના ખર્ચે ૫,૦૦૦ ચો.મી. ક્ષેત્રફળમાં ગાર્ડન ડેવલપમેન્ટ કરવામાં આવશે.
  - તેમજ અર્બન ટ્રાન્સપોર્ટ હેઠળ પેડક રોડ, રામાપીર ચોકડી પાસે ૮૦ ફૂટ રોડ તથા સિવિલ હોસ્પીટલ ચોકથી બજરંગવાડી મેઇન રોડ સુધી રસ્તા પર ફૂટપાથ સર્વિસ ડકટ તથા વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજ સિસ્ટમની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા ઢેબરભાઇ રોડ પર ફૂટપાથ સર્વિસ ડકટ તથા વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજ સિસ્ટમની કામગીરી અર્થે હાલમાં DPR તૈયાર કરવામાં આવેલ છે.
  - પાણી પુરવઠા અંતર્ગત ચંદ્રેશનગર વિસ્તારમાં બાકી રહેતા વિભાગોમાં નવું ડીસ્ટ્રીબ્યુશન પાઇપલાઇન નેટવર્ક નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત જિલ્લા ગાર્ડન હેડવર્કસ તથા તેને આનુષાંગિક વોટર સપ્લાય ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક, કોઠારીયા હેડવર્કસ તથા તેને આનુષાંગિક વોટર સપ્લાય ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, વાવડી હેડવર્કસ, કોઠારીયા હેડવર્કસ તથા તેને આનુષાંગિક વોટર સપ્લાય ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, વાવડી હેડવર્કસ તથા તેને આનુષાંગિક વોટર સપ્લાય ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કના કામોના DPR SLTCમાં મંજુર થયા પછી કામ કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે અને આગામી વર્ષમાં કોઠારીયા, વાવડી તથા જિલ્લા ગાર્ડનની નજીકના વિસ્તારોમાં DI પાઇપલાઇન નેટવર્કની કામગીરી શરૂ થનાર છે તથા રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટનો એક્સટેન્શન તથા જેટકો ચોકડી પાસે નવા ફિલ્ટર પ્લાન્ટ બનાવવા માટેના પ્રોજેક્ટનો DPR SLTCમાં મંજુર કરાવી, બન્ને WTP પ્રોજેક્ટોનું કામ શરૂ કરાશે.

'અમૃત મિશન' અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા હસ્તક જુદા જુદા ઘટકો હેઠળ વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ સુધી અંદાજીત રૂા.૪૪૬.૪૫ કરોડના પ્રોજેક્ટો કરવાનું આયોજન કરેલ છે. જે પૈકી કુલ રૂા.૨૦૪.૯૩ કરોડના પ્રોજેક્ટ મંજુર થયેલ છે. બાકી રહેતા પ્રોજેક્ટોનાં DPR તૈયાર કરી, SLTC દ્વારા મંજુર થયા બાદ આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર છે.

- **<u>આવાસ યોજના :</u>**

**<u>૧. પ્રધાનમંત્રી આવાસ યોજના :</u>**

'પ્રધાનમંત્રી આવાસ યોજના' અંતર્ગત હાલ વોર્ડ નં.૧૧માં રૂા.૨૬ કરોડના ખર્ચે ૩૮૪ આવાસોની કામગીરી પૂર્ણતાના આરે છે. તેમજ વોર્ડ નં.૧૦માં રૂા.૭૨ કરોડના ખર્ચે ૧૧૭૬ આવાસો, વોર્ડ નં.૧૪માં રૂા.૩૧.૮૪ કરોડના ખર્ચે ૫૨૮ આવાસો, વોર્ડ નં.૪માં રૂા.૨૯.૫૪ કરોડના ખર્ચે ૫૪૪ આવાસો અને રૂા.૮૩.૩૯ કરોડના ખર્ચે ૧૫૮૪

| ક્રમ | કેટેગરી | કૌટુંબિક વાર્ષિક આવક | વ્યાજ સહાય | | મહત્તમ લોનનો સમય (વર્ષ) | વ્યાજ સહાય માટે લોન રકમની પાત્રતા (રૂ.) | કાર્પેટ વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|
| | | | કેન્દ્ર | રાજ્ય | | | |
| ૧ | EWS | ૩,૦૦,૦૦૦ સુધી | ૬.૫% | ૦% | ૨૦ | ૬,૦૦,૦૦૦ | ૩૦ ચો.મી. સુધી |
| ૨ | LIG | ૩,૦૦,૦૦૧ થી ૬,૦૦,૦૦૦ સુધી | ૬.૫% | ૦% | ૨૦ | ૬,૦૦,૦૦૦ | ૬૦ ચો.મી. સુધી |
| ૩ | MIG-1 | ૬,૦૦,૦૦૧ થી ૧૨,૦૦,૦૦૦ સુધી | ૪.૦% | ૦% | ૨૦ | ૯,૦૦,૦૦૦ | ૯૦ ચો.મી. સુધી |
| ૪ | MIG-2 | ૧૨,૦૦,૦૦૧ થી ૧૮,૦૦,૦૦૦ સુધી | ૩.૦% | ૦% | ૨૦ | ૧૨,૦૦,૦૦૦ | ૧૧૦ ચો.મી. સુધી |
| ૫ | MIG-3 | ૧૮,૦૦,૦૦૧ થી ૨૨,૫૦,૦૦૦ સુધી | ૦% | ૦% | ૨૦ | ૧૫,૦૦,૦૦૦ | ૧૩૦ ચો.મી. સુધી |

આવાસો, વોર્ડ નં.૩માં ટી.પી. સ્કીમ નં.૧૭/એ અને ૧૭/બી પર રૂ.૨૬ કરોડના ખર્ચે ૪૮૮ આવાસોની કામગીરી ચાલુ છે.

આ ઉપરાંત વોર્ડ નં.૧૧માં રૂ.૪૭.૦૭ કરોડના ખર્ચે ૬૧૬ આવાસો અને વોર્ડ નં.૬માં રૂ.૮.૫૩ કરોડના ખર્ચે ૧૨૮ આવાસો ની કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે.

**<u>સ્માર્ટ ઘર-૩ પ્રોજેક્ટના યુનિટ અને ઈનોવેટીવ ડિઝાઈન બદલ "Building Energy Efficiency Project (BEEP)" દ્વારા રાજકોટ મહાનગરપાલિકા ને સર્ટીફીકેટથી પુરસ્કૃત કરેલ છે.</u>**

આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની ગ્રાન્ટ આપવામાં આવે છે.

**પ્રતિ આવાસ કેન્દ્ર સરકારનો ફાળો: ૧.૫ લાખ**

**પ્રતિ આવાસ રાજ્ય સરકારનો ફાળો: ૧.૫ લાખ**

**પ્રતિ આવાસ લાભાર્થીઓનો ફાળો: ૩ લાખ**

- **<u>અનટેનેબલ કેટેગરી માટે :</u>**

**પ્રતિ આવાસ કેન્દ્ર સરકારનો ફાળો: ૧.૫ લાખ**

**પ્રતિ આવાસ રાજ્ય સરકારનો ફાળો: ૪ લાખ**

**પ્રતિ આવાસ લાભાર્થીઓનો ફાળો: ૧ લાખ**

- **<u>લાભાર્થી દ્વારા વ્યક્તિગત આવાસ માટે નવું બાંધકામ અથવા હયાત બાંધકામમાં વધારો (વૃદ્ધિ કરવા માટે સબસિડી) બેનીફીસીયરી લેડ ઈન્ડીવિડ્યુઅલ હાઉસ કન્સ્ટ્રકન /એન્હેસમેન્ટ (BLC)</u>**

આ ઘટક અંતર્ગત જે કુટુંબની વાર્ષિક આવક રૂ.૩ લાખથી ઓછી હોય તેમને ૩૦ ચો.મી. સુધીનો એરિયા ધરાવતું ઘર બનાવવા માટે જમીનની માલિકીના ચોક્કસ આધાર પુરાવાઓ રજુ કરીને રૂ.૩.૫૦ લાખની સહાય મળી શકે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૨ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧.૫ લાખની સહાય મળવાપાત્ર થશે. તેમજ ઘરમાં સુધારા વધારા કરવા માટે રૂ.૨ લાખની સહાય મળવાપાત્ર થશે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રૂ.૧.૫ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧.૫ લાખની સહાય મળવાપાત્ર થશે. આ ઘટક માટે આધાર કાર્ડ તેમજ બેંક એકાઉન્ટ હોવું ફરજીયાત છે. તેમજ આવાસ યોજનાને લગત કોઇપણ ઘટકનો લાભ મેળવેલ હોવો જોઇએ નહી. કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ ૩૦.૦૦ ચો.મી. કાર્પેટ એરિયા સુધીના મકાન બાંધકામ માટે સહાય મળવાપાત્ર થશે. પરંતુ જો લાભાર્થી પાસે વધારે જમીન ઉપલબ્ધ હોય અને ૩૦.૦૦ ચો.મી. કરતા વધારાના કાર્પેટ એરિયાનું બાંધકામ કરવા જો તેઓ ઇચ્છતા હોય તો તેવા કિસ્સામાં ૩૦.૦૦ ચો.મી. સુધીના કાર્પેટ એરિયાનું બાંધકામ પૂર્ણ કર્યા બાદ, કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવ્યા બાદ, તેઓ વધારાનું બાંધકામ સ્વખર્ચે કરી શકે છે.

- **<u>ક્રેડિટ લીંક સબસિડી (CLSS) :</u>**

'પ્રધાનમંત્રી આવાસ યોજના'ના ઘટક અંતર્ગત લાભાર્થીઓને રૂ.૬ લાખ સુધીની લોન ૬.૫ ટકા લેખે મળે છે. જેનો લાભ સીધેસીધો લાભાર્થીને આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગ (EWS), ઓછી આવક જૂથ (LIG) તથા મધ્યમ આવક જૂથ (MIG) ના લાયકાત ધરાવતા લાભાર્થીઓને નવા ઘરની ખરીદી/બાંધકામ પર લીધેલ આવાસો લોનનાં વ્યાજ પર વ્યાજ સબસિડી મળે છે. તેમજ અરજદાર જ્યાં રહેતા હોય કે વસવાટ કરતા હોય તે ઘરના યુનિટમાં વધારો કરવા માટે લીધેલ લોન પર થતા વ્યાજ પર વ્યાજ સબસિડી મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ મેળવવા માટે પતિ-પત્નિના સંયુકત નામે દસ્તાવેજ જરૂરી છે. જે કિસ્સામાં લાભાર્થીના પત્નિ હયાત ન હોય કે લગ્ન કરેલ ન હોય તેવા કિસ્સામાં લાભાર્થીના પત્નિ લાભાર્થીના માતા કો-એપ્લીકન્ટ તરીકે સામેલ કરી શકાશે. CLSS ઘટક અંતર્ગત EWS, LIG તથા MIG પ્રકાર માટેની વ્યાખ્યા નીચે મુજબની રહેશે.

**૨. <u>મુખ્યમંત્રી ગૃહ યોજના :</u>**

આ યોજના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આશરે રૂ.૪૭૦ કરોડના ખર્ચે નબળા વર્ગના લોકો (EWS) માટે ૩૮૦૬ અને ઓછી આવક ધરાવતા લોકો (LIG) માટે ૨૧૪૨, એમ કુલ ૫૯૪૮ આવાસોની કામગીરી હાથ ધરેલ. આ પૈકી EWS પ્રકારના ૨૦૭૩ અને LIG પ્રકારના કુલ ૨૧૪૨ આવાસો મળી, કુલ ૪૨૧૫ આવાસોની કામગીરી તબકકાવાર પૂર્ણ કરીને લોકાર્પણ કરવામાં આવેલ છે. તેમજ ૧૭૩૬ આવાસોની કામગીરી પૂર્ણતાને આરે છે.

હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO) દ્વારા જુદી-જુદી ૫ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવે છે. તે પૈકી રાજકોટ મહાનગરપાલિકાને ''કોસ્ટ ઈફેકટીવ અર્બન હાઉસિંગ, ઈનોવેટીવ ઈમર્જીંગ એન્ડ ડીઝાસ્ટર રેઝીસ્ટન્સ હાઉસિંગ'' કેટેગરીમાં પ્રથમ ક્રમાંક આપવામાં આવેલ છે. આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારશ્રી દ્વારા નીચે મુજબની ગ્રાન્ટ આપવામાં આવે છે.

**<u>પ્રતિ EWS આવાસ :</u>**

કેન્દ્ર સરકારનો ફાળો : ૭૫ હજાર,
રાજ્ય સરકારનો ફાળો : ૧.૫ લાખ,
લાભાર્થીઓનો ફાળો : ૩ લાખ

**<u>પ્રતિ LIG આવાસ :</u>**

રાજ્ય સરકારનો ફાળો : ૧ લાખ,
લાભાર્થીઓનો ફાળો : ૮.૫ લાખ

## રાજકોટ મહાનગરપાલિકા અને અદાણી ફાઉન્ડેશનના સહયોગથી



# સ્વચ્છાગ્રહ સંકલ્પ અભિયાન

આપણા માન. વડાપ્રધાન કહેતા હોય છે કે, ‘‘જો આપણે સ્વચ્છ ભારતનું સપનું સાકાર કરવું હોય તો તેને જન આંદોલનનું સ્થાન આપવું જોઇએ. એવું થશે તો આપણા દેશની ગણના સ્વચ્છ દેશોમાં થશે.’’ આ વિચારને અનુસરીને રાજકોટ મહાનગરપાલિકા અને અદાણી ફાઉન્ડેશનના સહયોગથી રાજકોટ શહેરમાં તા.૩૦ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ ‘‘સ્વચ્છાગ્રહ સંકલ્પ અભિયાન’’નું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરની વિવિધ શાળાઓના ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે ‘સ્વચ્છાગ્રહ’ અંગેના ગીતો ગાયા તેમજ શેરી નાટકો ભજવ્યા હતા. જ્યાં જ્યાં વ્યાપક ગંદકી હતી તેવા ટી સ્ટોલ, પાનના ગલ્લા અને શાક માર્કેટ જેવા ૧૨૫ થી વધુ સ્થળોને શેરી નાટકો માટે પસંદ કર્યા હતા. આ શેરી નાટકોને કારણે શહેરના લોકો સાથે સીધો અને અસરકારક સંવાદ કરી શકાયો હતો તેમજ તેમને જાહેર સ્થળોએ કચરો નહી ફેંકવા સમજાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ક્વિઝનું સંચાલન તથા સ્વચ્છાગ્રહના સ્ટીકર તથા બેજ લગાવ્યા હતા. તેમણે લોકોને સ્વચ્છતા એપ્પ ડાઉનલોડ કરવા માટે આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે BAPSના અપૂર્વમુનિ સ્વામીજી દ્વારા આશિવર્ચન આપવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠીયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, અદાણી ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રીમતી શાલીનીબેન અદાણી તથા તેમના અન્ય ટ્રસ્ટીઓ, મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, ડે. કમિશનરશ્રી અરૂણ મહેશ બાબુ, સી. કે. નંદાણી, જાડેજા, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી આશિષ વાગડિયા, ઉપરાંત કોર્પોરટરશ્રીઓ, અધિકારીઓ, જુદી-જુદી સ્કુલોના પ્રિન્સીપાલશ્રીઓ, વિદ્યાર્થીઓ, નાગરિકો વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કેલ જ્યારે પુસ્તકથી સ્વાગત સેનિટેશન કમિટી ચેરમેનશ્રી આશિષભાઇ વાગડિયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી મનિષભાઇ રાડીયા, શિશુ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જાગૃતિબેન ઘાડિયા અને કોર્પોરેટરશ્રી મીનાબેન પારેખએ કરેલ.

કાર્યક્રમના અંતે ડેપ્યુટી કમિશનરશ્રી અરૂણ મહેશ બાબુએ આભારવિધિ કરેલ હતી.



# રાજકોટ મહાનગરપાલિકા આયોજીત ૩૬ કલાકની

SMART CITY RAJKOT HACKATHON
STEP TOWARDS DIGITAL RAJKOT

# સ્પર્ધા યોજાઈ

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા લોકપ્રિય અભિનેતા, સાંસદ અને યુથ આયકોન શ્રી પરેશ રાવલની વિશેષ ઉપસ્થિતિ



સ્માર્ટ સિટી રાજકોટ હેકેથોન-૨૦૧૭ના આયોજન વિષે મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની પાસેથી માહિતી મેળવી રહેલા માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી




ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજી ડેમ ખાતે નર્મદા નીરના વધામણા કાર્યક્રમ પ્રસંગે વડાપ્રધાન દ્વારા સ્માર્ટ સિટી રાજકોટ અંતર્ગત હેકેથોન સ્પર્ધાનું લોન્ચિંગ કરવામાં આવેલ હતું. આ સ્પર્ધા અંતર્ગત મારવાડી યુનિવર્સિટી (ગવરીદડ) ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી, હેકેથોન-૨૦૧૭ સ્પર્ધાનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય અને પૂર્વ ઉર્જા મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, સ્ટે. કમિટી પૂર્વ ચેરમેનશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડીકેટ સભ્ય ડૉ. મેહુલભાઈ રૂપાણી તથા ડૉ. નેહલભાઈ શુકલ, મારવાડી યુનિવર્સિટી પ્રેસિડેન્ટશ્રી કેતનભાઈ મારવાડી, આર. કે. યુનિવર્સિટીના ચેરમેન શ્રી ખોડીદાસભાઈ પટેલ, ગાર્ડી કોલેજના ચેરમેનશ્રી ડી. વી. મહેતા, વી.વી.પી. એન્જી. કોલેજના ટ્રસ્ટી શ્રી કૌશિકભાઈ શુકલ તથા શ્રી હર્ષદભાઈ મણીઆર, શ્રી લાભુભાઈ ત્રિવેદી એન્જી. કોલેજના ટ્રસ્ટી ડૉ. હેલીબેન ત્રિવેદી, દર્શન ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનિયરિંગના પ્રિન્સીપાલ શ્રી આર. જી. ધમસાણિયા, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણી વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, મારવાડી યુનિવર્સિટીના શ્રી કેતનભાઈ મારવાડી દ્વારા તેમજ મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની દ્વારા પુષ્પગુચ્છથી મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરેલ, તેમજ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ અને શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણીએ પુસ્તક અર્પણ કરી ઉપસ્થિત મહાનુભાવોનુ સ્વાગત કરેલ. ત્યારબાદ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ દીપ પ્રાગટ્ય કરી હેકેથોન-૨૦૧૭નો શુભારંભ કરાવેલ. કાર્યક્રમનાં અંતે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલએ આભારવિધિ કરેલ હતી.

## પ્રથમ ત્રણ વિજેતા

પ્રથમ સ્થાને દર્શન એન્જિનિયરિંગ કોલેજની ટીમ electroblitz કે જેમણે વોટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ માટે ALERT SYSTEM FOR DIRECT PUMPING IN WATER DISTRIBUTIONનો સોફ્ટવેર બનાવ્યો હતો જેને રૂા.૧,૨૫,૦૦૦નું ઈનામ.

દ્વિતીય સ્થાને ચેન્નાઈની સવિથા એન્જિનિયરિંગ કોલેજની ટીમ TECHAVEN--GERS એ શાળા અને મધ્યાહન ભોજન ડિપાર્ટમેન્ટ માટે MOBILE BASED VIRTUAL CLASSROOM સોફ્ટવેર બનાવ્યો હતો જેને રૂા.૧,૦૦,૦૦૦નું ઈનામ.

તૃતીય સ્થાને ARMY INSTITUTE OF TECHNOLOGY, PUNEની ટીમ SIGNATURES એ વોટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ માટે WATER LEAKAGE IDENTIFICATION સોફ્ટવેર બનાવ્યો હતો જેને રૂા.૫૦,૦૦૦નું ઈનામ.

## હેકેથોનના આયોજનથી શ્રી પરેશ રાવલ ખુબ પ્રભાવિત..







રાજકોટ 'સ્માર્ટ સિટી' 'હેકેથોન ૨૦૧૭'ની મુલાકાત લેતાં લોકપ્રિય અભિનેતા, સાંસદ અને યુથ આઈકોન શ્રી પરેશ રાવલ. આ મુલાકાત દરમ્યાન ઉપસ્થિત વિદ્યાર્થીઓને ઉત્સાહ વધારવા શ્રી પરેશ રાવલ સાથે એક પ્રશ્નોતરી સેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી પરેશ રાવલ હેકેથોનના આ આયોજનથી ખૂબ જ પ્રભાવિત થયેલ અને હર્ષની લાગણી અનુભવી હતી.




જળ એ જ જીવન

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન - ૨૦૧૮

### તા.૧-મે એટલે કે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે

# સુજલામ સુફલામ જળ સંચય અભિયાન–૨૦૧૮નો પ્રારંભ

રાજ્ય સરકારશ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાં જળાશયો-તળાવો ઉંડા કરવા માટે જળસંચય અભિયાન હાથ ધરવામાં આવેલ છે તે અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૧-મે એટલે કે 'ગુજરાત સ્થાપના દિન'થી તેમાં સામેલ થઇ ખુબ જ મોટા પાયે આ ઝુંબેશનો આ પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના અન્ન નાગરિક પુરવઠા વિભાગના મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા એ પ્રારંભ કરેલ છે. આ અભિયાનની સાથોસાથ આજી નદી શુદ્ધિકરણ ઝુંબેશ પણ લોકભાગીદારી સાથે શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમન ઉપાધ્યાય તેમજ સાંસદ અને પૂર્વ કૃષિ મંત્રીશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મીરાણી, મેયરશ્રી ડૉ. જૈમન ઉપાધ્યાય, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શાસક પક્ષ નેતા અને ધારાસભ્યશ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, રાજકોટ શહેર ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઇ અઘેરા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, સભ્યશ્રી મનિષભાઇ રાડીયા, શ્રી અશ્વિનભાઇ મોલિયા, શ્રી જાગૃતિબેન ઘાડિયા, શ્રી જયોત્સનાબેન ટીલાળા, શ્રી દલસુખભાઇ જાગાણી, શ્રી પ્રીતિબેન પનારા, શ્રી મુકેશભાઇ રાદડિયા, શ્રી કશ્યપભાઇ શુકલ, શ્રી વિજયાબેન વાછાણી, શ્રી બિનાબેન આચાર્ય, શ્રી પરેશભાઇ પીપળીયા, શ્રી દેવુબેન જાદવ, શ્રી દક્ષાબેન ભેસાણીયા, શ્રી અનિતાબેન ગોસ્વામી, શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઇ રાઠોડ, શ્રી જીતુભાઇ કોઠારી, પૂર્વ કોર્પોરેટર વલ્લભભાઇ દુધાત્રા, શ્રી અનિલભાઇ મકવાણા, શ્રી ગેલાભાઇ રબારી, શ્રી રસિકભાઇ પટેલ, શ્રી દેવજીભાઇ ખીમસુરીયા, શ્રી પ્રવિણભાઇ કિયાડા, વોર્ડના અગ્રણી શ્રી અરવિંદભાઇ ભેસાણિયા, શ્રી મનસુખભાઇ જાદવ તથા બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.



આ પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના અન્ન નાગરિક પુરવઠા વિભાગનાં મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાએ જણાવેલ કે, ગુજરાત સરકાર દ્વારા આજે ગુજરાત રાજ્ય સ્થાપના દિનની રાજ્ય કક્ષાની ઉજવણી ભરુચ જિલ્લામાં થઇ રહી છે. આ અવસરની



સાથોસાથ આજથી જ રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા અંકલેશ્વર ખાતે 'સુજલામ સુફલામ જળ સંચય અભિયાન-૨૦૧૮'નો પ્રારંભ કરાવેલ છે ત્યારે આપણે અહી રાજકોટ ખાતે પણ આ અભિયાનનો શુભારંભ કરી રહયા છીએ. જેમાં અનેક સામાજિક સંસ્થાઓનો સહયોગ સાંપડયો છે અને તેઓએ આ વિરાટ જવાબદારી ઉપાડી લીધી છે તે બદલ સરકારશ્રી વતી તમામ સંસ્થાનો આભાર વ્યકત કરું છું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, એક માસ સુધી ચાલનારા આ અભિયાન હેઠળ રાજયના તળાવો ઉંડા કરાશે. નદીઓ પુનર્જીવિત કરાશે. અત્યારે ગુજરાતમાં કયાય પણ ૩૧ જુલાઇ સુધી પીવાના પાણીની તકલીફ ન પડે તેવી વ્યવસ્થા સરકારશ્રીએ કરી છે. જો કે આપણે ભવિષ્યની ચિંતા આજે કરવી જરૂરી છે. આ વિચાર સાથે જ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપણીએ જળ સંચય અભિયાન શરૂ કરાવ્યું છે. આ અભિયાનમાં વધુને વધુ એન.જી.ઓ. અને અન્ય લોકો જોડાય તે સૌના હિતમાં છે.

અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ ગુજરાત સ્થાપના દિનની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે, માન. મુખ્યમંત્રીશ્રીએ સૈંકડો પ્રજાલક્ષી નિર્ણયો કર્યા છે. તેમાંના વધુ એક નિર્ણય એટલે જળ સંચય અભિયાન. આપણે જાણીએ છીએ કે, રાજકોટની પાણીની પરિસ્થિતિથી સુપેરે વાકેફ રહેલા મુખ્યમંત્રીશ્રીએ બે વખત 'સૌની યોજના' હેઠળ નર્મદા નીરથી આજી-૧ જળાશયમાં પાણી ભરી રાજકોટવાસી ઓની ચિંતા દુર કરી છે. 'જલ હે તો કલ હે' સુત્રને સમજીને રાજકોટ મહાનગર--પાલિકાએ પણ લાલપરી, રાંદરડા તળાવ ઉપરાંત પશ્ચિમ ઝોનમાં રૈયામાં સ્માર્ટ સિટી એરિયામાં સ્થિત રેસકોર્ષ-૨ ખાતે તળાવો ઉંડા ઉતારવાનું ખુબ મોટું આયોજન આજથી શરૂ કર્યું છે. ગઇ કાલે શહેરની વિવિધ સામાજીક સંસ્થાઓ સાથેની બેઠકમાં તંત્રએ કરેલા આહવાન અને અપીલને પગલે અનેક સંસ્થાઓએ આ અભિયાનમાં જોડાવાનું વચન આપવા ઉપરાંત રૂા.૫૦ લાખ જેવા



અનુદાનની પણ વ્યવસ્થા કરી આપી છે તે બદલ મહાનગરપાલિકા તેમનો આભાર માને છે. આ અભિયાનમાં સતત એક માસ સુધી તળાવ ઉંડા કરવાનું કામગીરી કરી, આશરે એક લાખ ઘન મીટર જેટલી માટી કાઢી, વધુ જળ સંગ્રહ થઇ શકે તે સુનિશ્ચિત કરાશે. જળ સંચય અભિયાનની સાથોસાથ લાલપરી રાંદરડા અને રૈયા સ્માર્ટ સિટીના તળાવ ખાતે બ્યુટિફીકેશન પણ કરવામાં આવશે. તેમજ આજી નદી શુદ્ધિકરણ અભિયાન પણ હાથ ધરવામાં આવેલ છે.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરતા મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવેલ કે, સુજલામ સુફલામ જળ સંચય અભિયાન હેઠળ લાલપરી રાંદરડા તળાવ, પશ્ચિમ ઝોનમાં રૈયા સ્માર્ટ સિટી ખાતેના તળાવ ઉંડા કરવામાં આવનાર છે. જેમાં એક માસ સુધી આ કામ કરી કુલ ૩.૪ર ઘન મીટર માટી કાઢવામાં આવશે. લાલપરી, રાંદરડા સાઇટ ઇકો ટુરીઝમને પ્રોત્સાહન આપે તે રીતે તેને ડેવલોપ કરવામાં આવી રહયું છે. આ જળ સંચય અભિયાનમાં આજે ૧૫ જે.સી.બી., ૧૨ હિટાચી, ૩૦ ટ્રેકટર, તેમજ વિવિધ સામાજીક સંસ્થાઓ તથા અન્ય મળીને કુલ ૨૦૦૦ જેટલા લોકોની ઉપસ્થિતિમાં તળાવ ઉંડા કરવાનું કામ શરૂ કરવામાં આવેલ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ વધુમાં જણાવેલ કે, જળ સંચય અભિયાનની સાથો સાથ આજથી જ આજી નદી શુદ્ધિકરણ ઝુંબેશનો પણ શ્રી રામનાથ મહાદેવ મંદિર ખાતેથી શુભારંભ



કરવામાં આવેલ છે. જેમાં મંદિર પાસેથી અશુદ્ધ પાણી પસાર ન થાય તે રીતે નદીના પાણીને દુરથી ચેનલાઇઝ્ડ કરવામાં આવી રહેલ છે. આ કામમાં પણ ૧૩ જે.સી.બી., ૧૨ હિટાચી, ૨૬ ટ્રેકટર, અને ૪૦૦ સફાઇ કામદાર અને મેલેરિયા વર્કર તથા વિવિધ સંસ્થાઓના ૧૦૦૦ જેટલા સ્વયમ સેવકો સામેલ છે.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી આ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. જયારે આભાર દર્શન વોટર વર્કસ કમિટીના ચેરમેન શ્રી દલસુખભાઇ જાગાણીએ કરેલ હતું.



રાંદરડા તળાવ



લાલપરી તળાવ






## સુજલામ સુફલામ જળ સંચય અભિયાન-૨૦૧૮ અંતર્ગત

# રેસકોર્ષ ફેઇઝ-રમાં ૪૫ એકરમાં તળાવ ઉંડુ ઉતારવાની કામગીરીનો શુભારંભ

## રેસકોર્ષ-રમાં ડેવલપમેન્ટ તથા તળાવનું "અટલ તળાવ" નામકરણ

'સુજલામ સુફલામ જળ અભિયાન - ૨૦૧૮' અંતર્ગત રાજકોટ મહાનગર--પાલિકા દ્વારા રેસકોર્ષ ફેસ-રમાં ૪૫ એકરમાં તળાવ ઉંડું ઉતારવાની કામગીરીનો શુભારંભ તા.૫-૫-૨૦૧૮ શનિવારના રોજ સવારના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા. તેમજ સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, શ્રી લાખાભાઇ સાગઠિયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, કલેકટરશ્રી ડૉ. રાહુલ બી. ગુપ્તા, મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, પોલિસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલૌત, રાજકોટ શહેર ભાજપ પ્રવકતાશ્રી રાજુભાઇ ધ્રુવ, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, શ્રી કિશોરભાઇ રાઠોડ, રાજકોટ મહાનગરપાલિકાના વિપક્ષ નેતાશ્રી વશરામભાઇ સાગઠિયા, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઇ અઘેરા, રાજકોટના સંગઠન પ્રભારી અને કચ્છના પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઇ ગઢવી, એચ. જે. ઇન્ડસ્ટ્રીઝના પર્સોનેલ મેનેજરશ્રી જે. આર. કીકાણી, ભવાની ઇન્ડસ્ટ્રીઝના શ્રી અતુલભાઇ જુઠાણી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પૂર્વ કુલપતિશ્રી ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ, સૌરાષ્ટ્ર યુનિ. સિન્ડીકેટ સભ્યશ્રી ડૉ. નેહલભાઇ શુકલ, ડૉ. મેહુલભાઇ રૂપાણી, ડૉ. ભાવિનભાઇ કોઠારી, ડૉ. વિજયભાઇ પટેલ, ડૉ. અમિત હપાણી, ડૉ. વિજય દેસાણી, શહેર ભાજપ અગ્રણીશ્રી કાશ્મીરાબેન નથવાણી, આર. કે. યુનિવર્સિટી રજીસ્ટ્રારશ્રી શિવલાલભાઇ રામાણી, મારવાડી યુનિવર્સિટી પ્રેસિડેન્ટ શ્રી કેતનભાઇ મારવાડી, રોલેક્ષ રીંગ્સ પ્રા. લિ.ના ચેમરેનશ્રી મનિષભાઇ માદેકા, સહકારી અગ્રણીશ્રી જયોતિન્દ્ર--ભાઇ મહેતા, વી.વી.પી. એન્જીનિ--યરીંગ કોલેજ ટ્રસ્ટીશ્રી કૌશિકભાઇ શુકલ, બાન લેબ શ્રી મૌલેશભાઇ ઉકાણી, અગ્રણી બિલ્ડરશ્રી સ્મિતભાઇ કનેરિયા, અગ્રણી ઉદ્યોગપતિશ્રી શંભુભાઇ પરસાણા, શ્રી મહેન્દ્રભાઇ ફળદુ, જૈન અગ્રણીશ્રી ચંદ્રકાન્તભાઇ શેઠ, બાલાજી વેફર્સ પ્રા. લિ.ના શ્રી ભીખાભાઇ વિરાણી, શ્રી રમેશભાઇ ટીલાળા તેમજ મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનસમુદાયને સંબોધતા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, રૈયા સ્માર્ટ સિટી, રેસકોર્ષ-૨ના વિસ્તારના આ તળાવને ઉંડું ઉતારવાના અભિયાનમાં આટલી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ તમામને અભિનંદન પાઠવું છું. રાજય સરકારે ગુજરાતને પાણીદાર બનાવવા માટે 'સુજલામ સુફલામ જળ સંચય અભિયાન-૨૦૧૮' હાથ ધર્યુ છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૬,૦૦૦ જેટલા કામો શરૂ થયા છે. રાજયના ૧૩,૦૦૦ જેટલા ચેકડેમ, તળાવ, સહિતના વિવિધ જળાશયો ઉંડા ઉતારવામાં આવી રહયા છે. ૩૪ નદીઓના આવરા સાફ કરી, આ નદીઓને પુનર્જીવિત કરવાનું કામ પણ ગતિમાં છે. ૫,૦૦૦ કેનાલોની સફાઇ થઇ રહી છે. તો સાથોસાથ ૩૩,૦૦૦ જેટલા એરવાલ્વ, સમ્પ તથા વોટર ટેન્કો વગેરે પણ સાફ કરવામાં આવી રહ્યા છે. મને એ વાતનો આનંદ છે કે, રાજય વ્યાપી આ અભિયાનને લોકોએ



પોતાનું અભિયાન બનાવી લીધું છે. આજે સવારે જ બનાસકાંઠા જિલ્લામાં બોર્ડર પરના એક નાનકડા ગામમાં તળાવને ઉંડું ઉતારવા મોટી સંખ્યામાં લોકો શ્રમદાન આપી રહ્યા હતા, તે ખરેખર આનંદની વાત છે. રાજકોટમાં રાજાશાહી વખતમાં લાલપરી અને રાંદરડા તળાવ બન્યા બાદ બીજું એક પણ નવું તળાવ અત્યાર સુધીમાં બન્યું ન હતું જ્યારે હવે રાજકોટમાં રેસકોર્ષ-૨ ના વિસ્તારમાં એક તળાવને વિકસિત કરવાનું આયોજન હાથ ધરાયું છે. જેમાં રૂા.૪૨ કરોડ જેવો ખર્ચ થનાર છે.

માન. મુખ્યમંત્રીશ્રીએ વિશેષમાં જણાવ્યું હતું કે, રાજ્યની એક માસની આ ચળવળથી રાજ્યમાં ૧૧,૦૦૦ લાખ ઘન મીટરથી વધુ જળ સંગ્રહી શકાશે અને આટલું ખોદાણ થતા જે માટી અને કાંપ નીકળશે તેનો ખેતી, રસ્તા વિગેરે કામોમાં ઉપયોગ થઇ શકશે અને લોકો તેને વિનામૂલ્યે લઇ જઇ શકશે. સરકારે તેની રોયલ્ટી પણ માફ કરી છે. રાજ્યનું આ અભિયાન દેશનું સૌથી મોટું જળ સંચય અભિયાન છે. ગુજરાતે આ અભિયાન થકી દેશને એક નવી દિશા તથા નવો રાહ ચીંધ્યો છે. એક માસમાં રાજ્ય સરકાર ત્રણ મહત્વના કદમ ઉઠાવી રહી છે. જેમાં, ડ્રેનેજના વોટરને ટ્રીટ કર્યા વગર સીધુ જ છોડી શકાશે નહી, ટ્રીટમેન્ટ બાદ શુધ્ધ જળ તળાવમાં છોડવામાં આવશે. આ માટેની રીસાયક્લિંગ પોલીસી તુરંતમાં જાહેર કરવામાં આવશે.

રાજ્ય સરકારનો બીજો મહત્વનો પ્રોજેક્ટ દરિયાના ખારા પાણીને મીઠું કરવા અંગેનો છે. જામનગર નજીક જોડિયા ખાતે રૂા.૮૦૦ કરોડના ખર્ચે ડીસેલીનેશન પ્લાન્ટ નાખી, દરિયાના ખારા પાણીને મીઠું બનાવવામાં આવશે. ૧૦ કરોડ લિટરની પાણીની ક્ષમતા ધરાવતા આ પ્લાન્ટ જેવા જ અન્ય ૧૦ પ્લાન્ટ કચ્છ, સૌરાષ્ટ્ર અને દહેજ સુધીના દરિયા કાંઠાના વિસ્તારોમાં સ્થાપવામાં આવશે. દેશમાં તામિલનાડુના ચેન્નાઇ બાદ આવા પ્લાન્ટ ધરાવનાર ગુજરાત સમગ્ર દેશમાં બીજું રાજ્ય બનશે.

રાજ્યમાં ભરૂચ પાસે નર્મદાના મીઠા પાણી દરિયાના ખારા પાણી સાથે ભળી રહ્યા છે. ખારા પાણીને મીઠા પાણી સાથે ભળતું અટકાવવા માટે રાજ્ય સરકારે રૂા.૪,૦૦૦ કરોડના ખર્ચે એક ડેમ બનાવવાનો નિર્ણય કર્યો છે.

અંતમાં, માન. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વોટર રીચાર્જ, રીડયુસ, રીસાયકલિંગ, અને રિયુઝની નીતિ આપણે અપનાવવી પડશે. 'જલ હૈ, તો કલ હૈ' 'જય સંચય અભિયાન' ને 'જન અભિયાન' બનાવવું પડશે અને 'જય શ્રી કૃષ્ણ'ની સાથે 'જળ શ્રી કૃષ્ણ' કહેવું પડશે. રાજકોટમાં રૈયા ખાતે વિકસિત થનાર આ તળાવને મુખ્યમંત્રી શ્રીએ 'અટલ તળાવ' નામકરણ કરેલ.

આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી ઉદ્‌બોધન કરતા માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે, નિર્ણાયક સરકારના નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજકોટને આપેલા આ નવા નજરાણા બદલ સૌ વતી તેમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું. રાજ્ય હોય કે કેન્દ્ર સરકાર રાજકોટને સુવિધા આપવામાં કદી પાછુ વાળીને જોયું નથી. નવું એરપોર્ટ, નવું બસપોર્ટ, આજી-૧ ડેમમાં નર્મદાના નીર વિગેરે જેવા વિકાસ કાર્યોની હારમાળા સર્જેલ છે. રાજ્ય સરકારે આગામી ચોમાસા સુધી પાણીની કોઇ મુશ્કેલી ન થાય તેવી ખાતરી આપી છે. ત્યારે આપણા સૌની એ ફરજ છે કે, પાણીનું મુલ્ય સમજી, તેનો બચાવ તથા કરકસરયુક્ત ઉપયોગ કરીએ. રાજ્ય સરકારના 'સુજલામ સુફલામ જળ સંચય અભિયાન-૨૦૧૮' હેઠળ રાજકોટના લાલપરી તળાવમાંથી ૪ દિવસમાં ૬,૫૦૦ ઘન મીટર કાંપ બહાર કાઢેલ છે. સાથોસાથ આજી નદી શુદ્ધિકરણ ઝુંબેશમાં પણ ૫૦૦ ટન કચરો બહાર કાઢ્યો છે. હવે અહી રૈયા સ્માર્ટ સિટી પાર્કમાં પણ તળાવ ઉંડુ ઉતારીશું. રાજકોટ આ ઝુંબેશમાં જરાય પાછળ નહી રહે. એમ કહેવાય છે કે, ત્રીજું વિશ્વયુધ્ધ પાણી માટે થશે. પાણી માટે આપણે સૌએ જાગૃત થવું પડશે. જળ સંચય અભિયાનમાં દરેક વ્યકિત ઉત્સાહભેર યોગદાન આપે તેવી હૃદયપૂર્વકની અપીલ કરું છું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કર્યું હતું જયારે મહાનગરપાલિકાના પદાધિકારીશ્રી તથા શહેર ભાજપના હોદ્દેદારોએ માન. મુખ્યમંત્રીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દલસુખભાઇ જાગાણીએ મંચ પર ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું પુસ્તક આપી સ્વાગત કરેલ. જ્યારે આભાર દર્શન સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલએ કરેલ હતું. આ પ્રસંગે રાજ્ય સરકારશ્રી દ્વારા હાથ ધરાયેલ જળ સંચય યોજના અંતર્ગતનાર વિકાસ કામો તથા રાજકોટ મહાનગરપાલિકાના વિકાસ કામોનો વિડીયો પ્રદર્શિત કરવામાં આવેલ. બાદમાં, માન. મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીગણ, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, તેમજ જુદા જુદા સમાજના આગેવાનો તથા ઉપસ્થિત જનમેદની સાથે રેસકોર્ષ-૨ તળાવમાં શ્રમદાન કરી, આ તળાવ ઉંડુ ઉતારવાના અભિયાનમાં પોતાનું યોગદાન આપ્યું હતું.



# માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે



## રાજકોટ મહાનગરપાલિકા, રૂડા, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ પોલીસ વિભાગના જુદા જુદા કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા, રૂડા, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ પોલીસ વિભાગના જુદા જુદા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ તા. ૧૫-૭-૨૦૧૮ના રોજ માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ. તેમજ સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેન શ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, અનુસુચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલિયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, રાજકોટ જીલ્લા કલેક્ટરશ્રી ડૉ. રાહુલ ગુપ્તા, પોલિસ કમિશનરશ્રી અનુપમ-સિંઘ ગેહલોત, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન ડાંગર, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનિષભાઈ રાડીયા, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી બાબુભાઈ આહિર, સમાજ કલ્યાણ કમિટી ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જયોત્સનાબેન ટીલાળા તેમજ કોર્પોરેટરશ્રીઓ, ભાજપ અગ્રણીઓ અને વિશાળ સંખ્યમાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજયના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી જણાવેલ કે, મહાનગરપાલિકા તેમજ રાજયની અન્ય કચેરીઓ દ્વારા રૂા.૧૭૬ કરોડના ખર્ચે જુદા જુદા પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા. જે પ્રતીતિ કરાવે છે કે, સતત કામ કરતી સરકાર છે. રાજકોટ મહાનગરપાલિકા પણ અનેક વિકાસ કાર્યો કરી રહેલ છે. શહેરનો ચારેય તરફ વિકાસ થઈ રહેલ છે ત્યારે રાજકોટ ધબકતું, વિકસતું અને ગતિશીલ રાજકોટ તરીકે આગળ વધી રહ્યું છે. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ સુધીમાં દરેક કુટુંબને પોતાના ઘરનું ઘર મળે ઝુપડપટ્ટી અને કાચા મકાનોમાં રહેતા લોકોને પાકકા મકાન મળે તેવો સંકલ્પ કરેલ છે. જયારે રાજય સરકાર દ્વારા પણ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ તમામ શહેરોમાં આવાસની કામગીરી ચાલુ છે. રાજકોટ મહાનગર-પાલિકા દ્વારા આજે ૧૧૨૦ કુટુંબોને આવાસ ફાળવેલ છે. આ આવાસના લાભાર્થીઓ ઉતરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવેલ. રાજકોટ મહાનગર-પાલિકા દ્વારા ૭૦ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવેલ છે. ત્યારે રાજય સરકાર ડ્રેનેજના પાણીનો રિયુઝ અને રિસાયકલ થાય જેમ કે, ખેતી, બાંધકામ, બાગ બગીચા, ઈન્ડસ્ટ્રીઝ વિગેરેમાં વાપરી શકાય તે માટે કટીબદ્ધ છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ ડ્રેનેજનું પાણી રિયુઝ થાય તેવી કાર્યવાહી કરવા જણાવેલ. ગત ધોમધખતા ઉનાળામાં જનતાના યોગદાન દ્વારા રાજયોના અનેક તળાવો 'સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન' હેઠળ ઉંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી. જેના કારણે ૧૧ હજાર લાખ લિટર જેટલો જળ સંગ્રહ શક્તિમાં વધારો થયો. ગુજરાતને પાણીદાર બનાવવા સરકાર આગળ વધી રહી છે. દરિયાના પાણીને મીઠા કરવાનો યોજના પણ હાથ ધરવામાં આવેલ છે. ગુજરાતની સરકાર દરેકને પઢાઈ, કમાઈ અને દવાઈ એ ધ્યેય સાથે કામ કરી રહી છે. સીનીયર સિટીઝનો કે જેની રૂા.૬ લાખ વાર્ષિક આવક હોય તેવા લોકોને અમૃત અને વાત્સલ્ય કાર્ડ કાઢી આરોગ્યની સારવાર માટે સરકાર રૂા.૩ લાખનો ખર્ચ કરે છે. આ ઉપરાંત રાજય સરકાર 'હર હાથ કો કામ, હર ખેત કો પાની' એ સુત્રને પણ સાકાર કરવા આગળ ધપી રહી છે. એપ્રેન્ટીસ યોજના દ્વારા વધુ ને વધુ યુવાનોને રોજગારી મળે તે માટે કામ કરી ૧લી મે થી અત્યાર સુધીમાં ૨૨૦૦૦ યુવાનોને






## મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે થયેલ લોકાર્પણ અને ખાતમુહૂર્તની વિગત

**રાજકોટ મહાનગરપાલિકા દ્વારા..**

- રૂા.૭૬ કરોડના ખર્ચે EWS ૧૧૨૦ આવાસોનું લોકાર્પણ.
- રૂા.૨.૦૮ કરોડના ખર્ચે મહિલા સ્વિમિંગ પૂલનું લોકાર્પણ
- રૂા.૨.૬૬ કરોડના ખર્ચે પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલના નવા બિલ્ડીંગનું લોકાર્પણ.
- રૂા.૪૩.૨૪ કરોડના ખર્ચે ગવરીદડ ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ.
- રૂા.૧૨.૧૮ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૮ માં જુદી જુદી ૩ જગ્યાએ ESR-GSRનું ખાતમુહૂર્ત.
- રૂા.૨.૭૧ કરોડના ખર્ચે જુદા જુદા વિસ્તારોમાં બગીચાઓનું ખાતમુહૂર્ત.

**રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા..**

- રૂા.૧.૭૮૧૧ કરોડના ખર્ચે કાલાવડ રોડથી ગોંડલ રોડને જોડતા રિંગ રોડ-૨(ફેઝ-૨) ઉપર પારડી ગામ મુકામે હાઈલેવલ બ્રિજનું ખાતમુહૂર્ત.
- રૂા.૨.૬૦૧૧ કરોડના ખર્ચે ટી.પી. સ્કીમ નં.૨૦+૨૧(મુંજકા)માં રિંગ રોડ-૨ થી અવધ રોડને જોડતા ૧૮ મી., ૨૪ મી.ના મેટલીંગ રોડનું ખાતમુહૂર્ત.
- રૂા.૫.૨૯૦૮ કરોડના ખર્ચે રાજકોટ કાલાવડ (SH-૨૩) રોડમાં સત્તા મંડળ હસ્તકના ૩.૧૨૦ કિ.મી. લંબાઈનું ૬(છ) લેનમાં વિસ્તૃતિકરણ કામનું ખાતમુહૂર્ત.
- રૂા.૨.૧૮૭૮ કરોડના ખર્ચે ખરેડીથી મઘરવાડા અને ગુંદા વિલેજને જોડતા મેટલીંગના રસ્તા પર ડામર કામ કરવાના કામનું ખાતમુહૂર્ત.

**માર્ગ અને મકાન વિભાગ દ્વારા..**

- રૂા.૮.૯૮૮૨ કરોડના ખર્ચે ગવર્મેન્ટ એન્જી. કોલેજ ખાતે સિવિલ બ્લોકનું ખાતમુહૂર્ત.
- રૂા.૫.૭૮૬૧ કરોડના ખર્ચે સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ ખાતે એનેક્ષી બિલ્ડીંગના કામનું ખાતમુહૂર્ત.
- રૂા.૬.૦૨૩૬ કરોડના ખર્ચે યુનિવર્સિટી રોડ પરની રાજકોટ ડિસેબલ આઈ.ટી.આઈ.(પી.એચ.)ના કામનું ખાતમુહૂર્ત

**રાજકોટ શહેર પોલિસ વિભાગ દ્વારા..**

- રૂા.૨.૩૩૭૯ રાજકોટના કુવાડવા ખાતે પોલિસ સ્ટેશનનું લોકાર્પણ.
- રૂા.૨.૧૩૬૩ કરોડના ખર્ચે રાજકોટ શહેર ખાતે ‘બી’ ડિવિઝન પોલિસ સ્ટેશનનું લોકાર્પણ.



એપ્રેન્ટીસ યોજનામાં જોડવામાં આવેલ છે.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, રાજકોટ માટે આજનો દિવસ યાદગાર રહેશે. આજરોજ શહેરને સ્માર્ટ સિટી તરફ લઈ જવા સ્માર્ટ સિટી સમિટનું આયોજન કરવામાં આવેલ છે. મહિલા મેયર તરીકે મને એ વાતનો ગર્વ છે કે, ૧૩૦૦ જેટલી બહેનોને ‘ઉજ્જવલા યોજના’ હેઠળ ગેસના કનેકશન આપવાની કાર્યવાહી તેમજ મહિલા સ્વિમિંગ પૂલનું લોકાર્પણ અને ૧૧૨૦ જરૂરિયાતમંદ પરિવારોને આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સંકલ્પબદ્ધ છે કે દેશની બહેનો ચૂલામાં લાકડા અને કોલસો વાપરે છે. જેનાથી આરોગ્યને નુકશાન થતું હોઈ, તેના સ્થાને ‘ઉજ્જવલા યોજના’ હેઠળ ગેસના ચુલા મળે તે માટે સરકાર કાર્યવાહી કરી રહેલ છે. આ ઉપરાંત ૨૦૨૨ સુધીમાં તમામને પોતાના ઘરનું ઘર મળે તે માટે તેમનું સપનું છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રીના આ સપનાને સાકાર કરવા અત્યાર સુધીમાં ૧૩૦૦૦થી વધુ આવાસો બનાવી ફાળવવામાં આવેલ છે અને હજુ ૬૦૦૦થી વધુ આવાસોની કામગીરી ચાલુ છે. ખાસ તો રાજકોટને પીવાનું પાણી પુરું પાડતા જળાશયોમાં પાણી નહોતું ત્યારે માન. મુખ્યમંત્રીએ સૌની યોજના મારફત આજી ડેમ-૧ નર્મદાના પાણીથી ભર ઉનાળે ભરી, પાણી કાપને કાયમી ધોરણે તિલાંજલિ આપેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માધાપર ચોકડી તથા સિવિલ હોસ્ટિલ ચોક ખાતે ઓવરબ્રિજ બને તે માટે ચાલુ સાલમાં બજેટમાં જોગવાઈ કરેલ છે. રાજ્ય સરકાર રાજકોટમાં મલ્ટીપર્પઝ સ્પોર્ટસ સંકુલ અને હોસ્ટેલ પણ બનાવી રહી છે. રાજ્ય સરકારના સહયોગથી રાજકોટ સ્માર્ટ સિટી બનવા આગળ ધપી રહ્યુ છે. રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ શહેર વિકાસ સત્તા મંડળ, માર્ગ અને મકાન વિભાગના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ‘ઉજ્જવલા યોજના-૨’ હેઠળ રાજકોટની બહેનોને ગેસ કનેકશન અર્પણ વિધિ કાર્યક્રમ કરવામાં આવેલ તેમજ આવાસ યોજનાના લાભાર્થીઓને ટોકન સ્વરૂપે ચાવી તથા એપ્રેન્ટિસને નિમણુંકપત્ર અર્પણ કરવામાં આવેલ.

આજના કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રી સહિતના મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરેલ. જ્યારે મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ અને કોર્પોરેશનના વિવિધ પ્રોજેક્ટની માહિતી આપેલ. મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવેલ. તેમજ હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી બાબુભાઈ આહિર, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, ડ્રેનેજ કમિટી ચેરમેનશ્રી જ્યોત્સનાબેન ટીલાળા દ્વારા મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડએ કરેલ.

## રાજકોટ મહાનગરપાલિકા અને વન વિભાગ દ્વારા

# રેસકોર્ષ-૨ અને અટલ સરોવરની આસપાસના વિસ્તારમાં નવા નીરની પૂજનવિધિ અને ઘનિષ્ઠ વૃક્ષારોપણ

### રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે



રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ વન વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૨૮-૭-૨૦૧૮ના રોજ રેસકોર્ષ-૨ અને અટલ સરોવર આસપાસના વિસ્તારમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ અને નવા નીરની પૂજનવિધિ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહેલ હતાં. આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ તેમજ શ્રી ભીખાભાઈ વસોયા, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલિયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, પૂર્વ મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, પૂર્વ સ્ટે. કમિટી ચેરમેનશ્રી કશ્યપભાઈ શુક્લ અને શ્રી પુષ્કરભાઈ પટેલ, જીલ્લા કલેક્ટર ડૉ. રાહુલ ગુપ્તા, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, પોલિસ કમિશનરશ્રી મનોજ અગ્રાવલ, જોઈન્ટ પોલિસ કમિશનરશ્રી ખત્રી, બ્રિગેડિયર શ્રી અજીતસિંહ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી દેવાંગભાઈ માંકડ તથા જીતુભાઈ કોઠારી, ભવાની ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનશ્રી અતુલભાઈ જુઠાણી, ગુજરાત બેંક અર્બન ફેડરેશનના ચેરમેનશ્રી જ્યોતિન્દ્રભાઈ મહેતા, રાજકોટ નાગરિક સહકારી બેંક લી. ચેરમેનશ્રી નલિનભાઈ વસા, ઈન્ડિયન ઈન્સ્ટી. ઓફ આયુર્વેદા ચેરમેનશ્રી મેહુલભાઈ રૂપાણી, એચ. એન. શુક્લ કોલેજ ચેરમેનશ્રી નેહલભાઈ શુક્લ, હરિવંદના કોલેજ ચેરમેનશ્રી મહેશભાઈ ચૌહાણ, આનંદ નર્સિંગ કોલેજ ચેરમેનશ્રી કિશોરભાઈ સોઢા, જીનિયસ સ્કુલ ચેરમેનશ્રી ડી. વી. મહેતા, આર.બી. ભાલોડિયા કોલેજ પ્રિન્સીપાલશ્રી નીરજભાઈ પટેલ તેમજ શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષ દંડકશ્રી અજયભાઈ પરમાર, બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેનશ્રી વિજયાબેન વાછાણી, વોટર વર્ક્સ સમિતિ ચેરમેનશ્રી દેવરાજભાઈ મકવાણા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, કોર્પોરેટરશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં કોલેજના તથા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, શહેરીજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સૌ પ્રથમ અટલ સરોવર ખાતે વૃક્ષારોપણ અને નવા નીરની પૂજનવિધિ કાર્યક્રમ યોજવા બદલ રાજકોટ મહાનગરપાલિકાને અભિનંદન પાઠવેલ હતા. તેઓએ જણાવેલ કે, રાજ્ય સરકાર દ્વારા ૧ મે થી ૩૧ મે સુધી લોકોના સહયોગથી રાજ્યના ૧૮,૦૦૦ જેટલા ગામડાઓમાં જળસંગ્રહના કાર્યક્રમો કરવામાં આવ્યા. રાજ્ય સરકાર દ્વારા ૧૧ હજાર લાખ ઘનફૂટ માટી કાઢવાના લક્ષ્યાંક સામે ૧૩ હજાર લાખ ઘનફૂટ માટી કાઢવામાં આવેલ છે, ચોમાસા દરમ્યાન સારા વરસાદને કારણે આ બધા જ જળાશયોમાં પાણી આવેલ છે અને ગામડાઓ તથા શહેરોની જળસંગ્રહ શક્તિમાં વધારો થયેલ છે. હજુ પણ સારો વરસાદ આવે તેવી મેઘરાજાને પ્રાર્થના કરતા તેમણે જણાવેલ કે, રાજ્ય સરકાર દ્વારા બીજા તબક્કામાં તમામ તળાવોની આસપાસ વૃક્ષારોપણ કરવાનું પણ અભિયાન શરૂ કરેલ છે. રૂા.૪૦ કરોડના ખર્ચે આપણી કલ્પના મુજબનું અટલ સરોવર સુંદર અને રમણીય સ્થળ બને તે માટે આયોજન કરવામાં આવેલ






હતું. ગુજરાત પાવર શક્તિની માફક જળ શક્તિમાં પણ અગ્રેસર રહે તે માટે રાજય સરકાર સંકલ્પબદ્ધ છે. ઉપરાંત, સમગ્ર રાજયમાં વન મહોત્સવના અનુસંધાને લાખોની સંખ્યામાં વૃક્ષો વાવવાનું ક્રમબદ્ધ આયોજન છે. પીવાના પાણીની ઉપલબ્ધિના ક્ષેત્રમાં આપણું રાજય સરપ્લસ બને તે માટે દરિયાના ખારા પાણીને મીઠું કરવાની યોજના એટલે કે, ડીસલાઈનેશન પ્રોજેક્ટ વિગેરે માટે કાર્યવાહી ગતિમાં છે. રાજકોટ શહેરમાં નવું એરપોર્ટ, આધુનિક બસપોર્ટ, રેસકોર્ષ-૨, નવી જી.આઇ.ડી.સી.ની સાથોસાથ શહેરના જામનગર રોડ પર કન્ટેઈનર ડેપો સહિતની સુવિધાઓ આપીને, શહેરનો સાર્વત્રિક વિકાસ થાય અને દેશભરમાં રાજકોટ શહેર સ્માર્ટ સિટી તરીકે ઉભરી આવે તેવી આશા તેમણે વ્યકત કરેલ હતી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પના મુજબ ગુજરાત આગળ વધી રહેલ છે તેમ જણાવી, તેમણે ધોળાવીરા, સફેદ રણ, જંગલો, સાપુતારા હિલ સ્ટેશન, યાત્રાધામો સહિતના ગુજરાતની કુદરતી સંપતિ ગણાતા સુંદર અને રમણીય સ્થળોનો વિકાસ કરી, લાખોની સંખ્યામાં ટુરિસ્ટો ગુજરાતની મુલાકાત લેવા માટે આકર્ષાય તે માટે રાજય સરકાર દ્વારા જુદા જુદા પ્રોજેક્ટસ કાર્યરત છે તેમ જણાવેલ. મુખ્યમંત્રીશ્રીએ અટલ સરોવરમાં ડ્રેનેજ ટ્રીટમેન્ટમાં શુદ્ધ થયેલ પાણી ઠાલવી, બારે માસ આ સરોવર ભરાયેલું રહે તેમજ રેસકોર્ષ-૨નો પણ ઝડપથી વિકાસ થાય તે દિશામાં રાજકોટ મહાનગરપાલિકા આગળ વધે તેમ અંતમાં જણાવેલ.

આ પ્રસંગે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, આજરોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજકોટ શહેરને ભેટ અપાયેલ અટલ સરોવરમાં ચોમાસાના પ્રથમ વરસાદે જ આવેલ નવા નીરની પૂજનવિધિ આજરોજ માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે થયેલ છે. અગાઉના સમયમાં રાજા મહારાજાઓ દ્વારા નવા તળાવો, કુવાઓ, વાવનું નિર્માણ અને પૂજનકાર્ય થતું. તેવી જ રીતે મુખ્યમંત્રીશ્રીની આગવી સુઝથી રાજયભરમાં 'સુજલામ્ સુફલામ્' અભિયાન શરૂ કરેલ જેના ભાગરૂપે રાજકોટને પણ અટલ સરોવરરૂપી ભેટ મળેલ છે. ઘણા વર્ષો બાદ રાજકોટને અટલ સરોવર મળેલ છે, તેમ ઈતિહાસ માં લખાશે. હયાત રેસકોર્ષમાં પણ અનેકવિધ પ્રવૃત્તિઓ થઇ રહેલ છે. તે જ રીતે નવા રેસકોર્ષ-૨નો પણ વિકાસ કરી, ત્યાં પણ વિભિન્ન રચનાત્મક પ્રવૃત્તિઓ માટે વિશાળ અવકાશ પ્રાપ્ત થશે.

આ પ્રસંગે સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઇ કાનગડે શાબ્દિક પ્રવચનમાં જણાવેલ કે, 'મોસાળે જમણ અને મા પીરસનાર' અને બીજી કહેવત એ છે 'માગ્યા વિના મા પણ ન પીરસે' ત્યારે, રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ માગ્યા વગર રાજકોટને ઓવરબ્રિજ, નવું એરપોર્ટ, નવું બસ પોર્ટ, આઇ-વે પ્રોજેક્ટ, મહાત્મા ગાંધી અનુભૂતિ કેન્દ્ર વિગેરે અનેક પ્રોજેક્ટસ આપેલ છે. 'સૌની યોજના' હેઠળ શહેરની પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવેલ છે. તે માટે શહેરીજનો માન. મુખ્યમંત્રીના કાયમને માટે ઋણી રહેશે.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે, રાજયના 'સુજલામ્ સુફલામ્' યોજના અંતર્ગત રાજકોટ શહેરમાં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અટલ સરોવરની કામગીરી હાથ ધરાયેલ. જે અંતર્ગત ૧,૬૧,૦૦૦ ચો.મી. વિસ્તાર પૈકી, હાલ ૯૦,૦૦૦ ચો.મી. વિસ્તારમાં પાણીની આવક થયેલ છે. આગામી દિવસોમાં રૂા.૪૧ કરોડના ખર્ચે આ વિસ્તારને વિકસિત કરાશે. આજે માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ૧,૧૧૧ વૃક્ષોનું વાવેતર થશે. આ ઉપરાંત, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ટી.પી. રસ્તાઓ અને ખુલ્લા પ્લોટોમાં વૃક્ષારોપણ કરવામાં આવશે.

કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રીશ્રી સહિતના મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરેલ. મહાનગરપાલિકાના પદાધિકારીઓ, શહેર ભાજપના હોદ્દેદારો દ્વારા માન. મુખ્યમંત્રીનું ફૂલહારથી સ્વાગત કરાયેલ તેમજ કલેક્ટરશ્રી ડૉ. રાહુલ ગુપ્તા, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, વન વિભાગના અધિકારી દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી માન. મુખ્યમંત્રીનું સ્વાગત કરાયેલ. બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેનશ્રી વિજયાબેન વાછાણી, વોટર વર્કસ સમિતિ ચેરમેનશ્રી દેવરાજભાઈ મકવાણા દ્વારા મંચસ્થ મહેમાનોનું પુસ્તકો અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે ડે. કમિશનરશ્રી ચેતન ગણાત્રા દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.





## કેનેડામાં કલાઈમેન્ટ ચેન્જ અંગેની ગ્લોબલ મેયર્સ સમિટમાં ભાગ લેતા રાજકોટના મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય



## 'જળ વાયુ પરિવર્તન(કલાઈમેટ ચેન્જ)ના પડકારને પહોંચી વળવામાં શહેરોની ભૂમિકા' વિષય પર સેમિનાર

રાજકોટ મહાનગરપાલિકા ખાતે વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર, રાજ્ય સરકારશ્રીના કલાઈમેટ ચેઈન્જ ડીપાર્ટમેન્ટ, એસ.સી.સી.ટી. (સુરત કલાઈમેટ ચેન્જ ટ્રસ્ટ) અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'જળ વાયુ પરિવર્તન (કલાઈમેટ ચેઈન્જ)ના પડકારને પહોંચી વળવામાં શહેરોની ભૂમિકા' વિષય પર સેમિનારનું આયોજન તા.૧૦-૫-૨૦૧૭ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાતના શહેરો અને દેશ વિદેશના અન્ય શહેરોએ કેવા પગલાઓ લઈને કલાઈમેટ ચેન્જની સમસ્યાનો સામનો કરવા પ્રયાસ કરેલ છે તે વિશે માહિતીનું આદાન પ્રદાન અને ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ સેમિનારનું ઉદઘાટન રાજકોટના માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાયે કર્યું હતું.

મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સેમિનારમાં ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણી, કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના જોઈન્ટ સેક્રેટરી શ્રી એમ. જે. શાહ, વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચરના ડૉ. ટી. એસ. પનવર, મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, ઉપરાંત રાજકોટ તેમજ વડોદરા, અમદાવાદ, સુરતના સંબંધિત અધિકારીશ્રીઓ, બિલ્ડરો, આર્કિટેકટ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ૧લી મે 'ગુજરાત રાજ્ય સ્થાપના દિન' પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા



## યાદગાર ગીતોનો કાર્યક્રમ સુહાના સફર-૨૦૧૮

ગુજરાત રાજ્ય સ્થાપના દિન ૧લી મેની ઉજવણી અંતર્ગત ૧-૫-૨૦૧૮ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મ્યુઝીક ડાયરેક્ટર અપ્પુ એડવીન્સ, તથા સિંગર ચેતન રાણા, પ્રશાંત નસરી, સલીમ મલિક, નીલિમા ગોખલે, આના માર્ટીન તથા ઈશા સિંઘ પ્રસ્તુત જુની ફિલ્મોના યાદગાર ગીતોનો કાર્યક્રમ 'સુહાના સફર-૨૦૧૮' મેયરશ્રી ડૉ. જૈમન ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને યોજાયો.

આ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી ભીખાભાઈ વસોયા, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, સરગમ કલબના પ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા, અગ્રણી ઉદ્યોગપતિશ્રી ઘનશ્યામભાઈ ઢોલરીયા, સુર સંસારના ભગવતીભાઈ મોદી, સુર મંદિરના શ્રી ઘનશ્યામભાઈ રાવલ, સુર સરિતાના જયેશભાઈ ઓઝા, શાસક પક્ષ દંડકશ્રી રાજુભાઈ અઘેરા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, શહેર ભાજપ મહામંત્રીશ્રી જીતુભાઈ કોઠારી, કોર્પોરેટરશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, શ્રી અશ્વિનભાઈ મોલીયા, શ્રી મનીષભાઈ રાડીયા, શ્રી દલસુખભાઈ જાગાણી, શ્રી બિનાબેન આચાર્ય, શ્રી પરેશભાઈ પીપળીયા, શ્રી મુકેશભાઈ રાદડિયા, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી અનિતાબેન ગોસ્વામી, શ્રી રૂપાબેન શીલુ વિગેરે ઉપસ્થિત રહેલ હતા.




## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત

## શ્રી નીતિનભાઈ ભારદ્વાજના વરદ્ હસ્તે વોર્ડ નં.૧માં આંગણવાડીનું લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧માં સ્વાતંત્ર્ય પર્વ-૨૦૧૭ની ઉજવણીના ભાગરૂપે આંગણવાડીનું લોકાર્પણ રાજકોટ ૬૯-વિધાનસભાના વાલી અને પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજના વરદ્ હસ્તે કરાયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી ચારૂબેન ચૌધરી, શાસકપક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણી, દંડકશ્રી રાજુભાઈ અઘેરા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ રાદડિયા, વોર્ડ નં.૧ના કોર્પોરેટરશ્રી અંજનાબેન મોરજરીયા, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી આશિષભાઈ વાગડિયા, શ્રી દેવરાજભાઈ મકવાણા, વોર્ડ નં.૧ પ્રભારીશ્રી દિલીપભાઈ પટેલ, પ્રમુખશ્રી રસિકભાઈ બદ્રકિયા, મહામંત્રીશ્રી ભાવેશભાઈ પરમાર અને શ્રી કાનાભાઈ ખાણધર, અનુસૂચિત મોરચાના પૂર્વ મહામંત્રીશ્રી રામજીભાઈ મેરીયા, ભાજપ અગ્રણીશ્રી વાઘજીભાઈ ચાવડા, શ્રી ભરતસિંહ ચુડાસમા, શ્રી ભૂપતસિંહ ભટ્ટી, અનુસૂચિત મોરચાના મંત્રીશ્રી ભરતભાઈ પરમાર, લઘુમતી અગ્રણીશ્રી ઇસ્માઇલભાઈ વિકીયાણી તેમજ બહોળી સંખ્યામાં રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના સંયુકત ઉપક્રમે



# સફાઇ કામદાર આવાસના લાભાર્થીઓને સબસિડી ચેક વિતરણ

રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના સંયુકત ઉપક્રમે સફાઇ કામદાર આવાસના લાભાર્થીઓને સબસિડી ચેક વિતરણ કાર્યક્રમ તા.૨૮-૫-૨૦૧૭ના રોજ યોજાયો. જેનું દીપ પ્રાગટય રાષ્ટ્રીય સફાઇ કર્મચારી આયોગના માન. અધ્યક્ષશ્રી મનહરભાઇ ઝાલા તથા ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે ભારત સરકારના પૂર્વ કૃષિ મંત્રીશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઇ મકવાણા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, સેનિટેશન કમિટી ચેરમેનશ્રી આશિષભાઇ વાગડિયા, વોર્ડ નં.૩ના કોર્પોરેટરશ્રી ગીતાબેન પુરબીયા, શ્રી અતુલભાઇ રાજાણી, શ્રી દિલીપભાઇ આસવાણી, વોર્ડના પ્રભારીશ્રી દિનેશભાઇ કારિયા, પૂર્વ કોર્પોરેટરશ્રી કરશનભાઇ વાઘેલા, શ્રી જયશ્રીબેન પરમાર, મહામંત્રીશ્રી રાજુભાઇ દરીયાનાણી, સફાઇ કામદાર વિકાસ નિગમના પૂર્વ ડિરેકટરશ્રી મુકેશભાઇ પરમાર, સામાજિક અગ્રણીશ્રી દક્ષાબેન વાઘેલા, શ્રી બટુકભાઇ વાઘેલા, શ્રી અજયભાઇ વાઘેલા, નાયબ નિયામકશ્રી ભરતભાઇ જાની, પર્યાવરણ અધિકારી શ્રી નિલેશભાઇ પરમાર, આસી. મેનેજર શ્રી રામાનુજ તેમજ લાભાર્થીઓ સહિતના ઉપસ્થિત રહેલ હતાં.

# રાજયપાલ અને રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર સ્કાઉટ ગાઈડનું સન્માન



મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય તથા ઉપસ્થિત મહેમાનોના વરદ્ હસ્તે સર્ટીફિકેટ અપાયા.

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાવના પ્રબળ બને અને તેઓમા ચારિત્ર્યનું ઘડતર થાય તેવા શુભ આશયથી રાજકોટ શહેર જિલ્લા ભારત સ્કાઉટ ગાઇડ સંઘ દ્વારા શહેરની જુદી જુદી સ્કુલોમાં સ્કાઉટ ગાઇડની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. જેના અનુસંધાને તા.૪-૪-૨૦૧૮ના રોજ વર્તમાન વર્ષના કુલ ૨૩૭ સ્કાઉટ ગાઇડએ ગુજરાત રાજયના રાજયપાલશ્રી દ્વારા રાજયપાલ એવોર્ડ અને રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવેલ તે તમામ સ્કાઉટ ગાઇડને મેયર બંગલા ખાતે મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય તથા ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરાયા. આ પ્રસંગે રાજયના સ્કાઉટ ગાઇડના મુખ્ય કમિશનરશ્રી જનાર્દનભાઇ પંડયા, રાજકોટ જિલ્લા સ્કાઉટ ગાઇડના પ્રમુખશ્રી અભયભાઇ ભારદ્વાજ, રાજય મંત્રીશ્રી મનિષભાઇ મહેતા, રાજયના ટ્રેનિંગ કમિશનર શ્રી ભીખાલાલ સિદપરા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શ્રી સાવિત્રીબેન ઉપાધ્યાય, શ્રી આશાબેન ઉપાધ્યાય તેમજ જુદી-જુદી સ્કૂલોના શિક્ષકો, જિલ્લા શાસનાધિકારીશ્રી દેવદત્તભાઇ પંડયા વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલનશ્રી ભીખાલાલ સીદપરાએ કરેલ અને અંતમાં આભાર વિધિ શ્રી મનિષભાઇ મહેતાએ કરેલ હતી.

# વોર્ડ નં.૪માં મધુવન પાર્ક અને ગુરૂદેવ પાર્ક ખાતે ગાર્ડન તથા બાલ ક્રિડાંગણ બનશે



## મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેન માન. શ્રી ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે ખાતમુહૂર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય પર્વ ૨૦૧૭ની ઉજવણીના ભાગરૂપે તા.૧૦-૮-૨૦૧૮ના રોજ વોર્ડ નં.૪ના મધુવન પાર્ક ખાતે નિર્માણ પામનાર ગાર્ડનનું ખાતમુહૂર્ત તથા ગુરૂદેવ પાર્ક ખાતે નિર્માણ પામનાર ગાર્ડન તેમજ બાલ ક્રિડાંગણનું લોકાર્પણ ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરીના વરદ્ હસ્તે કરાયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય તેમજ આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઈ રૈયાણી, ડે. કમિશનરશ્રી અરૂણ મહેશ બાબુ, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઈ પુજારા, બાગ બગીચા સમિતિ ચેરમેનશ્રી દેવુબેન જાદવ, કોર્પોરેટરશ્રી અશ્વિનભાઈ મોલિયા, શ્રી દલસુખભાઈ જાગાણી, શ્રી પ્રીતિબેન પનારા, શ્રી દક્ષાબેન ભેસાણીયા, વોર્ડ નં.૪ પ્રભારી અશોકભાઈ લુણાગરિયા, પ્રમુખશ્રી સંજય ગોસ્વામી, મહામંત્રી સી. ટી. પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ ગાર્ડન આશરે ૪૭૩૦ ચો.મી.માં બનાવવામાં આવશે. જેમાં અદ્યતન લેન્ડસ્કેપિંગ ગાર્ડન, ફલાવર બેડ, બાળકો માટે બાલ ક્રિડાંગણ તથા પેરીફેરી વોક-વે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. ગુરૂદેવ પાર્ક ખાતે બનનાર ગાર્ડન તેમજ બાલ ક્રિડાંગણ આશરે ૬૪૫૦ ચો.મી.માં બનાવવામાં આવ્યું છે. જેમાં અદ્યતન લેન્ડસ્કેપિંગ ગાર્ડન, ફલાવર બેડ, બાળકો માટે બાલ ક્રિડાંગણ, તથા પેરીફેરી વોક-વે જેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે.

# વોર્ડ નં.૧૦ વિમલનગર વિસ્તારમાં આવેલ બગીચામાં નિર્માણ પામેલ લાઈટીંગનું



## રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણીના વરદ્ હસ્તે લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૦ વિમલનગર વિસ્તારમાં બગીચો બનાવવામાં આવેલ છે, આ બગીચાની સુંદરતામાં વધારો કરવા લાઈટીંગ કરી આપવાની માંગણી હતી. જેના અનુસંધાને રોશની વિભાગ દ્વારા બગીચમાં ૨૧ જેટલા લાઈટીંગ પોલ નાખવામાં આવેલ. આ લાઈટીંગ કામનું લોકાર્પણ રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારીશ્રી અજંલીબેન રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, લાઈટીંગ સમિતિ ચેરમેનશ્રી અજયભાઈ પરમાર, માર્કેટ સમિતિ ચેરમેનશ્રી અશ્વિનભાઈ ભોરણીયા, કોર્પોરેટરશ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી બિનાબેન આચાર્ય, યુવા મોરચા પ્રમુખશ્રી સંજયભાઈ વાઘર, યુવા મોરચા મહામંત્રીશ્રી શિવરાજસિંહ, વોર્ડ પ્રભારીશ્રી માધવભાઈ દવે, પ્રમુખશ્રી રજનીભાઈ ગોલ, મહામંત્રીશ્રી હરેશભાઈ કાનાણી વગેરે ઉપસ્થિત રહેલ હતા.

# શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલયમાં નિર્માણ પામેલ રીડિંગ રૂમનું શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજના હસ્તે લોકાર્પણ




વોર્ડ નં.૦૨માં આવેલ શ્રી દત્તોપંત ઠેંકડી પુસ્તકાલય ખાતે બહોળી સંખ્યામાં વાંચકો પુસ્તકાલયનો લાભ લે છે. તેમજ વાંચકોની સંખ્યા વધુ હોઇ, જેથી વધુ એક રીડિંગ રૂમની જરૂરીયાત ધ્યાને લઇ વોર્ડ નં.૦૨ના જાગૃત કોર્પોરેટરશ્રીઓ દ્વારા અહી રીડિંગ રૂમ બનાવવા માંગણી કરવામાં આવેલ જે મંજુર થતા તા.૧૨-૦૩-૨૦૧૮ના રોજ રૂા.૫૮.૭૧ લાખના ખર્ચે નિર્માણ પામેલ રીડિંગ રૂમનું લોકાર્પણ રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજના હસ્તે કરાયું.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, વોર્ડ નં.૨ના કોર્પોરેટર તથા ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ, મહામંત્રી શ્રી દેવાંગભાઇ માંકડ, વોર્ડ નં.૦૨ના પ્રભારીશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી મનિષભાઇ રાડિયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, કોર્પોરેટરશ્રી સોફિયાબેન દલ, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, રાજકોટ શહેર મહિલા મોરચાના મહામંત્રીશ્રી કિરણબેન માંકડિયા, પૂર્વ કોર્પોરેટરશ્રી ધર્મેન્દ્રભાઇ મીરાણી, શ્રી અતુલભાઇ પંડિત, શ્રી જસુમતીબેન વસાણી, વોર્ડ નં.૦૨ના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રીશ્રી જયસુખભાઇ પરમાર, શ્રી ધૈર્યભાઇ પારેખ વગેરે ઉપસ્થિત રહેલ.

આ રીડિંગ રૂમ રૂા.૫૮.૭૧ લાખના ખર્ચે બાંધકામ કરવામાં આવેલ છે. તેમજ ૧૫૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. લાઇબ્રેરીમાં પણ પી.ઓ.પી. સાથે આકર્ષક સીલિંગ બનાવવામાં આવેલ છે. તેમજ વાંચન માટે આરામદાયક અને આકર્ષક ટેબલ ખુરશીઓની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તેમજ હયાત લાઇબ્રેરીમાં ગ્રાઉન્ડ ફલોરમાં બાળકોના પુસ્તકો માટે નવું ફર્નિચર બનાવવામાં આવેલ છે. અને બીજા માળે ૫૩૭૦ ચો. ફૂટમાં પૂરતા હવા ઉજાસ સાથે આર.સી.સી.નું બાધકામ કરી, આ રીડિંગ રૂમ બનાવવામાં આવેલ છે. આ રીડિંગ રૂમથી વાંચકો, વિદ્યાર્થીઓ તથા જીજ્ઞાસુઓને વધુ સારી સુવિધા મળી રહેશે.

# રાજય સરકારશ્રીના મહિલા સશકિતકરણ પખવાડિયા અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'રાખી મેલા'નું આયોજન




ગુજરાત સરકાર દ્વારા ઓગષ્ટ માસના પ્રથમ પખવાડિયાને 'મહિલા સશકિતકરણ પખવાડિયા' તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રક્ષાબંધન પર્વને નજર સમક્ષ રાખી, રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ કાર્યરત સખી મંડળના બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ રાખડીના વેચાણ માટે તા.૫-૮-૨૦૧૭ થી તા.૬-૮-૨૦૧૭ એમ બે દિવસ માટે રેસકોર્ષ સંકુલમાં આવેલ આર્ટ ગેલેરી ખાતે સવારે ૯:૦૦ કલાકથી રાત્રિના ૯:૦૦ કલાક સુધી 'રાખી મેલા' નું આયોજન કરવામાં આવેલ હતું.

આ રાખી મેલામાં સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ અવનવી ડિઝાઇનની રાખડીઓ ખરીદવા માનવમેદની ઉમટી પડી હતી.

રાજકોટ મહાનગરપાલિકા, 'ઇકલી' અને સ્વીસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો-ઓપરેશન(એસ.ડી.સી.), એમ્બેસી ઓફ સ્વીટ્ઝરલેન્ડ દ્વારા કેપેસિટી બિલ્ડીંગ ફોર લો કાર્બન એન્ડ કલાઇમેટ રેસીલીયન્ટ સિટી ડેવલપ--મેન્ટ ઇન ઇન્ડિયા(કેપેસિટીઝ) પ્રોજેક્ટના ભાગરૂપે તા.૧૭-૭-૨૦૧૭ના રોજ રાજકોટ મહાનગરપાલિકા ખાતે શેર લર્નિંગ ડાઇલોગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ વર્કશોપમાં ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, ડે. કમિશનરશ્રીઓ શ્રી આર. જે. હાલાણી, શ્રી ચેતન નંદાણી અને શ્રી અરૂણ મહેશ બાબુ તેમજ વિવિધ ઇન્સ્ટીટ્યુશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ વર્કશોપમાં રાજકોટ શહેરમાં કલાઇમેટ રિસ્ક, વલ્નેરેબીલિટી સ્ટડી, રીસ્ક એસેસમેન્ટ, સ્ટડી કરવામાં આવેલ હતાં તથા કલાઇમેટ ચેન્જના લીધે વિવિધ અર્બન સિસ્ટમ પર થતી અસરનું એનાલિસિસ કરવામાં આવેલ હતું.




## શેર લર્નિંગ ડાઈલોગ વર્કશોપ






## હિન્દી હાસ્ય કવિ સંમેલન "હોલી કે રંગ, રાજકોટ કે સંગ"

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્ષ ખાતે આવેલ કવિ રમેશ પારેખ રંગદર્શન ખાતે તા.૧-૩-૧૮ના રોજ યોજાયેલ હિન્દી હાસ્ય કવિ સંમેલન 'હોલી કે રંગ, રાજકોટ કે સંગ' હજારો શહેરીજનોએ ઉત્સાહભેર માણ્યો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમનું દીપ પ્રાગટય ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી તેમજ રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય તથા ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઇ સોલંકી વિગેરેએ કરેલ હતું. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, અનુસૂચિત જાતિ મોરચા રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાનુબેન બાબરિયા, ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શ્રી જીતુભાઇ કોઠારી, સમાજ કલ્યાણ કમિટી ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, શ્રી અશ્વિન મોલિયા, શ્રી દલસુખભાઇ જાગાણી, ઉદ્યોગપતિશ્રી ત્રિલોકચંદ્ર ભરતીયા, શ્રી અનિલકુમાર ગુપ્તા, ઓલ ઇન્ડિયા ટ્રક ઓપરેટર્સ એસોસિએશનના અધ્યક્ષ શ્રી અશોક શર્મા, દંડકશ્રી રાજુભાઇ અઘેરા તથા કોર્પોરેટરશ્રી અજયભાઇ પરમાર ઉપસ્થિત રહેલ હતા.



## રાજકોટ મહાનગરપાલિકા તથા ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા

# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

રાજકોટ મહાનગરપાલિકા તથા ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા તા.૧૦-૧-૨૦૧૮ના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ભવ્ય પ્રારંભ થયો. જેનું દીપ પ્રાગટ્ય સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયાએ કરેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ તથા શ્રી ભીખાભાઇ વસોયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કોર્પોરેટરશ્રી મનીષભાઇ રાડીયા, શ્રી અશ્વિનભાઇ ભોરણીયા, શ્રી દેવુબેન જાદવ, શ્રી રૂપાબેન શીલુ, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી અંજનાબેન મોરજરીયા, શહેર ભાજપ અગ્રણીશ્રી મયુરભાઇ શાહ, શ્રી રાજેન્દ્રસિંહ ઝાલા તથા બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ કરેલ જયારે સમાજ કલ્યાણ સમિતિ વાઇસ ચેરમેનશ્રી અંજનાબેન મોરજરીયાએ મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત કરેલ. આભારદર્શન સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકરે કરેલ. ઉપસ્થિત મહેમાનોએ ત્રિરંગા ફુગ્ગાઓ ગગનમાં છોડેલ. પતંગ ઉત્સવને ઉપસ્થિત સૌએ હર્ષની કીકીયારીથી વધાવી લીધેલ.




**રેસકોર્ષ-ર લાગુ તળાવ (અટલ સરોવર)ને ઉંડુ ઉતારવાની ચાલી રહેલ કામગીરીની**
**સમિક્ષા કેબિનેટ મંત્રી અને રાજકોટ શહેરના પ્રભારીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા**

રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન-૨૦૧૮ હેઠળ ૧લી મે ગુજરાત રાજયના સ્થાપના દિને લોકભાગીદારીથી તળાવને ઉંડા ઉતારવાની કામગીરી પ્રારંભ કરાયો. વધુને વધુ જળસંગ્રહ ક્ષમતામાં વધારો થાય તેવા શુભાશયથી રાજય સરકાર દ્વારા આ અભિયાન શરૂ કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ આ અભિયાન હેઠળ રાંદરડા, આજીનદી શુદ્ધિકરણ તેમજ રૈયા વિસ્તારમાં સ્માર્ટ સિટી એરીયામાં રેસકોર્ષ-રને લાગુ તળાવ (અટલ સરોવર)ને ઉંડુ ઉતારવાની કામગીરી નો પ્રારંભ રાજયના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. તા.૧૯-૫-૨૦૧૮ના રોજ જળસંચય અભિયાન હેઠળ રેસકોર્ષ-ર લાગુ તળાવને ઉંડુ ઉતારવાની ચાલી રહેલ કામગીરીની રાજયના કેબિનેટ મંત્રી અને રાજકોટ શહેરના પ્રભારી મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સમીક્ષા કરેલ હતી.

આ પ્રસંગે માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, પૂર્વ પ્રમુખશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી અરવિંદભાઇ રૈયાણી, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઇ માંકડ, દંડકશ્રી રાજુભાઇ અઘેરા, ડે. કમિશનરશ્રી જાડેજા, શ્રી સી. કે. નંદાણી, સિટી એન્જીનિયરશ્રી ચિરાગ પંડયા, આસી. કમિશનરશ્રી હર્ષદ પટેલ, ડે. એન્જી. શ્રી હારુન દોઢિયા, શ્રીવાસ્તવ, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઇ પુજારા, શ્રી રઘુભાઇ ધોળકિયા, વોર્ડ નં.ર પ્રભારીશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, વોર્ડ નં.૮ પ્રભારીશ્રી નીતિનભાઇ ભૂત, વોર્ડ નં.૧૦ પ્રભારીશ્રી માધવભાઇ દવે, પ્રમુખશ્રી રજનીભાઇ ગોલ, મહામંત્રીશ્રી પરેશભાઇ તન્ના, વોર્ડ નં.૩ પ્રમુખશ્રી હેમુભાઇ પરમાર, વોર્ડ નં.૧ પ્રમુખશ્રી જયસુખભાઇ કાથરોટિયા, વોર્ડ નં.ર શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, શહેર યુવા ભાજપ પ્રમુખશ્રી પ્રદિપભાઇ ડવ તેમજ વિશાળ સંખ્યામાં કાર્યકરો, સંબંધક વિભાગોના અધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહેલ હતાં.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧ રૈયાધાર ખાતે બી.એસ.યુ.પી.-૩ હેઠળ બની રહેલ આવાસોનો નંબર ફાળવણી ડ્રો



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૮-૯-૨૦૧૭ના રોજ શ્રી પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે વોર્ડ નં.૧ રૈયાધાર ખાતે બી.એસ.યુ.પી.-૩ હેઠળ બની રહેલ ૩૩૬ આવાસોનો નંબર ફાળવણી ડ્રો રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઇ વસોયા, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, રાજકોટ શહેર ભાજપ મંત્રીશ્રી ચારુબેન ચૌધરી, શાસક પક્ષ નેતાશ્રી અરવિંદભાઇ રૈયાણી, હાઉસિંગ કમિટી ચેરમેનશ્રી કિરણબેન સોરઠિયા, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઇ રાદડિયા, વોર્ડ નં.૧ કોર્પોરેટરશ્રી દેવરાજભાઇ મકવાણા, વોર્ડ પ્રમુખશ્રી રસિકભાઇ બદ્રકિયા, મહામંત્રીશ્રી કાનજીભાઇ ખાણધર, ભાજપ યુવા મોરચા મહામંત્રીશ્રી યોગરાજસિંહ ચુડાસમા, શિક્ષણ સમિતિ સભ્યશ્રી કિરણબેન માકડીયા, શ્રી મુકેશભાઇ મહેતા તેમજ આવાસના લાભાર્થીઓ વિગેરે ઉપસ્થિત રહેલ હતાં.



# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે નવરાત્રિ મેળા-૧૭



આગામી નવરાત્રી તથા દિપોત્સવી પર્વને અનુલક્ષીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સક્ષમ રાજકોટ' અંતર્ગત રાષ્ટ્રીય આજીવિકા મિશન યોજના અંતર્ગત કાર્યરત સખી મંડળના બહેનોને રોજગારી મળી રહે અને પગભર થાય તે હેતુથી તા.૯-૯-૨૦૧૭ થી તા.૧૩-૯-૨૦૧૭ સુધી પાંચ દિવસ માટે ફન વર્લ્ડની બાજુમાં આવેલ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે નવરાત્રિ મેળાનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની તેમજ શ્રીમતી પાની, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, શ્રી હિરજીભાઇ ભાણજીભાઇ ખીમસુરીયા, શ્રી દેવુબેન જાદવ, શ્રી બિનાબેન આચાર્ય, શ્રી દક્ષાબેન ભેસાણીયા, શ્રી મુકેશભાઇ મેતા, શ્રી અશ્વિનભાઇ ભોરણીયા, શ્રી ગૌરવીબેન ધ્રુવ, શ્રી નયનાબેન પેઢડીયા, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી મીનાબેન પારેખ અને શ્રી અલ્કાબેન કામદાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કોર્પોરેટરશ્રી દક્ષાબેન ભેસાણીયા તથા શ્રી મીનાબેન પારેખ એ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ જ્યારે કાર્યક્રમના અંતમાં આભારવિધિશ્રી જ્યોત્સનાબેન ટીલાળાએ કરેલ હતી.



## રાજકોટ મહાનગરપાલિકાના જુન-૨૦૧૮થી

# નવનિયુક્ત પદાધિકારીશ્રીઓ

**મેયર : શ્રી બિનાબેન આચાર્ય**
**ડે. મેયર : શ્રી અશ્વિનભાઈ મોલિયા**
**નેતા : શ્રી દલસુખભાઈ જાગાણી**
**દંડક : શ્રી અજયભાઈ પરમાર**

**સ્ટેન્ડિંગ સમિતિના સભ્ય :**
- શ્રી ઉદયભાઈ કાનગડ
- શ્રી કમલેશભાઈ મીરાણી
- શ્રી પુષ્કરભાઈ પટેલ
- શ્રી કશ્યપભાઈ શુકલ
- શ્રી અનિલભાઈ રાઠોડ
- શ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય
- શ્રી મીનાબેન પારેખ
- શ્રી જાગૃતિબેન ઘાડીયા
- શ્રી અરવિંદભાઈ રૈયાણી
- શ્રી ડૉ. દર્શિતાબેન શાહ
- શ્રી ઘનશ્યામસિંહ અજીતસિંહ જાડેજા
- શ્રી નીતિનભાઈ રામાણી

**સ્પે. કમિટી સભ્યશ્રીઓની યાદી :**

**બાંધકામ સમિતિ :**
- શ્રી મનીષભાઈ રાડીયા
- શ્રી દુર્ગાબા જાડેજા
- શ્રી જાગૃતિબેન ઘાડિયા
- શ્રી રાજુભાઈ અઘેરા
- શ્રી દિલીપભાઈ આસવાણી

**સેનિટેશન સમિતિ :**
- શ્રી અશ્વિનભાઈ ભોરણીયા
- શ્રી દક્ષાબેન ભેસાણીયા
- શ્રી રૂપાબેન શીલુ
- શ્રી વર્ષાબેન રાણપરા
- શ્રી સંજયભાઈ અજુડીયા

**સમાજ કલ્યાણ સમિતિ :**
- શ્રી આશિષભાઈ વાગડિયા
- શ્રી હિરલબેન મેહતા
- શ્રી દેવુબેન જાદવ
- શ્રી મીનાબેન પારેખ
- શ્રી હારૂનભાઈ ડાકોરા

**આરોગ્ય સમિતિ :**
- શ્રી જયમીનભાઈ ઠાકર
- શ્રી દુર્ગાબા જાડેજા
- શ્રી જયોત્સનાબેન ટીલાળા
- શ્રી કિરણબેન સોરઠીયા
- શ્રી સીમીબેન જાદવ

**લાઈટીંગ સમિતિ :**
- શ્રી મુકેશભાઈ રાદડિયા
- શ્રી સજુબેન કળોતરા
- શ્રી જયાબેન ડાંગર
- શ્રી રાજુભાઈ અઘેરા
- શ્રી રસિલાબેન ગૈરૈયા

**વોટર વર્કસ સમિતિ :**
- શ્રી બાબુભાઈ આહિર
- શ્રી હિરલબેન મેહતા
- શ્રી અનિલભાઈ રાઠોડ
- શ્રી અનિતાબેન ગોસ્વામી
- શ્રી વશરામભાઈ સાગઠિયા

**કાયદો અને નિયમોની સમિતિ :**
- શ્રી શિલ્પાબેન જાવિયા
- શ્રી દુર્ગાબા જાડેજા
- શ્રી પ્રીતિબેન પનારા
- શ્રી આશિષભાઈ વાગડિયા
- શ્રી પરેશભાઈ હરસોડા

**માર્કેટ સમિતિ :**
- શ્રી પરેશભાઈ પીપળીયા
- શ્રી સોફીયાબેન દલ
- શ્રી ડૉ. દર્શિતાબેન શાહ
- શ્રી રાજુભાઈ અઘેરા
- શ્રી ગાયત્રીબેન ભટ્ટ

**હાઉસિંગ ઈમ્પ્રુવ્મેન્ટ અને કલીયરન્સ સમિતિ:**
- શ્રી જયાબેન ડાંગર
- શ્રી સજુબેન કળોતરા
- શ્રી અશ્વિનભાઈ ભોરણીયા
- શ્રી રાજુભાઈ અઘેરા
- શ્રી મનસુખભાઈ કાલરિયા

**પ્લાનિંગ સમિતિ :**
- શ્રી અનિતાબેન ગોસ્વામી
- શ્રી દુર્ગાબા જાડેજા
- શ્રી શિલ્પાબેન જાવિયા
- શ્રી કિરણબેન સોરઠીયા
- શ્રી જયંતીભાઈ બુટાણી

**ડ્રેનેજ સમિતિ :**
- શ્રી જયોત્સનાબેન ટીલાળા
- શ્રી હિરલબેન મેહતા
- શ્રી મીનાબેન પારેખ
- શ્રી ડૉ. દર્શિતાબેન શાહ
- શ્રી જયાબેન ટાંક

**બાગ બગીચા અને ઝૂ સમિતિ :**
- શ્રી વિજયાબેન વાછાણી
- શ્રી સજુબેન કળોતરા
- શ્રી મીનાબેન પારેખ
- શ્રી સોફીયાબેન દલ
- શ્રી માસુબેન હેરભા

**શીશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક સમિતિ :**
- શ્રી રૂપાબેન શીલુ
- શ્રી દક્ષાબેન ભેસાણીયા
- શ્રી મીનાબેન પારેખ
- શ્રી સોફીયાબેન દલ
- શ્રી ગીતાબેન પુરબીયા

**માધ્યમિક શિક્ષણ અને આનુષાંગિક શિક્ષણ સમિતિ :**
- શ્રી અંજનાબેન મોરઝરીયા
- શ્રી દક્ષાબેન ભેસાણીયા
- શ્રી હિરલબેન મહેતા
- શ્રી દુર્ગાબા જાડેજા
- શ્રી સ્નેહાબેન દવે

**એસ્ટેટ મેનેજમેન્ટ સમિતિ :**
- શ્રી પ્રીતિબેન પનારા
- શ્રી સજુબેન કળોતરા
- શ્રી રાજુભાઈ અઘેરા
- શ્રી કિરણબેન સોરઠીયા
- શ્રી પારૂલબેન ડેર



માત્ર આંતરિક વિતરણ માટે